અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

05 MAY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 302 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  કંગના રનૌત રાહુલ ગાંધી સાથે કરશે લગ્ન! : સોશિયલ મીડિયા પર પોસ્ટ વાઈરલ, મીમ્સ પેજની મસ્તી પર કંગનાનો પારો સાતમા આસમાને

4  જે તમારી હાજરીમાં ટીકા કરે એ દુશ્મન નથી,શુભેચ્છક છે દુશ્મન તો પીઠ પાછળ વાત કરે. સામે કહેનાર તમને તક આપે છે

6  ફિલ્મ 'વારાણસી'ના મેકર્સની વધી મુશ્કેલીઓ : શૂટિંગ માટે 150 પાણીના ટેન્કર આપવાનો પાણી પુરવઠા વિભાગનો ઈનકાર

7  સોનું ₹2000 સસ્તું, 10 ગ્રામની કિંમત ₹1.48 લાખ : એક કિલો ચાંદી ₹4 હજાર વધીને ₹2.44 લાખ પર પહોંચી


## બંગાળ-આસામ, પુડુચેરીમાં ભાજપની જીત પર દિલ્હીમાં જશ્ન

### દરેક પ્રકારના પડકારોનો સામનો કર્યો છે અને અમારા વિકાસ એજન્ડાને લોકો સુધી પહોંચાડ્યો છે

**નવી દિલ્હી, તા.04**

ભાજપનું 5 રાજ્યોમાંથી 3 (પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરી) માં સરકાર બનાવવાનું નિશ્ચિત છે. કેરળમાં કોંગ્રેસ અને તમિલનાડુમાં અભિનેતા વિજયની TVK સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી થોડીવારમાં દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલય પહોંચશે અને કાર્યકર્તાઓને સંબોધિત કરશે. પાર્ટી અધ્યક્ષ નિતીન નબીન અને ગૃહ મંત્રી અમિત શાહ પાર્ટી મુખ્યાલય પહોંચી ચૂક્યા છે.





આ પહેલા PM મોદીએ પોસ્ટમાં લખ્યું- ભાજપની પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક જીત અગણિત કાર્યકર્તાઓના પેઢીઓથી કરાયેલા પ્રયાસો અને સંઘર્ષો વિના શક્ય ન હોત. હું તે બધાને નમન કરું છું. વર્ષોથી તેમણે જમીની સ્તરે સખત મહેનત કરી છે, દરેક પ્રકારના પડકારોનો સામનો કર્યો છે અને અમારા વિકાસ એજન્ડાને લોકો સુધી પહોંચાડ્યો છે. તેઓ જ અમારી પાર્ટીની અસલી તાકાત છે. મોદીએ ગયા વર્ષે 14 નવેમ્બરે બિહારમાં જીત બાદ કહ્યું હતું કે ગંગાજી બિહારથી વહેતા બંગાળ જાય છે. બિહારે બંગાળમાં ભાજપની વિજયનો રસ્તો બનાવી દીધો છે.

રાજનાથ સિંહ પાર્ટી મુખ્યાલય પહોંચ્યા

રક્ષા મંત્રી રાજનાથ સિંહ પાર્ટી મુખ્યાલય પહોંચી ગયા છે. PM મોદી 7 વાગ્યા સુધીમાં આવે તેવી અપેક્ષા છે.

PM મોદીનું ટ્વીટ- આસામે અમને ફરી પ્રેમ આપ્યો

PM મોદીએ ટ્વીટ કર્યું- અસમે ફરી એકવાર ભાજપ-એનડીએ પર પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આસામ વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધનની જીત દર્શાવે છે કે વિકાસ અને લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા પર અમારા ધ્યાન કેન્દ્રિત કરવાને જનતાનો અતૂટ સમર્થન મળ્યું છે. હું આ વિશ્વાસ અને સમર્થન માટે આસામના મારા ભાઈઓ અને બહેનોનો આભાર માનું છું.

બંગાળ જીતનો શ્રેય મોદીએ કાર્યકર્તાઓને આપ્યો

પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું- ભાજપની પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક જીત અગણિત કાર્યકર્તાઓના પેઢીઓથી કરાયેલા પ્રયાસો અને સંઘર્ષો વિના શક્ય ન હોત. હું તે બધાને નમન કરું છું. વર્ષોથી તેમણે જમીની સ્તર પર સખત મહેનત કરી છે, દરેક પ્રકારના પડકારોનો સામનો કર્યો છે અને અમારા વિકાસના એજન્ડાને લોકો સુધી પહોંચાડ્યો છે. તેઓ જ અમારી પાર્ટીની સાચી તાકાત છે.

અમિત શાહ પાર્ટી મુખ્યાલય પહોંચ્યા, ગૃહમંત્રી અમિત શાહ પાર્ટી મુખ્યાલય પહોંચી ગયા છે. થોડીવાર પછી પીએમ મોદી પહોંચશે. ત્યારબાદ જીતની ઉજવણી શરૂ થશે.

## તમિલનાડુમાં વિજયની પાર્ટી TVK બહુમતીની નજીક : CM સ્ટાલિન 8000 મતોથી હાર્યા

**આસામ, તા.04**

આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી વિધાનસભા બેઠકો પર મત ગણતરી ચાલુ છે. તાજા વલણો મુજબ, તમિલનાડુમાં મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. 2 વર્ષ જૂની એક્ટર વિજયની પાર્ટી TVK નંબર વન બની ગઈ છે. TVK 105 બેઠકો પર આગળ ચાલી રહી છે. TVKને સરકાર બનાવવા માટે 118 બેઠકો સાથે બહુમતી મેળવવી પડશે. અભિનેતા વિજયના પિતા ચંદ્રશેખરે કહ્યું છે કે વિજય કોંગ્રેસ સાથે ગઠબંધન કરી શકે છે. બીજી તરફ, કેરળમાં 10 વર્ષ પછી UDF સરકારની વાપસી થઈ રહી છે. કોંગ્રેસ 11 બેઠકો પર આગળ ચાલી રહી છે, જ્યારે 55 બેઠકો પર જીત મેળવી ચૂકી છે. તમિલનાડુમાં DMK બીજા નંબરે: 34 બેઠકો પર પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. TVK એ 21 અને DMK+ એ 9 બેઠકો પર જીત મેળવી છે. CM સ્ટાલિન કોલાથુર બેઠક પર પાછળ છે. કેરળમાં UDF આગળ: 124 બેઠકો પર પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. કોંગ્રેસે 56 બેઠકો પર, CPI-M એ 24 અને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગે 18 બેઠકો પર જીત મેળવી છે. આસામમાં ફરી હિમંતા સરકાર: 55 બેઠકોના



પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ભાજપે અત્યાર સુધીમાં 44 બેઠકો અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ 6, AGP 3 અને AIUDFએ 1 બેઠક જીતી છે. પુડુચેરીમાં ભાજપ સરકાર: 22 બેઠકોના પરિણામો આવી ગયા છે. CM રંગાસ્વામીની પાર્ટી 9 બેઠકો જીતી ચૂકી છે. ભાજપ, DMK અને TVKએ બે-બે બેઠક જીતી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 5 રાજ્યોના પરિણામો પછી ઉજવણીમાં સામેલ થવા માટે સાંજે લગભગ 7 વાગ્યે ભાજપના મુખ્યાલય પહોંચશે અને પાર્ટી કાર્યકર્તાઓને પણ સંબોધિત કરશે.

11 રાજ્યોમાં ભાજપ બહુમતીમાં, 12 રાજ્યોમાં સરકારમાં સામેલ

મતગણતરીના વલણો અને પરિણામો ભાસ્કર એપ પર Live ટેલીમાં જોઈ શકો છો, 4 રાજ્યોના ચૂંટણી પરિણામો સંબંધિત પળેપળની અપડેટ્સ માટે નીચેના બ્લોગમાંથી પસાર થાઓ

PM મોદીએ આસામમાં NDAની જીત બદલ અભિનંદન પાઠવ્યા

PM મોદીએ X પર એક પોસ્ટ કરી. જેમાં તેમણે આસામમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા. PMએ લખ્યું- આસામ વિધાનસભા ચૂંટણીમાં BJP-NDAની જીત દર્શાવે છે કે અમારા ગઠબંધનનો વિકાસ પર ભાર અને લોકોના જીવનમાં સારો બદલાવ લાવવા માટે જે સમર્થન છે, તેને સંપૂર્ણ સમર્થન મળ્યું છે. હું આસામના મારા ભાઈઓ અને બહેનોને આ જબરદસ્ત જનાદેશ માટે આભાર માનું છું. હું તેમને એ પણ ખાતરી આપું છું કે અમે રાજ્યમાં બદલાવ લાવવા માટે કામ કરતા રહીશું. આસામના CM બોલ્યા- બંગાળની જીત ભારતની જીત છે.

## 'સુરત SBIમાં લૂંટ સમયે બેંકમાં એકપણ સિક્યુરિટી ગાર્ડ નહોતો' : SBI સ્ટાફ ફેડરેશનના પ્રમુખનો ચોંકાવનારો ખુલાસો

**સુરત, તા.04**

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી SBI બેંકમાં થયેલી લાખો રૂપિયાની દિલધડક લૂંટનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે બે આરોપીઓને UPથી દબોચી લીધા છે. તો બીજી તરફ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશનના પ્રમુખ દ્વારા લૂંટને લઈ ચોંકાવનારો ખુલાસો કરાયો છે. વરાછામાં આવેલી બેંકની શાખામાં જ્યારે લૂંટારુઓ ત્રાટક્યા ત્યારે કેસ લઈને આવેલી એજન્સીના કે બેંકના કોઈપણ ગાર્ડ હાજર ન હોવાનો સ્વીકાર કર્યો છે. બેંકમાં કર્મચારીઓની સુરક્ષા સહિતના પ્રશ્ને SBIના કર્મચારીઓ દ્વારા આગામી 25 અને 26 મેએ દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે.

ફેડરેશનના પ્રમુખે સ્વીકાર્યું- 'બ્રાન્ચમાં ગાર્ડની ગેરહાજરી મોટી ચૂક હતી'



સુરતની જે બ્રાન્ચમાં લૂંટ થઈ ત્યાંની સ્થિતિ અત્યંત દયનીય હતી. બેંકમાં કરોડોની કેશ, ગોલ્ડ લોન અને ATM હોવા છતાં કોઈ કાયમી સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવામાં આવ્યો ન હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશનના પ્રેસિડેન્ટ પંકજ કૌશિકે જણાવ્યું હતું કે, 'બ્રાન્ચમાં ગાર્ડનું ન હોવું એ સૌથી મોટી ચૂક હતી. લૂંટારુઓ સુનિયોજિત રીતે આવ્યા હતા કારણ કે તેમને ખબર હતી કે અહીં સુરક્ષા વ્યવસ્થા નબળી છે.' ખાનગી એજન્સી દ્વારા કેશ લાવવામાં આવે છે, પરંતુ તેમના ગાર્ડ પણ બેંકની બહાર જ ઉભા રહે છે, અંદર સુરક્ષા આપતા નથી, જેના કારણે કર્મચારીઓ અને ગ્રાહકોના જીવ જોખમમાં મુકાયા છે. ઘટના અંગે વિગતો આપતા પંકજ કૌશિકે કહ્યું કે, 'લૂંટારુઓ હથિયારો સાથે જે રીતે ઘૂસ્યા હતા, તે જોતા કંઈ પણ અઘટિત બની શક્યું હોત. તે સમયે સ્ટાફના સભ્યોએ અત્યંત હિંમત બતાવી હતી. લૂંટારુઓએ સ્ટાફને એલાર્મ વગાડવાની તક પણ આપી નહોતી, છતાં સ્ટાફે ગ્રાહકોની રક્ષા કરી. અમે છેલ્લા બે વર્ષથી મેનેજમેન્ટ સાથે આ બાબતે ચર્ચા કરી રહ્યા છીએ, પરંતુ જ્યારે લોકો ડરવા લાગ્યા અને કામ કરવું મુશ્કેલ બન્યું ત્યારે અમારે હડતાલનું શસ્ત્ર ઉગામવું પડ્યું છે.'

## SCએ ટ્રાન્સજેન્ડર એક્ટ સુધારા પર કેન્દ્ર-રાજ્યોને નોટિસ આપી: 'સેલ્ફ આઈડેન્ટિફિકેશન' ખતમ કરવાનો આરોપ,

**નવી દિલ્હી, તા.04**

સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડર વ્યક્તિ (અધિકારોનું સંરક્ષણ) સુધારા અધિનિયમ, 2026ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ જારી કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે આ મામલે છ સપ્તાહની અંદર જવાબ માંગ્યો છે. હવે આ મામલાની સુનાવણી ત્રણ જજોની બેન્ચ કરશે. સુનાવણીની શરૂઆતમાં અરજદારો વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ ડો. અભિષેક મનુ સિંઘવીએ સુધારા પર સખત વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે આ સુધારો ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ પાસેથી 'સેલ્ફ આઈડેન્ટિફિકેશન' (પોતાની ઓળખ જાતે નક્કી કરવાનો) અધિકાર છીનવી લે છે. સિંઘવીએ દલીલ કરી કે આ 2014ના ઐતિહાસિક NALSA જજમેન્ટની વિરુદ્ધ છે, જેમાં સુપ્રીમ કોર્ટે પોતાની જાતીય ઓળખ પસંદ કરવાને મૂળભૂત અધિકાર જાહેર કર્યો હતો. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્યકાંતે 'સેલ્ફ આઈડેન્ટિફિકેશન'ના અધિકારને લઈને કેટલીક ચિંતાઓ વ્યક્ત કરી. તેમણે પૂછ્યું, 'શું આનાથી કોઈ ખતરો ઊભો થતો નથી? શું એવા લોકો ન હોઈ શકે જેઓ ટ્રાન્સજેન્ડર હોવાનો ઢોંગ કરે જેથી તેમને આ સમુદાય માટે નિર્ધારિત આરક્ષણ અથવા વિશેષાધિકારોનો લાભ મળી શકે?' આના પર સિંઘવીએ જવાબ આપ્યો કે તેમની જાણકારી અનુસાર ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે હાલમાં કોઈ આરક્ષણ લાગુ નથી, તેથી ખોટા ઉપયોગની સંભાવના નથી.

## પોરબંદરના ગોસાબારા RDX લેન્ડિંગ કેસમાં મમુમિંયાને સજા, 12 દોષિતને 5થી 7 વર્ષની કેદ

**જામનગર, તા.04**

મુંબઈના 1993ના શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ સાથે જોડાયેલા અને દેશને હચમચાવી દેનારા ગોસાબારા હથિયાર લેન્ડિંગ કેસમાં જામનગરની સ્પેશિયલ ટાડા અદાલતે 33 વર્ષ બાદ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કુખ્યાત ડોન દાઉદ ઈબ્રાહીમના ઈશારે બાબરી ધ્વંશનો બદલો લેવા રચાયેલા આ આતંકી કાવતરામાં અદાલતે 12 આરોપીઓને દોષિત જાહેર કરી સજા ફટકારી છે. સ્પેશિયલ જજ આર.પી. મોગેરાએ 10 દોષિતોને 5 વર્ષની કેદ અને 5,000 રૂપિયાનો દંડ, જ્યારે અન્ય 2 દોષિતોને 7 વર્ષની સખત કેદ અને 8,000 રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે દાઉદ ઈબ્રાહિમ સહિત 15 આરોપીઓને ભાગેડુ જાહેર કર્યા છે.

ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટો હથિયાર લેન્ડિંગ કેસ

6 ડિસેમ્બર 1992ના રોજ થયેલા બાબરી ધ્વંશનો બદલો લેવા અને દેશભરમાં કોમી રમખાણો ભડકાવવાના હેતુથી દાઉદ ઈબ્રાહીમે દુબઈમાં આ ભયાનક યોજના ઘડી હતી. મુસ્તુફા ડોસા ઉર્ફે મુસ્તુફા મજનુની માલિકીની 'સદા અલ બહાર' લોંચ મારફતે કરાંચીથી હથિયારોનો મોટો જથ્થો રવાના કરાયો હતો. આ તપાસમાં ખુલાસો થયો હતો કે પાકિસ્તાની મરીન સિક્યોરિટી અને સેનાના અધિકારીઓએ આ ઓપરેશનમાં સીધી મદદ કરી હતી. આર.ડી.એક્સ., 150 આધુનિક હથિયારો, હેન્ડ ગ્રેનેડ અને રાઈફલોનો જથ્થો મધદરિયે 'બિસ્મીલાહ' નામની લોંચમાં શિફ્ટ કરી પોરબંદરના ગોસાબારા બંદર પર ઉતારવામાં આવ્યો હતો. ત્યાંથી આ હથિયારો ટ્રકો મારફતે સુરત, વલસાડ અને ઉત્તર પ્રદેશ મોકલવામાં આવ્યા હતા.

લાંબી કાનૂની લડત અને તપાસ

1993થી શરૂ થયેલી આ તપાસ 2018 સુધી અવિરત ચાલી હતી. આ દરમિયાન પોલીસ અને તપાસ એજન્સીઓએ કુલ 46 આરોપીઓની ધરપકડ કરી હતી. નિવૃત્ત આઈ.પી.એસ. પી.કે. ઝા, સતીષ વર્મા અને હાલ સી.બી.આઈ.ના સ્પેશિયલ ડાયરેક્ટર મનોજ શશીધર જેવા અધિકારીઓએ તપાસનું નેતૃત્વ કર્યું હતું. જોકે, દાઉદ ઈબ્રાહીમ, ટાઈગર મેમણ અને અનીશ ઈબ્રાહીમ સહિતના 15 મુખ્ય સૂત્રધારો હજુ પણ ફરાર છે, જેમને અદાલતે ભાગેડુ જાહેર કર્યા છે.

## UPમાં ભાજપના કાર્યકરોની ઝાલમુરી ખવડાવી ઉજવણી : કાશીના ધારાસભ્યએ ગુલદસ્તાને બદલે ઝાલમુરી આપી

**વારાણસી, તા.04**

પશ્ચિમ બંગાળની 293 બેઠકો પર મતોની ગણતરી ચાલુ છે. શરૂઆતી વલણોમાં ભાજપને બહુમતી મળી છે. આ જોતા યુપીમાં ભાજપના કાર્યકરોએ ઉજવણી શરૂ કરી દીધી છે. વારાણસી, આગ્રા અને ઝાંસીમાં ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડ્યા અને ડાન્સ કર્યો.

કાશીમાં ભાજપના કાર્યકરોએ "હર-હર મોદી, ઘર-ઘર મોદી" અને મમતા બેનર્જી મુર્દાબાદના નારા લગાવ્યા. ગંગા ઘાટો પર નાવિક સમાજના લોકોએ એકબીજાને ગુલાલ લગાવ્યો. બંગાળી સમાજ સાથે જોડાયેલી ભાજપની મહિલા કાર્યકર્તાએ શંખનાદ કર્યો. ગંગાની આરતી પણ કરી. ભાજપ કાર્યકર્તા રીનાએ કહ્યું- બંગાળમાં મમતા દીદીના શાસનકાળમાં ખૂબ અત્યાચાર થયો છે. વારાણસીના ધારાસભ્ય સૌરભ શ્રીવાસ્તવે બંગાળ ચૂંટણીના પ્રભારી સુનીલ બંસલને ગુલદસ્તાને બદલે ઝાલમુરી આપી. ખરેખરમાં, પીએમ મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ઝાલમુરી ખાધી હતી. ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ અખિલેશ યાદવ પર પ્રહાર કર્યા. વારાણસીમાં, ભાજપ પછાત વર્ગ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ અનૂપ જયસ્વાલના નેતૃત્વમાં સેંકડો કાર્યકરો પોતાનો આનંદ વ્યક્ત કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઉજવણી દરમિયાન, કાર્યકરોએ ફટાકડા ફોડ્યા અને એકબીજાને મીઠાઈઓ વહેંચી. ઉજવણી દરમિયાન, કાર્યકરોએ પીએમ મોદીના કટઆઉટને મીઠાઈઓ ખવડાવીને આનંદ વ્યક્ત કરતા ઉજવણી કરી હતી. વારાણસીમાં ભાજપ કાર્યકર રીનાએ કહ્યું, અમે બધી મહિલાઓ અહીં એકઠી થઈને શંખનાદ કરી રહી છે. અમે પહેલાથી જ વિજયની ઉજવણી કરી રહ્યા છીએ કારણ કે અમને વિશ્વાસ છે કે આ વખતે બંગાળમાં પરિવર્તન આવશે.

તેમણે કહ્યું, 'મમતા દીદીએ બંગાળ પર ખૂબ લાંબા સમય સુધી શાસન કર્યું છે, અને તેમના કાર્યકાળ દરમિયાન ઘણા અત્યાચારો થયા છે. જનતા હવે કંટાળી ગઈ છે. તેથી જ અમે, 24 મહિલાઓ, માતા ગંગાની આરતી કરવા અને શંખ વગાડવા, વિજય માટે પ્રાર્થના કરવા માટે ભેગા થયા હતા.




# ધો-12 સાયન્સનું 84.33% ને સા.પ્રવાહનું 92.71% રિઝલ્ટ

## વિદ્યાર્થિનીઓએ બાજી મારી, ફિઝિક્સ અને આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ સ્ટુડન્ટ ફેલ

**અમદાવાદ, તા.04**

ધો-12 સાયન્સનું 84.33% અને સામાન્ય પ્રવાહનું 92.71% રિઝલ્ટ જાહેર થયું હતું. 2026ની પરીક્ષામાં ધોરણ 12 સાયન્સના 1,19,263 અને સામાન્ય પ્રવાહના 5,01,286 એમ કુલ 6.20 લાખ પરીક્ષાર્થી હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષા રાજ્યના કુલ 156 કેન્દ્રો પર યોજાઈ હતી. ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું હતું. 1 લાખ 32 હજાર પૈકી 99 પર્સેન્ટાઈલ સાથે 1459 વિદ્યાર્થીઓ પાસ થયા હતા. A ગ્રુપમાં 695 વિદ્યાર્થી, B ગ્રુપમાં 764 વિદ્યાર્થી અને 98 પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ 1233 અને B ગ્રુપમાં 1563 વિદ્યાર્થી પાસ થયા હતા. આ રિઝલ્ટમાં વિદ્યાર્થિનીઓએ બાજી મારી છે. 12 સાયન્સમાં 84.65% વિદ્યાર્થિની પાસ થઈ છે. તો 12 સામાન્ય પ્રવાહમાં 95.41% વિદ્યાર્થિની પાસ થઈ છે. જ્યારે વિદ્યાર્થીઓ અનુક્રમે 84.04% અને 90.10% પાસ થયા છે. 12 સાયન્સમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ફિઝિક્સમાં ફેલ થયા છે તથા સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ સ્ટુડન્ટ ફેલ થયા છે.

ચાર મુખ્ય વિષયમાંથી ફિઝિક્સમાં સૌથી વધુ વિદ્યાર્થી ફેલ

12 સાયન્સના 4 મુખ્ય વિષયમાં સૌથી વધુ પરિણામ મેથ્સનું 92.76 ટકા આવ્યું છે. જ્યારે 88.91 ટકા સાથે બાયોલોજી બીજા નંબરે તો 85.94 ટકા સાથે કેમિસ્ટ્રી ત્રીજા અને 85.27 ટકા પરિણામ સાથે ફિઝિક્સ ચોથા ક્રમે છે.

12 કોમર્સમાં આંકડાશાસ્ત્રમાં સૌથી વધુ વિદ્યાર્થી ફેલ

ધોરણ 12 કોમર્સના મુખ્ય ચાર વિષયમાં સૌથી વધુ અર્થશાસ્ત્રનું 98.24 ટકા, વાણિજ્ય વ્યવસ્થા 97.10 ટકા રિઝલ્ટ સાથે બીજા નંબર પર છે. 95.32 ટકા રિઝલ્ટ સાથે એકાઉન્ટ ત્રીજા અને 93.40 ટકા પરિણામ સાથે આંકડાશાસ્ત્ર ચોથા ક્રમે છે.

ધોરણ-12 સામાન્ય પ્રવાહનું રિઝલ્ટ

ધોરણ 12 સાયન્સમાં સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાના કુંભારિયા કેન્દ્રનું 98.62% આવ્યું હતું. જ્યારે સૌથી ઓછું પરિણામ દાહોદના લીમડીનું 42.98% આવ્યું હતું. સૌથી વધુ 94.85% પરિણામ મોરબી જિલ્લાનું આવ્યું હતું, તો સૌથી ઓછું 57.44% પરિણામ દાહોદ જિલ્લાનું આવ્યું હતું. 209 સ્કૂલનું 100% પરિણામ આવ્યું હતું. 22 સ્કૂલનું 10% કરતા પણ ઓછું પરિણામ આવ્યું હતું. ગુજરાતી મીડિયમનું 84.32% અને અંગ્રેજી મીડિયમનું 85.13% રિઝલ્ટ આવ્યું હતું. A ગ્રુપનું 90.79%, B ગ્રુપનું 79.87% અને AB ગ્રુપનું 69.44% રિઝલ્ટ આવ્યું હતું. 1,576 વિદ્યાર્થી A1 અને 11,756 વિદ્યાર્થીઓને A2 ગ્રેડ મળ્યો હતો.

ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ પરિણામ 100% ચાર કેન્દ્રમાં આવ્યું છે. જેમાં



બનાસકાંઠાના તડાવ, બોટાદનું કોટડા, નવસારીનું કાંગવાઈ અને ગીર સોમનાથના પ્રશ્નાવાડા કેન્દ્રનો સમાવેશ થાય છે. જ્યારે સૌથી ઓછું પરિણામ દાહોદના કારઠ કેન્દ્રનું 64.88% આવ્યું હતું. સૌથી વધુ 97.88% પરિણામ ડાંગ જિલ્લાનું આવ્યું હતું, તો સૌથી ઓછું 87.10% પરિણામ અમદાવાદ શહેરનું આવ્યું હતું. 2030 સ્કૂલનું 100% પરિણામ આવ્યું હતું. 13 સ્કૂલનું 10% કરતા પણ ઓછું પરિણામ આવ્યું હતું.

સુરતની નંદિનીએ રચી હિસ્ટ્રી, ગુજરાતમાં ટોપ કર્યું

સુરતની આશાદીપ સ્કૂલે ધોરણ 12 સાયન્સના પરિણામોમાં ફરી એકવાર મેદાન માર્યું છે, જેમાં નંદિની કિશોરભાઈ છોટાળાએ સમગ્ર ગુજરાતમાં ડંકો વગાડ્યો છે. બેંકમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા પિતાની પુત્રી નંદિનીએ અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં, ભાડાના રૂમમાં રહીને 500માંથી 479 માર્ક્સ (95.80 ટકા) મેળવી આશાદીપ સ્કૂલનું નામ રોશન કર્યું છે. નંદિનીની વિદ્વતાનો અંદાજ તેના વિષયવાર ગુણ પરથી લગાવી શકાય છે, જેમાં તેણે ગણિતમાં 100માંથી 100, કેમેસ્ટ્રીમાં 99 અને ફિઝિક્સમાં 97 ગુણ પ્રાપ્ત કર્યા છે, જ્યારે ગુજકેટમાં પણ 120માંથી 118.75 માર્કસ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

હાઈએસ્ટ પરિણામ 686નો રેકોર્ડ આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલે બ્રેક કર્યો: સંચાલક

સુરતમાં આશાદીપ શાળાના સંચાલક મહેશભાઈ રામાણીએ જણાવ્યું હતું કે,કોમર્સની વાત કરવા જઉં તો અત્યાર સુધીનું જે હાઈએસ્ટ પરિણામ હતું 686 એનો રેકોર્ડ આજે બ્રેક આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલે કર્યો છે. અને લોટ્સ ઓફ વિદ્યાર્થી હજી કાઉન્ટિંગ ચાલુ છે. તો અત્યાર સુધીના સૌથી હાઈએસ્ટ A1 ગ્રેડ પણ આજે કોમર્સમાં મેળવ્યા છે અને અત્યાર સુધી હાઈએસ્ટ ટકાવારી પણ મેળવી છે. સાયન્સની વાત કરવા જઉં તો એમાં પણ ગુજરાતમાં ટોપ પરિણામ મેળવ્યું છે. બે વિદ્યાર્થી ગુજરાત ટોપમાં પણ સંભવિત છે. એમાં સ્પેશિયલી કહી શકાય કે એજ્યુકેશન સોસાયટીએ આપ્યા છે. તૈયારીની વાત કરવા જઉં તો આશાદીપ પહેલેથી ટીમ વર્કમાં જ માને છે અને ટીમ વર્કને કારણે જ આ પરિણામ આવે છે. વિદ્યાર્થીઓ એટલી હાર્ડ વર્ક કરે છે, શિક્ષકો પણ એટલી મહેનત કરાવે છે, શાળાનું મેનેજમેન્ટ પણ એટલું સપોર્ટમાં હોય છે અને પેરેન્ટ્સનો પણ સપોર્ટ હોય છે. આ ચારેયના સંગમને કારણે આ પરિણામ શક્ય બને છે.

સફળતાનો શ્રેય માતા-પિતા અને શાળાનાં શિક્ષકોને આપું છું: વૈશ્વી

રાજકોટની મોદી સ્કૂલમાં અભ્યાસ કરતી વૈશ્વી ગુપ્તાએ ધોરણ 12માં 99.96 પરસેન્ટાઈલ મેળવ્યા છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેણીએ જણાવ્યું હતું કે, મારી આ સફળતાનો શ્રેય હું મારા માતા પિતા અને શાળાનાં શિક્ષકોને આપું છું. તેમની મદદથી જ મને આ સફળતા મળી છે. મેં ધોરણ 12ની શરૂઆતથી જ ખૂબ મહેનત કરી હતી અને સતત મહેનતને કારણે જ આ સિદ્ધિ હાંસિલ કરી છે. સતત અને નિયમિત મહેનતે સફળતાનું રહસ્ય હોવાનું પણ તેણીએ કહ્યું હતું.

સુરતની શાળામાં ફટાકડા ફોડીને ઉજવણી

વડોદરા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 85.55% આવ્યું

વડોદરા જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ગત વર્ષે 82.20થી વધીને 85.55% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષે 87.77થી વધીને 88.11 ટકા જાહેર કરવામાં આવ્યું છે.

ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર

ધોરણ 12 સાથે ગુજકેટનું રિઝલ્ટ પણ જાહેર કરાયું છે. 1 લાખ 32 હજાર પૈકી 99 પર્સેન્ટાઈલ સાથે 1459 વિદ્યાર્થીઓ પાસ થયા છે. A ગ્રુપમાં 695 વિદ્યાર્થી, B ગ્રુપમાં 764 વિદ્યાર્થી અને 98 પર્સેન્ટાઈલ સાથે A ગ્રુપના કુલ 1233 અને B ગ્રુપમાં 1563 વિદ્યાર્થી પાસ થયા છે.

રાજકોટ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 1% વધીને 93.36%

આજે ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ એક સાથે જાહેર કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 1% જેટલું વધીને 93.36% આવ્યું છે જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષ જેટલું જ એટલે કે 93.69% જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં A1 ગ્રેડ 1184 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 3669 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે. તેમજ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં A1 ગ્રેડ 199 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 1444 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે.

રાજકોટ જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં કુલ 7678 વિદ્યાર્થીઓએ નોંધાયા હતા. જેમાંથી 7671 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. અને રાજકોટ જિલ્લામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં કુલ 23683 વિદ્યાર્થીઓએ નોંધાયા હતા જેમાંથી 23619 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

રાજકોટની શ્રેયાને 99.99 PR આવતા દાદાને હરખના આંસુ આવ્યા

ધોરણ 12 સામાન્ય પ્રવાહની વિદ્યાર્થિની શ્રેયા ભીમજીયાણીએ જણાવ્યું હતું કે, મારે ધોરણ 12 કોમર્સમાં 99.99 PR આવ્યા છે. 687 માર્ક આવ્યા છે. જેમાં ચાર વિષયમાં 100માંથી 100 માર્ક્સ આવ્યા છે. આ તમામ શ્રેય પરિવાર અને ટીચર્સને જાય છે કારણ કે તે તમામ લોકોએ ખૂબ જ મહેનત કરેલી છે. ડેઈલી ટુ ડેઈલી વર્ક કરવાનું અને જ્યારે રીડિંગ હોય ત્યારે ફૂલ રીડીંગ કરવાનું. મારા પરિવારમાં હું એવી પ્રથમ છું કે જેને 99.99 PR આવ્યા છે જેથી પરિવારના લોકો ખૂબ જ ખુશ છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું સ્વપ્ન છે. વિદ્યાર્થિની શ્રેયાનું આટલું સારું પરિણામ આવતા તેમના દાદા ઈશ્વરભાઈ રડી પડ્યા હતા. તેમણે જણાવ્યું કે આશા ન્હોતી એટલું સારું પરિણામ આવ્યું છે. શ્રેયા 16થી 17 કલાક વાંચન કરતી. આગળ CA બનવાની તેમની ઈચ્છા છે.

વડોદરાના વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ

વડોદરામાં કોમર્સની વિદ્યાર્થિની હર્ષિતા પહેલવાનીએ જણાવ્યું હતું કે, મેં 99.91 PR પર્સેન્ટાઈલ મેળવ્યા છે. મને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. મારે સ્ટેટિસ્ટિક્સમાં 100માંથી 100 ગુણ આવ્યા છે

# કમલમમાં ઝાલમુરી ઝાપટીને ભાજપ નેતાઓની ઉજવણી

## અમદાવાદના CG રોડના ફેમસ બંગાળી ઝાલમુરીવાળાએ મોજ કરાવી

### બંગાળના લોકોને જંગલરાજમાંથી મુકિત મળી- હર્ષ સંઘવી, 'ભવ્ય જીત બદલ PM નરેન્દ્ર મોદીનો આભાર માનું છું'

**સુરત, તા.04**

પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામોમાં ભાજપ જીત તરફ જણાતા ગુજરાતના પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના નેતાઓએ પશ્ચિમ બંગાળની પ્રખ્યાત વાનગી ઝાલમુરી ઝાપટીને અનોખી રીતે જીતની ઉજવણી કરી છે. વડોદરામાં યુવાનોએ મમતાના ફોટાને પગથી કચડ્યા હતાં. અમદાવાદના સીજી રોડ પરના ફેમસ કોલકાતા ચાટ નામના ઝાલમુરી બનાવનાર વ્યક્તિને ગાંધીનગર કમલમ ખાતે બોલાવવામાં આવ્યો હતો. રાજ્યના CM ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ઝાલમુરી ખાધી હતી..

જીતની ખુશીમાં વિશ્વકર્માએ કહ્યું- રવિન્દ્રનાથ ટાગોરે વંદે માતરમ ગીતની રચના કરી

જ્યારે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્માએ જીતની ખુશીમાં ઝીભ લપશીને ભાંગરો વાટતા કહ્યું કે, રવિન્દ્રનાથ ટાગોરે વંદે માતરમ ગીતની રચના કરી હતી. ઉલ્લેખનીય છે કે, ભારતના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ના રચયિતા પ્રખ્યાત બંગાળી લેખક અને કવિ બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય (ચેટર્જી)છે. તેને આ ગીત 1870ના દાયકામાં રચ્યું હતું અને તે મૂળરૂપે 1882માં તેમની પ્રસિદ્ધ નવલકથા 'આનંદમઠ'માં પ્રકાશિત થયું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્મા અને હર્ષ સંઘવીએ ઉજવણી કરી. સુરતમાં ફટાકડા ફોડીને ઉજવણી કરી.

'વિજયનો શ્રેય બંગાળની જનતા અને માતા બહેનોનો છે' - જગદીશ વિશ્વકર્મા

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આજે પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક પરિણામ બદલ ત્યાંની જનતાનો આભાર માનું છું. બંગાળની જનતા અને કાર્યકર્તાઓની જીત છે. દેશની 140 કરોડ જનતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કામ કરી રહ્યા ત્યારે આ વિજય થયો છે. પશ્ચિમ બંગાળની માતૃ શક્તિનો વિજય થયો છે. વડાપ્રધાન મોદીએ આખા દેશમાં વંદેમાતરમ ગવાય તેની નેમ ઉપાડી અને લોકોએ તેને પહોંચાડ્યું છે. આ વિજયનો શ્રેય બંગાળની જનતા અને માતા બહેનોનો છે. ગુજરાતમાં પેટા ચૂંટણીમાં ઉમરેઠમાં પણ ભાજપમાં વિજય થયો છે.

'ભવ્ય જીત બદલ PM નરેન્દ્ર મોદીનો આભાર માનું છું'

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પશ્ચિમ બંગાળમાં ભાજપની ભવ્ય જીતને લઈને જણાવ્યું હતું કે, દેશની જ્યાં સૌથી વધુ નજર હતી એવા પશ્ચિમ બંગાળમાં ભાજપની ભવ્ય જીત બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું. વિકાસની રાજનીતિ અને વિકસિત ભારતનો સંકલ્પ ખૂબ સારી રીતે આગળ વધી રહ્યો છે. ભાજપનો કાર્યકર્તા દરેક ચૂંટણીમાં મહેનત કરે છે ત્યારે દરેક કાર્યકર્તાને અભિનંદન પાઠવું છું.

બંગાળના લોકોને જંગલરાજમાંથી મુકિત મળી- હર્ષ સંઘવી

પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય જીતને લઈને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, બંગાળના નાગરિકોની ભવ્ય જીત થઈ છે. બંગાળના લોકોને જંગલરાજમાંથી મુકિત મળી છે. હવે બંગાળને દરેક યોજનાઓ મળશે. આજે બંગાળમાં ભાજપને ઐતિહાસિક જીત મળી છે. પશ્ચિમ બંગાળની જીત દેશની રાજનીતિની સૌથી મોટી અને ઐતિહાસિક જીત છે. ભાજપના તમામ સાથીઓને અભિનંદન આપું છું. અનેક લોકોએ માતા પિતા અને દીકરા દીકરી ગુમાવ્યા છે ત્યારે દરેકને અભિનંદન આપું છું. પાંચેય રાજ્યમાં દરેક કાર્યકર્તાઓએ કામ કર્યું એ સરાહનીય કામ છે. ઉમરેઠ વિધાનસભામાં જીત બદલ પણ અભિનંદન પાઠવું છું.

બંગાળમાં ચૂંટણી પ્રચાર માટે ગયેલા કાર્યકર્તાઓએ ઉજવણી કરી

સુરતના વિવિધ વિસ્તારોમાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને 'વંદે માતરમ', 'ભારત માતા કી જય' તેમજ 'જય શ્રી રામ'ના ગગનભેદી નારાઓ સાથે વાતાવરણ ગજવી દીધું હતું. આ વિજયોત્સવ દરમિયાન કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને એકબીજાનું મોઢું મીઠું કરાવીને પક્ષની જીતની ભવ્ય ઉજવણી કરી હતી. ચૂંટણીના આ સકારાત્મક વલણોને પગલે કાર્યકર્તાઓમાં નવો જોમ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ભાવનગર, રાજકોટ અને કચ્છમાં આગામી 3 કલાક હળવા વરસાદની આગાહી

### 40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, અમદાવાદ - ગાંધીનગરમાં પારો 41ને પાર

**અમદાવાદ, તા.04**

ગુજરાતમાં મે મહિનાની શરૂઆત સાથે જ સૂર્યનારાયણ પ્રકોપ વરસાવી રહ્યા છે. છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાતના વિવિધ શહેરોમાં તાપમાનમાં 1થી 2 ડિગ્રીનો ઘટાડો નોંધાતા નાગરિકોને અસહ્ય ગરમીમાંથી આંશિક રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સાયક્લોનિક સર્ક્યુલેશન સહિતની ત્રણ સક્રિય સિસ્ટમોને કારણે પવનની દિશા બદલાઈ છે, જેના પરિણામે આગામી દિવસોમાં હજુ પણ તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. જોકે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ ઉકળાટ અને બફારો યથાવત રહેશે. જોકે, હવામાન વિભાગ દ્વારા આગામી 3 કલાક એટલે કે રાત્રિના 9 વાગ્યા સુધી ભાવનગર, રાજકોટ, બોટાદ અને કચ્છમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં પવનની સ્પીડ 40 કિમી પ્રતિ કલાકની ઝડપે રહેશે. ઉલ્લેખનીય છે કે, ગતરોજ સુરેન્દ્રનગર 42.5 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું ત્યારે આગામી સાત દિવસ સુધી વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેવાની અને દરિયાકાંઠાના વિસ્તારોમાં તેજ પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે.

7 દિવસ સુધી તાપમાનમાં કોઈપણ બદલાવ મળશે નહીં

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસે જણાવ્યું હતું કે, આગામી 10 તારીખ સુધી વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. મહત્તમ તાપમાન કોઈપણ પ્રકારનો મોટો બદલાવ જોવા મળશે નહીં. મોટા ભાગના જિલ્લાઓમાં તાપમાન 40 ડિગ્રીને પર પહોંચી જવાનું પૂર્વાનુમાન છે. 6 અને 7 તારીખે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા ક્ષેત્રમાં હીટવેવ રહેવાનું અનુમાન છે. 9 અને 10 તારીખે ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે. વધુમાં એ.કે.દાસે જણાવ્યું હતું કે, આજે ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પશ્ચિમ તરફથી પવન ફૂંકાઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફ પવન ફૂંકાશે. અમદાવાદમાં આજે તાપમાન 41 ડિગ્રી રહેવાનું અનુમાન છે. સુરેન્દ્રનગરમાં 42.5 ડિગ્રી સૌથી વધુ તાપમાન નોંધાયું છે. અત્યારે 7 દિવસ સુધી તો તાપમાનમાં કોઈપણ મોટો બદલાવ મળશે નહીં. તેમજ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થઈ છે તે રાજસ્થાન અને ગુજરાતથી પસાર થઈ રહી છે.

મે મહિનામાં અસહ્ય ગરમી પડશે

પવનની દિશા બદલાઈ હોવાથી રાજ્યના નાગરિકોને હજુ પણ ગરમી સહન કરવી પડશે. આજમાં દિવસમાં તાપમાનમાં કોઈપણ મોટો ફેરફાર જોવા મળશે નહીં. પશ્ચિમ દિશા તરફથી ફૂંકાતા પવન ગરમ અને સૂકા હોવાથી તાપમાનમાં કોઈ બદલાવ જોવા મળી રહ્યો નથી.

# અમદાવાદમાં પાર્કિંગ બાબતે યુવકની હત્યા

**રાજકોટ, તા.04**

અમદાવાદ શહેરના માધુપુરા વિસ્તારમાં પાર્કિંગ મુદ્દે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં યુવકની કરુણ હત્યાનો બનાવ સામે આવ્યો છે. ચાંદખેડા વિસ્તારના ભોલાભાઈ પાર્કમાં રહેતા સંદીપ મિશ્રાએ માધુપુરા પોલીસ સ્ટેશનમાં ઈન્દ્રજીત પટેલ, આકાશ પટેલ, આકાશ રાઉત અને લાલીપ્રસાદ વિરુદ્ધ પોતાના મોટા ભાઈ મિથિલેશ ઉર્ફે મુન્નોની હત્યાની ફરિયાદ નોંધાવી છે.

વાહન પાર્કિંગ જેવી સામાન્ય બાબતે હત્યા

મૂળ ઉત્તરપ્રદેશના વતની સંદીપ મિશ્રા લાંબા સમયથી અમદાવાદમાં પરિવાર સાથે રહે છે. સંદીપ ગઈકાલે માધુપુરા માર્કેટ વિસ્તારમાં પોતાના કામકાજમાં વ્યસ્ત હતો, ત્યારે અચાનક 108 એમ્બ્યુલન્સ ત્યાં આવીને ઉભી રહી. આસપાસ ભીડ એકઠી થતી જોઈ સંદીપ પણ શુ થયુ છે તે જાણવા ત્યા પહોંચ્યો હતો.જ્યાં પહોંચતા જ તેની આંખો સામે જે દૃશ્ય આવ્યું તે જોઈ તે સ્તબ્ધ બની ગયો કારણકે લોહીથી લથબથ



હાલતમાં તેનો મોટો ભાઈ મિથિલેશ જમીન પર પડ્યો હતો.ઘટનાસ્થળે હાજર 108ના કર્મચારીઓએ મિથિલેશને તપાસ્યા બાદ મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, મિથિલેશ અને આરોપીઓ વચ્ચે ટુવ્હિલર પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી. બોલેરો પીકઅપ ડાલુ ચલાવતા ઈન્દ્રજીત પટેલ, આકાશ પટેલ, લાલીપ્રસાદ અને આકાશ રાઉત સાથે થયેલી આ બોલાચાલી થોડી જ વારમાં ઉગ્ર બની ગઈ હતી. સાક્ષીઓના કહેવા મુજબ, આરોપીઓએ ગુસ્સામાં આવીને મિથિલેશ પર પાઈપ, લોખંડના સળીયા અને બેલ્ટથી હુમલો કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે મિથિલેશ ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ માધુપુરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.પોલીસે સ્થળનો પંચનામું કરીને પુરાવા એકત્રિત કર્યા છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

માતાએ રડતા રડતા કહ્યું- 'મને ન્યાય જોઈએ'

મૃતકના માતા રાજેશ્વરીબેને જણાવ્યું હતું કે મારો દીકરો છેલ્લા ઘણા વર્ષથી માધુપુરા માર્કેટમાં મજૂરી કરતો હતો.અચાનક જ તેની પાર્કિંગ બાબતે હત્યા કરવામાં આવી છે. અમને ન્યાય જોઈએ છે,મારા દીકરા સાથે થયું તેવું બીજા કોઈની સાથે ન થાય તે માટે પોલીસ આરોપીની ધરપકડ કરી કડક સજા કરાવે.

# અમદાવાદમાં કોંગ્રેસના ઉમેદવારે બોગસ એલસી રજૂ કર્યું : કલ્પનાબેન કોડેકર વિરુદ્ધ ફરિયાદ નોંધવા સૂચના; કુબેરનગર વોર્ડમાં ત્રીજા મહિલા ઉમેદવાર તરીકે જીત્યા હતા

**અમદાવાદ, તા.04**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસના જીતેલા ઉમેદવારે બોગસ એલસી રજૂ કર્યું છે. કુબેરનગર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર કલ્પનાબેન કોડેકરે બોગસ એલસી રજૂ કર્યું હોવાનું સામે આવ્યું છે. કલ્પનાબેન સૂરજભાઈ નવલેકર નામથી બોગસ એલસી રજૂ કરવામાં આવ્યું હતું. ચિરાગ શાહ નામના ફરિયાદીએ જિલ્લા શિક્ષણાધિકારીને કલ્પનાબેનના એલસીની તપાસ કરવા ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે તપાસ કરતા એલ.સી બોગસ હોવાનું સામે આવ્યું છે. તપાસમાં જીઆર નંબર પર અન્ય વ્યક્તિનું નામ હોવાનું ખૂલ્યું છે. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ પોલીસ ફરિયાદ કરવા સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ કોર્પોરેશનમાં એક માત્ર કુબેરનગર વોર્ડ જ છે, જેમાં 3 મહિલા ઉમેદવાર વિજેતા થયા છે.






કલ્પનાબેન કોડેકર એ ત્રીજા ઉમેદવાર છે જેમને જીત મળી છે.

બોગસ એલસી રજૂ કરી બોગસ સહી કરી હોવાનો દાવો

ચિરાગ શાહ નામના ફરિયાદીએ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરી હતી કે કલ્પનાબેન દ્વારા બોગસ એલસી રજૂ કરવામાં આવ્યું છે. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસ સોંપવામાં આવી હતી. તેમજ તપાસ રિપોર્ટ આવ્યા બાદ એલસી બોગસ હોવાનું સામે આવ્યું છે. તેમજ શાળા સંચાલક દ્વારા દાવો પણ કરવામાં આવ્યો છે કે બોગસ એલસી રજૂ કરી બોગસ સહી પણ કરવામાં આવી છે.

જીઆર નંબર અને એલસી નંબર પર અન્ય કોઈ વ્યક્તિનું નામ હોવાનું સામે આવ્યું

કલ્પનાબેન નવલેકરએ કૃષ્ણનગર શાળામાં અભ્યાસ કર્યો હોવાનું એલસી રજૂ કર્યું હતું. જીઆર 1248 અને એલ.સી નંબર 3194થી રજૂ કરાયું હતું. ફરિયાદને આધારે તપાસ કરતા LC ખોટું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ કરતા જીઆર નંબર અને એલસી નંબર પર અન્ય કોઈ વ્યક્તિનું નામ હોવાનું સામે આવ્યું છે. ખોટી એલસી રજૂ કરી કોઈએ ડુપ્લીકેટ સહી કરાઈ હોવાનું સામે આવ્યું છે. જેથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા સંચાલકને પોલીસ ફરિયાદ કરવા સૂચના આપી છે.

બોગસ એલસી રજૂ કર્યું નથી: કલ્પનાબેન

દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં કલ્પનાબેન કોડેકરે જણાવ્યું હતું કે, કોઈ બોગસ એલસી રજૂ કરવામાં આવ્યું નથી. હું અત્યારે બહાર છું જેથી ફોન ઉપર હું કઈ જણાવીશ નહીં, આવતીકાલે રુબરુ મળ્યા બાદ વિગત આપીશ.

'તપાસ કરતા એલસી શાળામાંથી રજૂ ના કરાયાનું સામે આવ્યું'

અમદાવાદ શહેર શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ફરિયાદી ચિરાગ શાહ દ્વારા કચેરી ખાતે ફરિયાદ આપવામાં આવી હતી. જેમાં એલસી બોગસ હોવાની તેમને રજૂઆત કરી હતી. કલ્પનાબેન સુરેશભાઈ નવલેકરની એલસી બોગસ હોવાની અમને ફરિયાદ મળી હતી. કૃષ્ણનગર વિદ્યાવિહાર શાળામાંથી સૈજપુર બોઘાથી 1990માં શાળા છોડી છે તે પ્રકારનો એલસીનો આધાર મુકેલ હતો. જેમાં જીઆર નંબર 1248 અને એલસી નંબર 3194 હતો. જેની ઈન્સ્પેક્ટરને તપાસ સોંપવામાં આવી હતી. જે બાદ શાળા સંચાલકોને સાથે રાખી તપાસ કરતા એલસી શાળામાંથી રજૂ કરવામાં ન આવ્યું હોવાનું સામે આવ્યું હતું.

'કલ્પનાબેન વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા સૂચના આપી'

વધુમાં જણાવ્યું હતું કે, બોગસ એલસી પ્રાથમિક દ્રષ્ટિએ સાબિત થતું હોવાનું સામે આવ્યું હતું. જેને ધ્યાને લઈ સદર શાળાના આચાર્યને અને સંચાલકોને કલ્પનાબેન વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે સૂચના આપવામાં આવી છે. કલ્પનાબેન કોંગ્રેસ પક્ષના કુબેરનગરના જીતેલા ઉમેદવાર છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# દાવો- હોર્મુઝમાં અમેરિકી જહાજ પર ઈરાનનો મિસાઈલ હુમલો : અમેરિકાએ કહ્યું- આ જૂઠ છે; ટ્રમ્પે કહ્યું હતું કે અહીં ફસાયેલા જહાજોને સુરક્ષિત બહાર કાઢીશું

## ઈરાનના વરિષ્ઠ સૈન્ય અધિકારી મેજર જનરલ અલી અબ્દોલ્લાહીએ સ્ટ્રેટ ઑફ હોર્મુઝને લઈને વિદેશી નૌસેનાઓને કડક ચેતવણી આપી

તેલ અવીવ, તા.04

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં એક અમેરિકી નેવી શિપ પર બે મિસાઈલો દાગી છે. આ હુમલામાં જહાજને નુકસાન પહોંચ્યું છે, જેના કારણે તેને પાછળ હટવું પડ્યું હતું. ઈરાની ન્યૂઝ એજન્સી 'ફાર્સ' એ આ અંગે માહિતી આપી છે. રિપોર્ટ મુજબ, આ હુમલો ત્યારે કર્યો જ્યારે અમેરિકી જહાજે ઈરાની નૌકાદળની ચેતવણીને અવગણીને હોર્મુઝમાંથી પસાર થવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ હોર્મુઝમાં તેના કોઈપણ નૌકાદળના જહાજ પર હુમલાના અહેવાલોને ફગાવી દીધા છે. સેન્ટકોમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે અમેરિકી સેના 'પ્રોજેક્ટ ફ્રીડમ' હેઠળ કામ કરી રહી છે. આ અગાઉ, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકી સેના આ વિસ્તારમાં ફસાયેલા જહાજોને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરશે અને કોઈપણ અવરોધનો કડક જવાબ આપવામાં આવશે.



છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

1. ઈરાનની ચેતવણી: IRGCના પૂર્વ કમાન્ડર મોહસિન રઝાઈએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું કે હોર્મુઝને અમેરિકી સેનાની કબ્રસ્તાન બનાવી દેવામાં આવશે.

2. યુદ્ધ રોકવાનો નવો પ્રસ્તાવ: અમેરિકાને પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાન તરફથી 14-પોઈન્ટનો પ્રસ્તાવ મળ્યો છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ આ નવા પ્રસ્તાવની સમીક્ષા પણ કરી રહ્યા છે.

3. કાર્ગો શિપ પર બોટથી હુમલો: હોર્મુઝ સ્ટ્રેટમાં એક મોટા કાર્ગો જહાજ પર નાની-નાની બોટથી હુમલો કરવામાં આવ્યો છે. કોઈના ઘાયલ થવાના સમાચાર મળ્યા નથી.

4. અત્યાર સુધીમાં 49 જહાજોએ રસ્તો બદલ્યો: અમેરિકી સેનાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું છે કે ઈરાનના બંદરો પર ચાલી રહેલી ઘેરાબંધી દરમિયાન અત્યાર સુધીમાં 49 વ્યાપારિક જહાજોનો રસ્તો બદલી દેવામાં આવ્યો છે.

5. અમેરિકામાં પેટ્રોલ મોંઘું: અમેરિકામાં પેટ્રોલની કિંમત વધીને 4.45 ડોલર (370 રૂપિયા) પ્રતિ ગેલન (3.78 લિટર) થઈ ગઈ છે. 28 ફેબ્રુઆરી પછી પેટ્રોલની કિંમત 1.47 ડોલર (122 રૂપિયા) વધી ચૂકી છે.

બે અમેરિકન ધ્વજવાળા જહાજો હોર્મુઝની સ્ટ્રેટમાંથી પસાર થયા

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ અહેવાલ આપ્યો છે કે બે અમેરિકન ધ્વજવાળા વેપારી જહાજો હોર્મુઝની સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ ગયા છે. CENTCOM અનુસાર, આ જહાજો હવે સુરક્ષિત રીતે તેમની મુસાફરી પર છે.

આ માહિતી એવા સમયે આવી છે જ્યારે યુએસએ 'પ્રોજેક્ટ ફ્રીડમ' નામનું મિશન શરૂ કર્યું છે. આ મિશન હેઠળ, યુએસ નેવીએ જહાજો માટે સલામત માર્ગ સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શિત મિસાઈલ વિનાશક તહેનાત કર્યા છે. CENTCOMએ જણાવ્યું હતું કે યુએસ સૈન્ય સામાન્ય વેપારી શિપિંગને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી રહ્યું છે.

જહાજો જોખમ ઉઠાવીને હોર્મુઝ પાર કરવાનો પ્રયાસ કરી શકે છે

દરિયાઈ નિષ્ણાત સ્ટાવરોસ કરામપેરિડિસનું કહેવું છે કે હોર્મુઝ પાસે ફસાયેલા કેટલાક જહાજો હવે જોખમ ઉઠાવીને આગળ વધવાનો પ્રયાસ કરી શકે છે. અંદાજે 3000 જહાજો છેલ્લા 65 દિવસથી ત્યાં જ રોકાયેલા છે. તેમણે કહ્યું કે દરેક કંપની જાતે નિર્ણય લેશે કે જહાજને આગળ મોકલવું કે નહીં. આ બાબત સામાન કેટલો જરૂરી છે અને કંપની કેટલું જોખમ લેવા માગે છે તેના પર નિર્ભર રહેશે. હવે જહાજોનો વીમો પણ મોંઘો થઈ ગયો છે, જેના કારણે કંપનીઓ પર દબાણ વધી રહ્યું છે. ખાસ કરીને તેલ અને ગેસ જેવી આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા માટે જહાજોનું ચાલવું જરૂરી છે.

એક્સપર્ટ બોલ્યા- હોર્મુઝ ઈરાનની સૌથી મોટી તાકાત, કોઈપણ સંજોગોમાં તેનું રક્ષણ કરશે

સૈન્ય અને દરિયાઈ બાબતોના નિષ્ણાત એલેક્ઝાન્ડ્રુ હુડિસ્ટીનુનું કહેવું છે કે હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન માટે વાતચીતમાં તેની સૌથી મોટી તાકાત છે.

તેમણે કહ્યું કે અત્યારે એ સ્પષ્ટ નથી કે અમેરિકા ઈરાનને લઈને શું વલણ અપનાવશે. બંને દેશો અત્યારે યુદ્ધ જેવી સ્થિતિમાં છે, તેથી પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે.

એલેક્ઝાન્ડ્રુ હુડિસ્ટીનુના જણાવ્યા મુજબ, ઈરાન આ સ્ટ્રેટને તેની સૌથી મોટી વ્યૂહાત્મક તાકાત માને છે, તેથી તે તેને કોઈપણ સંજોગોમાં સુરક્ષિત રાખવાની કોશિશ કરશે. આમાં તેણે તાજેતરમાં પોતાના નિયંત્રણ હેઠળના વિસ્તારનો નવો નકશો જાહેર કરવાનો પણ સમાવેશ થાય છે. આ નકશો આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ હોઈ શકે છે.

# બલૂચોના હુમલાથી US-પાક માઈનિંગ પ્રોજેક્ટ સંકટમાં

## કિંમત ₹64000 કરોડ, 4 મહિના પહેલા 500 લડવૈયાઓએ 58 લોકોની હત્યા કરી હતી

ક્વેટા, તા.04

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં વધતી હિંસાએ અમેરિકા-પાકિસ્તાનના રેકો ડિક માઈનિંગ પ્રોજેક્ટને સંકટમાં મૂકી દીધો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેની કિંમત લગભગ 7.7 અબજ ડોલર (64,000 કરોડ) છે. બલૂચ લિબરેશન આર્મી (BLA)ના 500થી વધુ લડવૈયાઓએ 31 જાન્યુઆરીએ બલુચિસ્તાનના ઘણા વિસ્તારોમાં હુમલો કરીને 58 લોકોની હત્યા કરી હતી, જેના કારણે રેકો ડિક માઈનિંગ પ્રોજેક્ટની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. હુમલાખોરોએ બેંક, પોલીસ સ્ટેશન, જેલ અને સરકારી ઈમારતોને નિશાન બનાવ્યા. ઘણી જગ્યાએ આગચંપી કરવામાં આવી અને મુખ્ય રસ્તાઓ જામ કરી દેવામાં આવ્યા, જેના કારણે ક્વેટા અને કરાચી વચ્ચેની કનેક્ટિવિટી પ્રભાવિત થઈ. કેટલાક હુમલાખોરોએ આત્મઘાતી વિસ્ફોટ પણ કર્યા.

આધુનિક હથિયારોનો ઉપયોગ, હુમલાઓ વધુ ખતરનાક બન્યા

રિપોર્ટ્સ અનુસાર, હુમલાખોરોએ ઓટોમેટિક રાઈફલ અને ગ્રેનેડ લોન્ચર જેવા આધુનિક હથિયારોનો ઉપયોગ કર્યો હતો. તેમાંથી કેટલાક હથિયારો અફઘાનિસ્તાનમાં 2021 પછી છોડવામાં આવેલા અમેરિકી



હથિયારો હોવાનું કહેવાય છે. નિષ્ણાતોનું માનવું છે કે આટલા મોટા પાયે હુમલો સ્થાનિક સમર્થન, મજબૂત નેટવર્ક અને પૂરતા હથિયારો વિના શક્ય નથી.

રેકો ડિક પ્રોજેક્ટ પર સીધી અસર

હુમલાઓની અસર બલુચિસ્તાનના સૌથી મહત્વપૂર્ણ ખાણકામ પ્રોજેક્ટ રેકો ડિક પર પડી. આ વિસ્તાર સોના અને તાંબાના મોટા ભંડાર માટે જાણીતો છે. હુમલાઓ પછી આ સાઈટ સુધી પહોંચવાના રસ્તાઓ ઘણા દિવસો સુધી બંધ રહ્યા, જેના કારણે કામગીરી પ્રભાવિત થઈ. આ પ્રોજેક્ટ અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે આર્થિક ભાગીદારીનું કેન્દ્ર માનવામાં આવે છે.

અમેરિકી રોકાણ અને વિદેશી કંપનીઓની ચિંતા

અમેરિકાએ આ પ્રોજેક્ટમાં લગભગ 1.3 અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે, જ્યારે કુલ રોકાણ 2 અબજ ડોલર સુધી પહોંચી શકે છે. કેનેડાની બેરિક માઈનિંગ કંપનીએ સુરક્ષા કારણોસર પ્રોજેક્ટની ગતિ ધીમી કરી દીધી છે અને 2027 સુધી વિલંબની વાત કહી છે.

નિષ્ણાતોના મતે, જો રેકો ડિક પ્રોજેક્ટ પ્રભાવિત થાય છે, તો અમેરિકા-પાકિસ્તાન ભાગીદારીને મોટો ફટકો પડી શકે છે.

BLA ની વધતી તાકાત અને રણનીતિમાં બદલાવ

છેલ્લા કેટલાક વર્ષોમાં BLA ના હુમલા વધુ સંગઠિત અને તકનીકી રીતે મજબૂત બન્યા છે. આ સંગઠન હવે માત્ર સુરક્ષા દળોને જ નહીં, પરંતુ નાગરિકો અને વિદેશી રોકાણને પણ નિશાન બનાવી રહ્યું છે.

સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા વીડિયોમાં BLA તેના હુમલાઓને 'આઝાદીની લડાઈ' તરીકે રજૂ કરે છે, જેના કારણે તેને સ્થાનિક યુવાનોનો ટેકો મળી રહ્યો છે.

અલગતાવાદના મૂળ અને સ્થાનિક અસંતોષ

બલુચિસ્તાનમાં અલગતાવાદની શરૂઆત 1948માં પાકિસ્તાનની રચના પછી થઈ હતી. સ્થાનિક લોકોનો આરોપ છે કે તેમના વિસ્તારના કુદરતી સંસાધનોનો લાભ બાહ્ય કંપનીઓ અને કેન્દ્ર સરકાર ઉઠાવે છે, જ્યારે તેમને રોજગાર, શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી મૂળભૂત સુવિધાઓ મળતી નથી. આ જ અસંતોષને કારણે શિક્ષિત યુવાનોનો એક વર્ગ પણ ઉગ્રવાદ તરફ ઝૂકી રહ્યો છે.

# કંગના રનૌત રાહુલ ગાંધી સાથે કરશે લગ્ન! : સોશિયલ મીડિયા પર પોસ્ટ વાઈરલ, મીમ્સ પેજની મસ્તી પર કંગનાનો પારો સાતમા આસમાને

કોલકાતા, તા.04

બોલિવૂડ એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌત પોતાના બેબાક અંદાજ માટે જાણીતી છે. તે સોશિયલ મીડિયા પર ટ્રોલ કરનારાઓને જડબાતોડ જવાબ આપવામાં ક્યારેય પાછી પાની કરતી નથી. હાલમાં જ એક મીમ પેજે તેના નામથી રાહુલ ગાંધીને લઈને એક અત્યંત વાંધાજનક અને નકલી પોસ્ટ શેર કરી, કંગનાએ માત્ર આ સમાચારનું ખંડન જ નથી કર્યું, પરંતુ રાજનીતિમાં મહિલાઓના સન્માનને લઈને પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેણે સ્પષ્ટ કરી દીધું છે કે તે આવી હલકી હરકતોને નજરઅંદાજ કરનારી વ્યક્તિ નથી.

કંગનાનો ફૂટ્યો ગુસ્સો સોશિયલ મીડિયા પર આ દિવસોમાં રાઘવ ચઢ્ઢાના ભાજપમાં સામેલ થવાની ચર્ચાઓ વચ્ચે એક મીમ પેજે કંગના રનૌતની એક કથિત નકલી કમેન્ટ શેર કરી દીધી. આ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો કે કંગનાએ કહ્યું છે, 'જો રાહુલ ગાંધી ભાજપમાં સામેલ થાય છે, તો હું તેમની સાથે લગ્ન કરવા તૈયાર છું.' જેવી આ પોસ્ટ કંગનાની નજરમાં આવી, તેણે તેને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર રીશેયર




કરતા જડબાતોડ જવાબ આપ્યો છે.

કંગનાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી લીધેલો સ્ક્રીનશોટ

કંગનાએ લખ્યું કે આ નકલી સમાચાર અત્યંત હલકા છે અને રાજનીતિમાં પણ મહિલાઓ માટે કોઈ ગરિમા બચી નથી. તેણે આ પ્રકારના જૂઠાણા ફેલાવનારાઓને આડે હાથે લેતા કહ્યું કે તેમને પોતાની આ હરકતો પર શરમ આવવી જોઈએ. v'ક્વીન'ના સિક્વલની તૈયારી અને વ્યસ્ત શેડ્યૂલ વર્ક ફ્રન્ટની વાત કરીએ તો પોતાની રાજકીય કારકિર્દીની સાથે સાથે કંગના એક્ટિંગના મોરચે પણ ખૂબ એક્ટિવ છે. આ દિવસોમાં તે પોતાની સુપરહિટ ફિલ્મ 'ક્વીન'ની સિક્વલ પર કામ કરી રહી છે. ફિલ્મના ડાયરેક્ટર વિકાસ બહલે આ માટે ત્રણ મહિનાનું એક ખૂબ જ ટાઈટ શેડ્યૂલ તૈયાર કર્યું છે.

સોશિયલ મીડિયા પર આવા અનેક મીમ્સ બનેલા છે. તેમાંથી જ એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી લીધેલો સ્ક્રીનસોટ

ફિલ્મના નામને લઈને સસ્પેન્સ આ ફિલ્મના ટાઈટલને લઈને પણ ઘણી ચર્ચા થઈ રહી છે. જાણકારી અનુસાર, મેકર્સ આ ફિલ્મનું નામ 'ક્વીન 2' રાખવાના પક્ષમાં નથી. તેની જગ્યાએ ફિલ્મનું નામ 'ક્વીન ફોરએવર' રાખવામાં આવી શકે છે. મેકર્સને લાગે છે કે આ નામ ફિલ્મની થીમ મુજબ વધારે સચોટ અને પ્રભાવશાળી છે.

જોકે, હજી સુધી ફિલ્મના સત્તાવાર નામની જાહેરાત થવાની બાકી છે. હાલમાં કંગના પોતાના આ પ્રોજેક્ટને લઈને પૂરી રીતે સમર્પિત નજર આવી રહી છે.

# એટલાન્ટિક મહાસાગરમાં ક્રુઝ પર હંટાવાયરસ ફેલાવવાની શંકા : 3 યાત્રીઓના મોત, આફ્રિકાના કિનારે જહાજ રોકાયું

પ્રાયા, તા.04

એટલાન્ટિક મહાસાગરમાં એક ક્રુઝ શિપ પર હંટાવાયરસ સંક્રમણનો શંકાસ્પદ કેસ સામે આવ્યો છે. તેમાં ત્રણ લોકોના મોત થયા છે અને ઓછામાં ઓછા ત્રણ લોકો બીમાર છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને દક્ષિણ આફ્રિકાના આરોગ્ય વિભાગે રવિવારે તેની પુષ્ટિ કરી. MV હોન્ડિયસ નામના આ ક્રુઝશિપને હાલમાં આફ્રિકી દેશ કેપ વર્ડેની રાજધાની પ્રાયામાં રોકવામાં આવ્યું છે. હાલમાં મુસાફરોને ઉતરવાની મંજૂરી મળી નથી. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે જેથી સંક્રમણ ફેલાવાના જોખમને નિયંત્રિત કરી શકાય. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, જહાજ પર 6 લોકોમાં સંક્રમણ જેવા લક્ષણો મળ્યા છે. તેમાંથી એક કેસની પુષ્ટિ લેબમાં થઈ ચૂકી છે. એક દર્દી દક્ષિણ આફ્રિકાની હોસ્પિટલમાં ICUમાં દાખલ છે, જ્યારે બેને જહાજમાંથી બહાર કાઢવાની તૈયારી કરવામાં આવી રહી છે. એ પણ હજુ સુધી જાણી શકાયું નથી કે બધા બીમાર લોકો હંટાવાયરસથી સંક્રમિત છે કે નહીં. આ બીમારી આખરે કેવી રીતે અને ક્યાંથી ફેલાઈ છે, તેની તપાસ ચાલી રહી છે.



7 અઠવાડિયામાં ઘણા દેશોમાંથી પસાર થયું ક્રુઝ

નેધરલેન્ડના ફ્લેગવાળું આ ક્રુઝ શિપ 20 માર્ચે આર્જેન્ટિનાના ઉશુઆઈયાથી રવાના થયું હતું. ત્યારબાદ તે દક્ષિણ ધ્રુવની આસપાસના વિસ્તારોમાં ગયું અને પછી એટલાન્ટિક પાર કરીને યુરોપ તરફ આગળ વધી રહ્યું હતું. તેને છેલ્લે સ્પેનના કેનેરી ટાપુ સુધી પહોંચવાનું હતું, જે આફ્રિકા નજીક એટલાન્ટિકમાં આવેલો એક મુખ્ય પર્યટન ક્ષેત્ર છે. જહાજમાં કુલ 170 મુસાફરો અને 71 ક્રૂ સભ્યો હાજર છે. તેમાં એક ડોક્ટર પણ સામેલ છે. પ્રથમ મૃતક 70 વર્ષનો એક વ્યક્તિ હતો, જેનું મૃત્યુ જહાજ પર જ થયું હતું. તે તેની પત્ની સાથે આ યાત્રા પર હતો. ત્યારબાદ તેનો મૃતદેહ દક્ષિણ એટલાન્ટિકમાં આવેલા સેન્ટ હેલેનામાં ઉતારવામાં આવ્યો. તેમની પત્ની બાદમાં દક્ષિણ આફ્રિકા પહોંચી, જ્યાંથી તેમને પોતાના દેશ નેધરલેન્ડ પાછા ફરવાનું હતું. પરંતુ એરપોર્ટ પર જ તેમની તબિયત અચાનક બગડી ગઈ, તેઓ બેહોશ થઈ ગયા અને બાદમાં હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું. ક્રુઝ ચલાવતી કંપની ઓશનવાઈડ એક્સપેડિશન્સે જણાવ્યું કે ત્રીજા મૃતકનો મૃતદેહ હજુ પણ જહાજ પર કેપ વર્ડેમાં હાજર છે.

સંક્રમણ કેવી રીતે ફેલાયું, તેની તપાસ કરવામાં આવી રહી છે

સૌથી મોટો સવાલ એ છે કે સંક્રમણ ક્યાંથી આવ્યું. આર્જેન્ટિનાના જે વિસ્તારમાંથી જહાજ રવાના થયું, ત્યાં હંટાવાયરસનો કોઈ કેસ નોંધાયેલ નથી. જહાજ એવા વિસ્તારોમાં પણ ગયું ન હતું જ્યાં આ વાયરસ સામાન્ય છે. નિષ્ણાતોનું માનવું છે કે સંક્રમણ જહાજની અંદર હોઈ શકે છે.

ઉંદરોના સંપર્કમાં આવવાથી ફેલાય છે હંટાવાયરસ

સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ અનુસાર, હંટાવાયરસ વ્યક્તિના ઉંદર કે ખિસકોલીના સંપર્કમાં આવવાથી ફેલાય છે. આ મુખ્યત્વે ઉંદરોમાં થાય છે. આના કારણે ઉંદરોમાં કોઈ બીમારી થતી નથી, પરંતુ મનુષ્યોનું મૃત્યુ થાય છે. હંટાવાયરસનો સૌપ્રથમ 1993માં પત્તો લાગ્યો હતો. ત્યારે અમેરિકામાં એક દંપતી સંક્રમિત થવાને કારણે મૃત્યુ પામ્યું હતું. ત્યારબાદ થોડા જ મહિનામાં આ બીમારીથી 600 લોકોના મોત થયા હતા. ઉંદરના પેશાબ, મળ અને લાળના સંપર્કમાં આવવાથી મનુષ્ય સંક્રમિત થાય છે. આના કારણે પલ્મોનરી સિન્ડ્રોમ નામની બીમારી થાય છે. આ બીમારીમાં લગભગ 38% દર્દીઓ મૃત્યુ પામે છે. જો દર્દી વૃદ્ધ હોય અથવા પહેલાથી જ નબળો હોય, તો જોખમ વધુ વધી જાય છે. વૈજ્ઞાનિકોએ અત્યાર સુધી હંતાવાયરસના 5 સ્ટ્રેન શોધી કાઢ્યા છે, જેમાંથી સૌથી ખતરનાક અરારાક્વોરા વાયરસ છે, જેનો ચેપ લાગવા પર મૃત્યુ દર 54% જોવા મળ્યો છે. તે જ રીતે, બીજો સ્ટ્રેન સિન નોમ્બ્રે વાયરસ છે જેના કિસ્સામાં મૃત્યુ દર 40% છે. ત્રીજો સ્ટ્રેન હંતાન વાયરસ છે. તેનો મૃત્યુ દર 5-10% ની વચ્ચે છે. આ ત્રણેયમાંથી કોઈપણનો ચેપ લાગવા પર મૃત્યુનું જોખમ કોરોનાની સરખામણીમાં ઘણું વધારે હોઈ શકે છે. હજુ સુધી તેની રસી તૈયાર થઈ શકી નથી અને કોઈ નિશ્ચિત ઈલાજ પણ નથી. આવા દર્દીઓને વિશેષ સંભાળની જરૂર હોય છે અને ઓક્સિજન થેરાપી આપવામાં આવે છે. જેટલી જલદી કેસ પકડમાં આવે તેટલું સારું. જો બીમારી ગંભીર બની જાય, તો લગભગ 7-10 દિવસની અંદર દર્દીનું મૃત્યુ થઈ શકે છે.

ગયા વર્ષે અમેરિકી એક્ટરની પત્નીનું મૃત્યુ થયું હતું

આ બીમારી ગયા વર્ષે પણ ચર્ચામાં આવી હતી, જ્યારે અમેરિકી એક્ટર જીન હેકમેનની પત્ની બેટ્સી અરાકાવાનું તેનાથી મૃત્યુ થયું હતું. બંને 26 ફેબ્રુઆરીના રોજ તેમના સાન્ટા ફે સ્થિત ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેમના ઘરની આસપાસ ઉંદરોના નિશાન પણ મળ્યા હતા. પાછળથી જાણવા મળ્યું કે 95 વર્ષીય હેકમેનનું મૃત્યુ 18 ફેબ્રુઆરીના રોજ હૃદય રોગથી થયું હતું.

# નેપાળે કહ્યું- ભારતીય યાત્રીઓ લિપુલેખથી માનસરોવર ન જાય : આ અમારો વિસ્તાર; ભારતના આ ભાગ પર નેપાળ પહેલા પણ દાવો કરતું રહ્યું છે

કાઠમંડુ, તા.04

નેપાળ સરકારે ભારતીય યાત્રાળુઓને લિપુલેખના માર્ગે કૈલાશ માનસરોવર યાત્રા ન કરવા અપીલ કરી છે. નેપાળના વિદેશ મંત્રાલયે રવિવારે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે 1816ની સુગૌલી સંધિ અનુસાર લિમ્પિયાધુરા, લિપુલેખ અને કાલાપાણી ક્ષેત્ર નેપાળનો ભાગ છે. સરકારે જણાવ્યું હતું કે લિપુલેખના માર્ગે પ્રસ્તાવિત કૈલાશ માનસરોવર યાત્રા અંગે તેણે ભારત અને ચીન બંનેને રાજદ્વારી રીતે પોતાની વાંધા અને ચિંતાથી અવગત કરાવ્યા છે. નેપાળે એ પણ જણાવ્યું હતું કે તે પહેલા પણ ભારતને આ વિસ્તારમાં માર્ગ નિર્માણ, વેપાર અને પર્યટન જેવી પ્રવૃત્તિઓ ન કરવા અપીલ કરતું રહ્યું છે. નેપાળે ચીનને પણ સત્તાવાર રીતે આ જાણકારી આપી છે કે લિપુલેખ તેનો ભાગ છે. નેપાળ આ પહેલા પણ લિપુલેખને પોતાનો ભાગ ગણાવતું રહ્યું છે. તેણે ગયા વર્ષે કેટલીક નોટ બહાર પાડી હતી, જેમાં લિપુલેખ, કાલાપાણી અને લિમ્પિયાધુરાને નેપાળનો ભાગ દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે આ ત્રણેય વિસ્તારો ભારતીય સીમામાં આવે છે.

નેપાળ સરકાર દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝ

બે નદીઓ દ્વારા નક્કી થઈ ભારત-નેપાળની સરહદ

ભારત, નેપાળ અને ચીનની સરહદને અડીને આવેલા આ વિસ્તારમાં હિમાલયની નદીઓથી બનેલી એક ખીણ છે, જે નેપાળ અને ભારતમાં વહેતી કાલી અથવા મહાકાલી નદીનું ઉદ્ગમ સ્થાન છે. આ વિસ્તારને કાલાપાની પણ કહેવાય છે. અહીં જ લિપુલેખ ઘાટ પણ છે. અહીંથી ઉત્તર-પશ્ચિમ દિશામાં થોડા અંતરે બીજો એક ઘાટ છે, જેને લિમ્પિયાધુરા કહે છે. અંગ્રેજો અને



નેપાળના ગોરખા રાજા વચ્ચે 1816માં થયેલા સુગૌલી કરારમાં કાલી નદી દ્વારા ભારત અને નેપાળ વચ્ચે સરહદ નક્કી કરવામાં આવી હતી. કરાર હેઠળ કાલી નદીના પશ્ચિમ વિસ્તારને ભારતનો વિસ્તાર માનવામાં આવ્યો, જ્યારે નદીની પૂર્વમાં આવતો વિસ્તાર નેપાળનો બન્યો. કાળી નદીના ઉદ્ગમ સ્થળને લઈને, એટલે કે તે સૌથી પહેલા ક્યાંથી નીકળે છે, તેને લઈને બંને દેશો વચ્ચે વિવાદ રહ્યો છે. ભારત પૂર્વીય ધારાને કાળી નદીનું ઉદ્ગમ માને છે. જ્યારે નેપાળ પશ્ચિમી ધારાને ઉદ્ગમ ધારા માને છે અને આ જ આધાર પર બંને દેશો કાલાપાણીના વિસ્તાર પર પોતાનો દાવો કરે છે.લિપુલેખ ઘાટમાંથી પસાર થાય છે માનસરોવર યાત્રા, ચીની સેના પર નજર રાખવી પણ સરળ

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આવેલું કાલાપાણી ભારત-નેપાળ-ચીન વચ્ચે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ટ્રાય-જંકશન છે. કાલાપાણીથી ભારત ખૂબ જ સરળતાથી ચીની સેના પર નજર રાખી શકે છે. ભારતે પહેલીવાર 1962ના યુદ્ધમાં અહીં સેના તૈનાત કરી હતી. વિસ્તારના મહત્વને જોતા આ દિવસોમાં અહીં ભારત-તિબેટ સીમા પોલીસ (ITBP) તૈનાત છે.

ભારતથી માનસરોવર જતા યાત્રાળુઓ આ જ વિસ્તારના લિપુલેખ ઘાટમાંથી પસાર થાય છે. 1962માં ચીનના હુમલા પછી ભારતે લિપુલેખ ઘાટ બંધ કરી દીધો હતો. 2015માં ચીન સાથે વેપાર અને માનસરોવર યાત્રાને સુગમ બનાવવા માટે તેને ફરીથી ખોલવામાં આવ્યો. મે 2020માં ભારતે કૈલાશ માનસરોવર યાત્રાને સુગમ બનાવવા માટે પિથોરાગઢથી લિપુલેખ ઘાટ સુધી 80 કિમી લાંબા નવા રસ્તાનું ઉદ્ઘાટન કર્યું હતું, જેને લઈને નેપાળે નારાજગી વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ 2015માં ચીન યાત્રા દરમિયાન તેમણે અને તત્કાલીન ચીની પ્રધાનમંત્રી લી કેકિયાંગે લિપુલેખના રસ્તે વેપાર વધારવાનો કરાર કર્યો હતો.

# અમેરિકી જહાજોના પણ એવા જ હાલ થશે જે તેના F-15 ફાઈટર જેટના થયા હતા

તેહરાન, તા.04

ઈરાનના વરિષ્ઠ અધિકારી મોહસિન રઝાઈએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકી સેનાનું કબ્રસ્તાન બનાવી દેવામાં આવશે. મોહસિન રઝાઈ અગાઉ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) માં કમાન્ડર રહી ચૂક્યા છે. તેમણે અમેરિકી સેનાને સમુદ્રી લૂંટારા (પાઈરેટ) ગણાવતા કહ્યું કે અમેરિકા વિશ્વનો એકમાત્ર એવો પાઈરેટ છે જેની પાસે એરક્રાફ્ટ કેરિયર્સ છે. રઝાઈએ ગયા મહિને ઈસ્ફહાનમાં એક અમેરિકી F-15E વિમાન તોડી પાડવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જે રીતે તે વિમાનનો કાટમાળ પડ્યો હતો, તેવો જ અંજામ અમેરિકી જહાજો અને સૈનિકોનો પણ થઈ શકે છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈ ભૂલ કરશે તો તેના પર ફરીથી હુમલા થઈ શકે છે. તેમણે કહ્યું કે અમેરિકા અત્યારે મજબૂત સ્થિતિમાં છે, જ્યારે તેહરાન દબાણમાં છે અને સમજૂતી કરવા માંગે છે. આ સિવાય, ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને જણાવ્યું કે પાકિસ્તાનની મધ્યસ્થી દ્વારા ઈરાન તરફથી 14-પોઈન્ટનો પ્રસ્તાવ મળ્યો છે, જેના વિગતવાર ડ્રાફ્ટની રાહ જોવાઈ રહી છે. અમે આ નવા પ્રસ્તાવની સમીક્ષા પણ કરી રહ્યા છીએ.

ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ 14-પોઈન્ટનો પ્રસ્તાવ અમેરિકાના 9-પોઈન્ટ પ્લાનના જવાબમાં મોકલવામાં આવ્યો છે. તેમાં 30 દિવસની અંદર તમામ મુદ્દાઓના સમાધાન, ભવિષ્યમાં હુમલાઓ સામે ગેરંટી, ક્ષેત્રમાંથી અમેરિકી સૈનિકોની વાપસી, ફ્રીઝ કરાયેલી ઈરાની સંપત્તિઓને મુક્ત કરવા, પ્રતિબંધો હટાવવા અને યુદ્ધના વળતરની માગ સામેલ છે. આ ઉપરાંત, પ્રસ્તાવમાં હોર્મુઝ સ્ટ્રેટને લઈને નવી પદ્ધતિ બનાવવાની, અમેરિકી નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવાની અને પ્રાદેશિક સંઘર્ષોનો અંત લાવવાની વાત પણ કહેવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, કરાર પછી પરમાણુ કાર્યક્રમ પર અલગથી વાતચીતનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ 25 એપ્રિલે પાકિસ્તાન પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાને 14-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ 25 એપ્રિલે પાકિસ્તાન પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી. પાકિસ્તાનની મધ્યસ્થીમાં ઈરાને 14-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ફરી યુદ્ધનો ખતરો- ઈરાનના અધિકારી મોહમ્મદ જાફર અસદીએ ચેતવણી આપી હતી કે અમેરિકા સાથે ફરીથી યુદ્ધ થઈ શકે છે, ઈરાની સેના આ માટે તૈયાર છે. 48 જહાજોએ રસ્તો બદલ્યો- અમેરિકાએ દાવો કર્યો હતો કે છેલ્લા 20 દિવસમાં 48 જહાજોએ તેના દબાણ હેઠળ ઈરાનના બંદરોથી હટીને બીજી દિશામાં પોતાનો રસ્તો બદલ્યો છે. હોર્મુઝ ખોલવાનો પ્રસ્તાવ- ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ કરી છે કે તેમના નવા પ્રસ્તાવમાં પહેલા હોર્મુઝ ખોલવા અને અમેરિકી નાકાબંધી સમાપ્ત કરવાની વાત છે, જ્યારે પરમાણુ મુદ્દે વાતચીત પછીથી કરવામાં આવશે. 16 અમેરિકી ઠેકાણાં ડેમેજ- CNNના એક તપાસ રિપોર્ટ અનુસાર, યુદ્ધ દરમિયાન ઈરાને મિડલ ઈસ્ટના 8 દેશોમાં 16 અમેરિકી ઠેકાણાંને નુકસાન પહોંચાડ્યું છે.

## તંત્રી લેખ

# તમિલનાડુમાં થલાપતિનો 'વિજય' ઘોષ

'આ ચૂંટણી વિજય વિરુદ્ધ સ્ટાલિનની લડાઈ છે.'

23 ફેબ્રુઆરી, 2026ના રોજ થલાપતિ વિજયે પહેલીવાર આ વાત કહી હતી. તમિલનાડુના વેલ્લોરમાં તેમની રેલી હતી. એટલા લોકો આવ્યા કે નેશનલ હાઈવે-48 થંભી ગયો. ટ્રાફિક એટલો હતો કે 4 કલાક સુધી ગાડીઓ હલી શકી નહોતી. આ જ દિવાનગી મતમાં બદલાઈ અને વિજયની માત્ર બે વર્ષ જૂની પાર્ટી તમિઝાગા વેત્રી કઝગમ તમિલનાડુની સત્તાની નજીક પહોંચી ગઈ. પોલિટિક્સમાં વિજયની બિલકુલ ફિલ્મી એન્ટ્રી. 4 મેની સાંજ સુધીમાં TVK 105, DMK 59 અને AIADMK 48 બેઠકો પર સરસાઈ જાળવી રાખી હતી. બહુમતી માટે 118 બેઠકો જોઈએ. જો આવું જ પરિણામ રહેશે, તો TVKને સરકાર બનાવવા માટે માત્ર 10 બેઠકોની જરૂર છે. સિનેમાના પડદા પર 'માસ્ટર' બનીને સિસ્ટમ સુધારનારા, 'મર્સલ' બનીને ભ્રષ્ટાચાર સામે લડનારા અને 'લિઓ' બનીને દુશ્મનોને ખતમ કરનારા વિજય હવે તમિલનાડુની સરકાર ચલાવશે.

TVK સૌથી મોટી પાર્ટી બન્યા બાદ થલાપતિ વિજયના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે.

વિજયને આટલી મોટી જીત મળવાના 5 કારણો

1. વિજયનો સ્ટારડમ, વિજય જ પાર્ટી, વિજય જ મુદ્દો

28 વર્ષના ભાસ્કર ચેન્નાઈમાં રહે છે. DMK અને સ્ટાલિનના સમર્થક હતા. સરકારનું કામ પણ ગમતું હતું. 23 એપ્રિલે વોટિંગના દિવસે થલાપતિ વિજયની પાર્ટી TVKને વોટ આપી દીધો. બોલ્યા કે માહોલ બદલાઈ ગયો છે. હવે વિજય જ એકમાત્ર વિકલ્પ છે. તે જ તમિલનાડુમાં બદલાવ લાવી શકે છે. સેન્ટ્રલ અને નોર્થ તમિલનાડુના અલગ-અલગ વિસ્તારોમાં ચૂંટણીના 2 દિવસ પહેલા વોટરનો મૂડ બદલાઈ ગયો. ચૂંટણીનું કવરેજ કરતી વખતે અમે થલાપતિ વિજયની લહેર અનુભવી શકતા હતા. અમે વિજયની ઘણી રેલીઓ અને રોડ શો પણ કવર કર્યા. ચેન્નાઈના ટીનગરની રેલીમાં વિજય માટે લોકોમાં દિવાનગી જોઈ. વિજયને જોતા જ એક વ્યક્તિ પહેલા જોરથી બૂમો પાડવા લાગ્યો, પછી રડવા લાગ્યો. વિજયની એક ઝલક માટે તે 6 કલાક તડકામાં ઉભો રહીને રાહ જોતો હતો. 15 એપ્રિલે વિજયની ચેન્નઈમાં રેલી હતી. થલાપતિને જોતા જ એક ફેન ચીસો પાડવા લાગ્યો. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. ફેન્સમાં વિજય માટે આવી જ દીવાનગી છે. વિજયનો રોડ શો સાંજે 4 વાગ્યે હતો, પરંતુ ભીડ સવારે 11 વાગ્યાથી એકઠી થવા લાગી હતી. આખા વિસ્તારમાં બેરિકેડિંગ કરી દેવામાં આવ્યું હતું. હજારો લોકો તડકામાં બેરિકેડની પાછળ ઉભા રહ્યા. હેતુ માત્ર એક જ, વિજયની એક ઝલક મળી જાય. બસ દ્વારા 300 કિમીની મુસાફરી કરીને આવેલો એક છોકરો, પુત્રને લઈને આવેલી માતા, 61 વર્ષની વૃદ્ધ મહિલા તમામને માત્ર એક વાર વિજયને જોવા હતા. આ લોકોને ખબર નહોતી કે વિજય સરકારમાં આવીને શું કરશે, તેમના મેનિફેસ્ટોમાં શું વચનો છે, તેઓ સ્ટાલિન સરકારથી શું અલગ કરશે. તેમ છતાં તેઓ વિજયને મુખ્યમંત્રી બનતા જોવા માંગતા હતા. વિજયની આ જીત તેમના સ્ટારડમની જ જીત છે. વિચારધારા, પાર્ટી, ચૂંટણીના ગુણાકાર-ભાગાકાર, લોકપ્રિય વચનો બધું પાછળ રહી ગયું. વિજયનો થલાપતિ કલ્ટ ફિગર આ બધાને પછાડીને આગળ નીકળી ગયો.

# જીવ નું "હું નિમિત્ત માત્ર છું" એવું સહજ જ્ઞાન જ એનાં જીવનને તૃપ્તિ પ્રદાન કરી શકે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. કળિયુગનો પ્રભાવ જેમ જેમ વધતો જાય છે, તેમ માનવીય અંતઃકરણ ચતુષ્કોણનાં ચારે ખૂણાં મોટેભાગે સંતુલિત થતાં નથી, અને એને કારણે એ અશાંતિનો અનુભવ કરે છે. મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર નામનાં આ ચાર ખૂણા બેલેન્સ કરવામાં મોટેભાગે જીંદગીની મહત્વપુર્ણ યાત્રા પૂરી થઈ જાય છે! પણ જીવને તૃપ્તિનો અનુભવ થતો નથી! કારણ કે ક્યારેક મનની ઈચ્છા પૂરી કરવામાં, બુદ્ધિમાં અનાસક્તિ ભાવ ન્હોય તેથી એ અનુગામી થતી નથી. ચિત્તમાં ભૂત ભવિષ્યની મંડરાતી ભાવનાને કારણે શુદ્ધિ થતી નથી, અને અહમનો ફૂંફાડો તો ઝેરીલા સર્પ કરતાં પણ વધુ ઝેરી! જ્યારે ભગવત્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, સંસારિક ભાવોમાં તૃપ્તિ આવે એને વનમાં જઈ સંન્યાસ લેવાની જરૂર નથી! એટલે શાંતિ માટે સંતોષ બહું જરુરી છે, અને આપણે એ રીતે જ તૃપ્ત થઈ શકાય, અને એટલે જ ભગવાન શ્રીકૃષ્ણ ભગવત્ ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં ૮ માં શ્લોકમાં કહે છે કે,

જ્ઞાનવિજ્ઞાન તૃપતાત્મા કૂટસ્થો વિજેતેન્દ્રિયઃ,
યુક્ત ઈત્યુચ્યતે યોગી સમલોષ્ટાશ્મકાગ્ચન.

જેનું અંતકરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે, જેની સ્થિતિ વિકાર રહિત છે, જેની ઈન્દ્રિયો સારી પેઠે જીતાયેલી છે, તેમજ જેનાં માટે માટી પથ્થર અને સુવર્ણ સમાન છે, એ યોગી યુક્ત અર્થાત ભગવત પ્રાપ્ત કહેવાય છે.

**જ્ઞાનવિજ્ઞાન તૃપતાત્મા, આ શબ્દમાં ભગવાન જીવને પોતાનાં અંતઃકરણને જ્ઞાન વિજ્ઞાનથી તૃપ્ત કરવાનું કહે છે, પરંતુ જ્ઞાન અને વિજ્ઞાન એ બંને શબ્દનો પ્રયોગ કરીને શું કહેવાં માગે છે? કારણ કે જ્ઞાન એટલે જીવનું અહીં નિમિત્ત માત્ર હોવું એવું સહજ જીવી શકાય, એવો બોધ પ્રાપ્ત કરવો, જ્ઞાનનો જાણકારી એવો સિમિત અર્થ કરી શકાય નહીં. વિજ્ઞાન એટલે પ્રાણી માત્રની ઉત્પત્તિથી શરૂ કરીને એનું અસ્તિત્વ ટકાવી રાખવાં માટે અવકાશ, પ્રકૃતિ, ભૂમિ, વનસ્પતિ, જેવાં જૈવિક અને રસાયણ, તેમજ ભૌતિક પદાર્થ જેવાં જરૂરી વિવિધ વિષયોમાં સંશોધન કરી એકઠી કરેલી માહિતી, જેનો ઉપયોગ પ્રાણી માત્રનાં જીવનને સુખરુપ એવંમ સુવિધા આપવા માટે થાય છે. એટલે ભગવાન કહે છે કે જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે, એને વિજ્ઞાનના સુખ સુવિધાની ઉણપ વર્તાતી નથી, અને એ જીવ આત્મ ખોજ, આત્મ બોધ, અને આત્મ દર્શનમાં જ સુખને અનુભવી સ્થિર માનસિકતામાં જીવે છે.

**કૂટસ્થો વિજેતેન્દ્રિયઃ અહીં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, વિજેત ઈન્દ્રિય એટલે કે જેણે પોતાની ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો છે, એટલે અંતઃકરણનાં મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકારનાં ચારેય ખૂણાઓ નિર્વિકાર બને અને જીવ જે સ્થિતિમાં છે, એનો સહજ



સ્વીકાર કરીને પરમ તત્વમાં તલ્લીન થઈ જાય! અથવા આત્મ સ્વરૂપનો બોધ થતાં સ્વયં શૂન્ય એવંમ પૂર્ણ છે, એ રીતે ઈચ્છાની સમાપ્તિથી વિચારોને વિકાર રહીત બનાવે.

**યુક્ત ઈત્યુચ્યતે યોગી, અહીં શ્રીકૃષ્ણ યોગીની સ્થિતિ વર્ણવે છે! કે જે સતત યોગનાં અંગો સાથે કોઈ ને કોઈ રીતે જોડાયેલ રહે છે. પરંતુ સ્થાન ગ્રહણ કરવાથી કે આસન પાથરીને બેસી જવાથી યોગ સાધી શકાતો નથી અને નથી યોગી થવાતું! કારણ કે અંદરની વૃત્તિ એકાંતમાં તીવ્ર બને છે! અને એટલે જ ઈચ્છા મુક્ત થઈ યોગમાં યુક્ત થવાનું કહેવામાં આવ્યું છે.

**સમલોષ્ટાશ્મકાગ્ચન, સમ + લોષ્ટ + આશ્મ + કાગ્ચન. માટી પત્થર અને સુવર્ણ આ ત્રણેય સ્થિતિમાં જે સમ છે! એટલે કે સુખ, દુઃખ, કે હર્ષ શોક માં પણ ચલિત થતો નથી એ યોગી છે એવું અહીં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. તત્વ જ્ઞાનનું ચિંતન કરનારે આ શબ્દનો આ રીતે અર્થ કરી શ્લોકને સમાપ્ત કર્યો, પરંતુ સદગુરુ કૃપા મને કંઈક વિશેષ ચિંતન કરવા પ્રેરે છે કે ભગવાન શ્રીકૃષ્ણ એ માટી પત્થર અને સુવર્ણ નું ઉદાહરણ શું કામ દીધું? કારણ કે આ પદાર્થો નાં મુખ્ય ગુણધર્મ અનુસાર જે માનવીય માનસિકતા હોય બસ એ યોગી છે! એવું કદાચ શ્રીકૃષ્ણનું કહેવું હોય શકે.

*માટી નો મુખ્ય ગુણધર્મ, એક એ નરમ છે, બીજું એ ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે, એ ફળદ્રુપ છે, તેનો કોઈ નિશ્ચિત આકાર નથી, જે ઢાંચામાં નાખો એ રીતે એ પોતાનું રૂપ બનાવે છે, અને છતાં સ્વરૂપની અલૌકિકતા પ્રદાન કરે છે, એટલે કે કુંડુ ક્યારો કે વન બધે બીજને અંકુરિત કરે છે. જુદી જુદી માટીની ફળદ્રુપતા અલગ અલગ હોય છે, પંચમહાભૂત નું પૃથ્વી તત્વ ભલે જડ હોય પણ માટી જડ નથી.

*પત્થર નો મુખ્ય ગુણધર્મ એ અચલ અડગ છે! એમાં છિદ્ર કરવા એ આસાન નથી! અને એની પર ગમે તે ઢોળવામાં આવે એમાંથી એ કંઈ ગ્રહણ કરતો નથી, એટલે કે અસંગ છે. પાણીમાં રાખવાથી ઓગળતો નથી, તાપમાન પણ ઓગાળી શકે નહીં! હા એને પ્રહાર કરી તોડી શકાય, પણ એ રીતે એને આપણે ઈચ્છિત આકારમાં કંડારી શકીએ છીએ! પત્થર પણ પંચમહાભૂતના પૃથ્વી તત્વ નું અંગ છે, છતાં એનાં ગુણધર્મ અલગ છે! એમ યોગી, યોગી પણ અલગ માનસિકતા ધરાવી શકે, પણ એ કહેવાય તો યોગી જ! કંઈ પણ થાય પરંતુ પોતે પોતાનાં માનસમાં વિકાર પ્રવેશવા નહીં દે એવો અડગ નિર્ધાર કરનાર યોગી છે.

*સુવર્ણ, આ પણ ધાતું, અને ધાતું પણ પૃથ્વી માંથી જ મળે, એટલે કે એ પણ પંચમહાભૂતનુ પૃથ્વી તત્વની પૃષ્ટિ કરે છે. તેનો મુખ્ય ગુણધર્મ એ સ્થિતિ સ્થાપક છે, પરંતુ એને તપાવવા માં આવે તો એ નરમ બને છે અને આપણે ઈચ્છીએ એ આકાર ધારણ કરે છે,પણ છતાં તે બરડ રહે છે એટલે કે બટકી જાય છે,પણ એમાં અન્ય કોઈ મેળવણી કરવામાં આવે તો દીર્ઘ કાળ સુધી આપણુ ઈચ્છિત રપ ધારણ કરીને રહે છે, અને એ ખૂબજ કિંમતી છે, તેની પર અગ્નિ સિવાય બાકીના પંચમહાભૂતની અસર નથી.

હવે બોધની વાત કરીએ તો ભગવાન શ્રીકૃષ્ણ માટી પત્થર અને સુવર્ણ એમ યોગીની ત્રણ કક્ષા બતાવે છે, અને કહેવાં માંગે છે કે શરીર નાશવંત છે, એટલે કે માટી તારો દેહ એક માટી છે! એ અંતે માટીમાં જ ભળી જશે,અને એટલે એની બહુ આળપંપાળ કરવાની જરૂર નથી,પણ માટી જેમ અન્ય માટે ફળદ્રુપ બનવાનું કાર્ય કરવાનું છે, અને એ રીતે તું યોગી થઈ શકે છે. પત્થર એટલે સ્થિર,પોતાનાં નિર્ણયો માટે પત્થર જેમ અડગ કે અચલ રહેવું એ બરોબર છે, પણ અન્ય માટે પત્થર જેમ અવરોધ બનવાનું નથી, ત્યાં તારે કંડારાવાની તૈયારી રાખવી પડશે, ટાઢ, કપરી પરિસ્થિતિ, તાપ એટલે ક્રોધ, તથાં પાણી એટલે મમતાથી પીગળવાનું નથી, અને એમ તું યોગી બની શકે છે. સુવર્ણ આ દેહ માટીનો છે, પરંતુ એમાં આત્મ તત્વ રુપે સુવર્ણ છે, અને એ એક કિંમતી ધાતુ છે, જીવનમાં આવતી વિપરીત પરિસ્થિતિ નો તાપ સહન કરીને તું આ સુવર્ણ માંથી જીવનનો ઈચ્છિત આકાર આપી જીવનને ભૂષણ બનાવી શકે તો તું યોગી છે! અથવા તો આત્મ તત્વનું સુવર્ણ જેમ એશ્વર્ય અનુભવે, તો આ રીતે આપણે સૌ ગીતાના ગુઢાર્થ ને આત્મસાત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના માટે ફક્ત 22 દિવસોમાં અમદાવાદમાં ભારતીય રેલવે ટ્રેક પર તમામ પાંચ ભારે પોર્ટલ બીમ લૉન્ચ કરવામાં આવ્યા



અમદાવાદ-વડોદરા રેલવે, તા.04

એન્જિનિયરીંગના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના માટે મણીનગરમાં અમદાવાદ-વડોદરા રેલવે લાઈનની ઉપર, તમામ પાંચ (05) પ્રીકાસ્ટ-પ્રીસ્ટ્રેસ્ટ ભારે પોર્ટલ બીમ (ગર્ડર) ને ફક્ત 22 દિવસોની અંદર સફળતાપૂર્વક સ્થાપિત કરી દેવામાં આવ્યા છે.

લૉન્ચિંગ પ્રક્રિયા 8, 13, 19, 24 અને 29 એપ્રિલ 2026 ના રોજ પૂર્વ-આયોજિત અને તબક્કાવાર ક્રમમાં સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી. આ કામ ભારતીય રેલવેના સક્રિય પાટાઓ પર અત્યંત ઉચ્ચ સ્તરના સંકલન, ઝડપી ગતિ તથા સચોટ અને સુરક્ષિત અમલીકરણ સાથે પૂર્ણ કરવામાં આવ્યું. સૌથી ભારે બીમ, જેનું વજન લગભગ 1360 એમટી હતું, 8 એપ્રિલ 2026 ના રોજ લૉન્ચ કરવામાં આવ્યો, જે પરિચાલન રેલવે લાઈનો પર કરવામાં આવેલા સૌથી ભારે લિફ્ટોમાંથી એકને ચિહ્નિત કરે છે. પાંચેય બીમોમાંથી દરેકનું વજન 1170 એમટી થી 1360 એમટી વચ્ચેનું હતું, જેનાથી આ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરવામાં આવેલા સૌથી મુશ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સંચાલનમાંથી એક બની ગયું.

મણીનગરમાં, બુલેટ ટ્રેનનું એલાઈનમેન્ટ વર્તમાનના રેલવે ટ્રેક્સથી ઊંચાઈવાળા સ્તરે આશ્ચર્યજનક અને મર્યાદિત ભૂમિતિ સાથે ક્રોસ કરે છે, જેના માટે સાવધાનપૂર્વક ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાની જરૂરિયાત હોય છે. બે પિયર્સ વચ્ચેનું અંતર પણ અપેક્ષાએ મોટું છે (લગભગ 30 મી. થી 34 મી.), જે સુરક્ષિતરૂપે વજનને સ્થાળાંતરિત કરવા માટે પોર્ટલ બીમ જેવી મજબૂત અન કઠોર સહાયક સિસ્ટમની જરૂરિયાતને વધારે છે. આ સ્થાન પર પોર્ટલ બીમને ભારે માળખારૂપે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેથી તે ભારતીય રેલવેના કેટલાય સક્રિય પાટાઓ–જેમાં અમદાવાદ-વડોદરાની 'અપ', 'ડાઉન' અને ત્રીજી લાઈન સામેલ છે–ની ઉપરથી પસાર થઈ શકે. એમનો વિશાળ આકાર અને વજન તેમને ઉત્તમ સ્થિરતા અને લઘુત્તમ નીચેનો ઝુકાવ પૂરો પાડે છે, જે આટલા વ્યસ્ત રેલવે ટ્રેક પર સચોટ એલાઈન્મેન્ટ જાળવી રાખવા અને સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે અત્યંત જરૂરી છે.

લૉન્ચિંગ કામ 2200 મેટ્રિક ટન કૉલર ક્રેનનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું, જે મુખ્ય ઉપકરણ તરીકે વપરાશમાં આવ્યો, તેને ભારતીય રેલવે ટ્રેક પર પ્રથમ વાર વપરાશમાં લેવામાં આવ્યો છે. દરેક પોર્ટલ બીમને લગભગ 3.5 કલાકમાં લૉન્ચ કરવામાં આવ્યા, જે પહેલાના 9-કલાકના બ્લૉકોની સરખામણીમાં ઘણું ઝડપી છે અને ભારતીય રેલવેની સાથે નજીકના સંકલનમાં કરવામાં આવ્યું છે. મર્યાદિત સ્થાન, ઓએચઈ (ઓવર-હેડ ઈલેક્ટ્રિફિકેશન) અને સક્રિય રેલવે ટ્રેક્સ જેવા પડકારો હોવા છતાં, સંચાલન ઉચ્ચ કુશળતા, કડક સુરક્ષા તપાસ અને સતત દેખરેખ સાથે પૂર્ણ કરવામાં આવ્યું.

વધારાની માહિતી :

પોર્ટલ બીમ એક પ્રીકાસ્ટ કોંક્રિટ માળખું છે, જેની લંબાઈ 34 મીટર છે અને એનું ક્રૉસ-સેક્શન 5.5 મીટર ગુણ્યા 4.5 મીટર છે. આ બીમોને સાઈટ પર જ પ્રીકાસ્ટ કરવામાં આવી રહ્યા છે અને એમને ભારે એકિકૃત એકમોના રૂપમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

# જે તમારી હાજરીમાં ટીકા કરે એ દુશ્મન નથી, શુભેચ્છક છે દુશ્મન તો પીઠ પાછળ વાત કરે. સામે કહેનાર તમને તક આપે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવનમાં પ્રશંસા કરનારા તો સૌને ગમે છે,પણ ટીકા કરનારા? ટીકાને આપણે દુશ્મન માનીએ છીએ. પણ સાચો સંત કોને કહેવાય?જે પ્રશંસામાં ન ફૂલે અને નિંદામાં ન ડગે.સંત દાદુ દીનદયાળજીના જીવનનો એક પ્રસંગ આપણને શીખવે છે કે ટીકાકાર એ દુશ્મન નહીં, પણ આપણો સૌથી મોટો શુભેચ્છક છે.જે આપણા અહંકારને ઓગાળીને નમ્રતાનો દીપ પ્રગટાવે છે.આ કથા માત્ર દાદુજીની નથી,ગોપીઓના શ્રીકૃષ્ણ વિરહની પણ છે. કારણ કે વિયોગ એ પણ એક વિશિષ્ટ યોગ છે, જે આત્માને પરમાત્મા સાથે જોડે છે. સાંજ પડી ગઈ હતી.આકાશ આછું સોનેરી રંગ ધારણ કરી રહ્યું હતું.ગામડાના ધૂળિયા રસ્તે સંત દાદુ દીનદયાળ જી ભિક્ષા યાત્રાએ નીકળ્યા હતા તેમના ચહેરા પર અદ્ભુત શાંતિ હતી,આંખોમાં કરુણા અને ચાલમાં સ્થિરતા.રોજનો એ જ ક્રમ હતો પણ તે રસ્તે એક ઘર એવું હતું જ્યાંથી પસાર થતાં જ વાતા વરણ બદલાઈ જતું.એ ઘરમાં રહેતો માણસ દાદુજીનો કટ્ટર ટીકાકાર હતો.સંતને જોતાં જ તેના ચહેરા પર તિરસ્કારની લાગણી છલકાઈ આવતી. બારણે આવીને તે બૂમ પાડતો, 'જુઓ,તે મહાન સંત ફરી પાછા આવ્યા છે!તે પોતાને એકદમ ઋષિ માને છે.ઢોંગી છે બધો!'તે બધા પ્રકારના આરોપો અને કઠોર શબ્દો ફેંકતો અને પછી અંદર પાછો ફરતો.

દાદુજી કશું બોલતા નહીં. શાંતિ થી સાંભળી લેતા અને આગળ વધી જતા. આશ્ચર્યની વાત એ હતી કે દાદુજી દરરોજ તે જ રસ્તેથી પસાર થતા રહ્યા. ઘણીવાર જ્યારે નિંદા કરનાર ક્યાંય દેખાતો ન હતો ત્યારે પણ દાદુજી તેમના ઘરની સામે થોડી ક્ષણો માટે રોકાતા, જાણે કોઈની રાહ જોતા હોય.શિષ્યોને આ વાત સમજાતી ન હતી.

એક દિવસ પસાર થયો,પછી બીજો,પછી ઘણા દિવસો વીતી ગયા. નિંદા કરનાર દેખાયો નહીં. રસ્તો સૂનો લાગવા માંડ્યો.આ વખતે દાદુજી તે ઘર સામે અટકી ગયા. તેમના ચહેરા પર ચિંતાની રેખાઓ છવાઈ ગઈ.તેમણે નજીકના લોકોને પૂછ્યું:'ભાઈ, તે માણસ ઘણા દિવસોથી દેખાયો નથી;બધું બરાબર છે ને?'

એક વૃદ્ધ ગ્રામવાસી ભારે અવાજે જવાબ આપ્યો: 'મહારાજ, તે ગુજરી ગયો છે.'

આ સાંભળીને એવું લાગ્યું કે સમય થંભી ગયો. દાદુજીના હાથ ધ્રૂજવા લાગ્યા, અને તેમની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. અને પછી, અચાનક.તે ખૂબ રડવા લાગ્યા.જે સંત સુખ-દુઃખ માં સમ રહેતા,તે આજે બાળક ની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

શિષ્યો આ દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા. હિંમત એકઠી કરીને એક શિષ્યએ પૂછ્યું, 'ગુરુદેવ! તમે કેમ રડી રહ્યા છો?તે તમારા વિશે ખરાબ બોલતા હતા. તમારે તેમના ગયાનો આનંદ માણવો જોઈએ!'

આંસુઓથી ભીની આંખો સાથે દાદુજીએ શિષ્ય તરફ જોયું અને નમ્ર સ્વરે કહ્યું, 'તમે સમજી શકતા નથી.તે મારા સૌથી મોટા શુભેચ્છક હતા.'શિષ્ય આશ્ચર્ય ચકિત થઈ ગયો.

દાદુજીએ આગળ કહ્યું, 'જ્યારે પણ તેઓ મારી ટીકા કરતા, ત્યારે તેમણે મને યાદ



અપાવ્યું કે હું કોઈ મહાન સંત નથી,હું તો એક સાધારણ માણસ છું. તેમણે ક્યારેય મારામાં અહંકારને મૂળિયાં પકડવા દીધા નહીં. તેમના કઠોર શબ્દો મારા મનની અશુદ્ધિઓ ધોઈ નાખતા. તે મારો અરીસો હતો.'

થોડીવાર થોભીને,તેમણે ઊંડો શ્વાસ લીધો.'હવે જ્યારે તેઓ ગયા છે..મને સત્ય કહેવા માટે કોણ બાકી છે?મારી ખામીઓ બતાવવા માટે કોણ હશે?પ્રશંસા કરનારા તો ઘણા મળશે, પણ સાચું કહેનારો ક્યાંથી લાવીશ?'

આખું વાતાવરણ શાંત થઈ ગયું. શિષ્યની આંખો પણ ભીની થઈ ગઈ. ત્યારે જ તેમને ખરેખર સમજાયું કે સાચો સંત તે છે જે ટીકામાં પણ આશીર્વાદ અનુભવી શકે છે.

આકાશ તરફ જોઈને દાદુજીએ કહ્યું, 'કબીરદાસજીએ સાચું જ કહ્યું છે.નિંદક નિયરે રાખિયે, આંગન કુટી છવાયા બિન પાની, સાબુન બિના,નિરમલ કરૈસુભાય ટીકાકારને તમારી નજીક રાખો, તમારા આંગણામાં જ તેના માટે એક ઝૂંપડું બનાવો.કારણ કે પાણી કે સાબુ વિના, તે તમારા સ્વભાવને શુદ્ધ કરે છે.'

તે દિવસે, શિષ્યને ખબર પડી કે જે આપણી ખામીઓ બતાવે છે તે આપણો દુશ્મન નથી, પણ સાચો મિત્ર છે. અને દાદુજી તે માર્ગ પર આગળ વધ્યા; છતાં, તેમના આંસુ એક પાઠ છોડી ગયા: નમ્રતા એ સંતની સાચી ઓળખ છે.

આ જ નમ્રતા અને સમર્પણની પરાકાષ્ઠા આપણને ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રેમમાં જોવા મળે છે. જેમ દાદુજી માટે ટીકાકાર અરીસો હતો,તેમ ગોપીઓ માટે શ્રીકૃષ્ણનો વિયોગએ અરીસો હતો. વિયોગમાં જ તેમને પોતાના પ્રેમની ગહનતા સમજાઈ.

હે પ્રિય શ્રીકૃષ્ણ, તમારું પ્રાગટ્ય અમ જેવા વ્રજવાસીઓ અને વનવાસીઓ સૌનાં દુઃખ દૂર કરવા માટે છે.તમારું પ્રાગટ્ય વિશ્વ માટે મંગલકારી છે. અમારો રોગ તમે જાણો છો, બીજું કોઈ જાણતું નથી. માટે સ્વજનોના હૃદયરોગનો નાશ કરનારું એ ગુપ્ત ઔષધ અમને આપો! અમારું ઔષધ તમે પોતે છો. અમે કેવળ તમારી જ સ્પૃહા કરીએ છીએ.

હે પ્રિય શ્રીકૃષ્ણ,તમારાં ચરણ એવાં કોમળ છે કે અમે બીતાં અમારા ઠાકોર હૃદય પરએ ધારણ કરીએ છીએ.ત્યારે તમે ઊઘાડા પગે વનમાં વિચરો છો! વનમાં ફરતી વખતે કાંટા કાંકરા થી તમારાં ચરણકમળને કેટલી વેદના થતી હશે?હે શ્રીકૃષ્ણ, તમે તો અમારું જીવન છો. તમારા વિના અમારી મતિ મૂંઝાય જાય છે.છેવટે વિરહ વેદના અસહ્ય બની ત્યારે ગોપીઓ ઊંચા સ્વરે રડવા લાગી અને ત્યારે પ્રભુ પ્રગટ થયા પરમાત્મા માટે સાધન કરતો જીવ જ્યારે થાકી જાય અને બાળક ની જેમ રડે ત્યારે પ્રભુ પ્રગટ થાય છે. પરમાત્મા પૂરો પ્રેમ માગે છે. પાગલ થયા વિના પરમાત્મા મળતા નથી.

શ્રીકૃષ્ણ જવાબ આપે છે,'હું તો આ ત્રણે પ્રકારથી પર છું. હું કોઈ ચોકઠામાં પૂરાયેલો નથી. સખી ઓ, તમારા પ્રેમને હું જાણું છું. મારા વિયોગમાં તમને દુઃખ થયું તે જાણું છું, પણ તે વિયોગ તમને વિશિષ્ટ યોગનું દાન કરવા માટે હતો.'

સંયોગ કરતાં વિયોગમાં લક્ષ્ય સાથે વધારે એકતાનતા થાય છે, તેથી વિયોગ એ વિશિષ્ટ પ્રકારનો યોગ છે. આ વિશિષ્ટ પ્રકારના યોગનું ગોપીઓને દાન કરવા શ્રીકૃષ્ણ અદૃશ્ય થયા હતા. આ વિયોગમાં ગોપીઓ એવી તન્મય હતી કે,તેમને બહિરંગમાં વિયોગ દેખાય છે,પણ અંતરંગમાં સંયોગ દેખાય છે. દરેક વૃક્ષ,દરેક યમુના જળ,દરેક વાંસળીના સૂરમાં તેમને કૃષ્ણ જ દેખાતા.

ગોપીઓને પ્રભુ કહે છે,'આ વિયોગમાં તમારા કરતાં મને વધુ દુઃખ થયું. મને મળવા આવેલો જીવ ફરી સંસારમાં ફસાયો, ફરી સંસારમાં ભટકવા ગયોએ વાતનું મને દુઃખ છે.'

'વિયોગમાં પણ તમને એક સુખ હતું.તમે એકબીજાને આશ્વાસન આપતાં હતાં.મારા વિયોગમાં લલિતા રડતી હતીત્યારે વિશાખા એને સાંત્વના આપતી હતી અને વિશાખા રડે ત્યારે ચંદ્રાવલિ તેને સાંત્વના આપતી હતી.આમ મારા વિયોગ માં મારી વાતો કરતાં તમે સમય પસાર કરતાં હતાં. પણ તે વખતે મારી કેવી દશા હતી,જાણો છો?તમારા વિયોગમાં હું એકલો હતો એકલો એકલો રડતો હતો.મને સાંત્વના આપનાર કોઈ ન હતું.'

દાદુજીનો ટીકાકાર અને ગોપીઓ નો વિયોગ બંને એક જ સત્ય શીખવે છે. જે આપણને અપ્રિય લાગે છે, તે જ ક્યારેક આપણા કલ્યાણનું કારણ બને છે.ટીકા અહંકાર તોડે છે અને વિયોગ પ્રેમને ગાઢ બનાવે છે. માટે જ સંતો કહે છે કે સુખમાં સૌ કોઈ સ્મરણ કરે,પણ દુઃખમાં કરે તો સાચો.ટીકાકારને દુશ્મન ન માનો, વિયોગથી ન ડરો.કારણ કે એ જ તમારા અંતરને નિર્મળ કરીને પ્રભુ સુધી પહોંચાડનારો સેતુ છે. અસ્તુ.

# ખેડા જિલ્લામાં પ્રવાસન પ્રવૃતિઓને આપવામાં આવશે વેગ ટુરીઝમ ડેવલોપમેન્ટ માટે મળશે રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ

**ખેડા, તા.04**

ખેડા જિલ્લામાં આવનાર સમયમાં પ્રવાસન ઉદ્યોગને ગતિ આપવા હેતુ રાજ્ય સરકારની સૂચના અનુસાર જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રવાસન વિકાસ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા જિલ્લાનો વાર્ષિક પ્રવાસન વિકાસ પ્લાન તૈયાર કરવામાં આવશે. નોંધનીય છે કે ગુજરાત સરકાર દ્વારા ખેડા જિલ્લામાં ટુરીઝમ એક્ટિવિટીઝને પ્રોત્સાહન આપવા માટે રૂપિયા ૧૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે. આ સંદર્ભમાં કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે જિલ્લા પ્રવાસન વિકાસ કમિટીની પ્રથમ બેઠક યોજાઈ હતી. જેમાં, ખેડા જિલ્લામાં ટુરીઝમ ડેવલપમેન્ટ માટેના અવકાશ અને પડકારો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે જિલ્લામાં પીપીપી મોડેલ પદ્ધતિથી પ્રવાસન વિકાસને વેગ આપવા જણાવ્યું હતું. જેમાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, હોટલ સર્વિસ, પરિવહન, સ્વચ્છતાના ઉચ્ચ માપદંડો જાળવણી કરવા અને સાંસ્કૃતિક શૈક્ષણિક અને મનોરંજન માટેની ઈવેન્ટ્સ વગેરેના આયોજન દ્વારા ખેડા જિલ્લામાં પ્રવાસીઓને આકર્ષવા માટેના તમામ પગલાંઓ લેવા સૂચન આપ્યું હતું. કલેકટરશ્રીએ ખાસ કરીને ગળતેશ્વર, પરીએજ, ડાકોર, નડિયાદ અને કપડવંજમાં ટુરીઝમને પ્રોત્સાહન આપવા માટે જરૂરી પગલાંઓ અને કામગીરી અંગે જીણવટપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. જેમાં, જિલ્લાના પ્રવાસન સ્થળો વચ્ચે એક ટુરીઝમ સર્કિટ ઊભી કરવા જણાવ્યું હતું જેથી આવનાર પ્રવાસી એક જગ્યાએ થી બીજી જગ્યાએ સરળતાથી ફરી શકે. મહી નદીના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વને ધ્યાને રાખીને તેના પટ પર વાર્ષિક ઉત્સવ આયોજિત કરવાની દિશામાં વિગતવાર ચર્ચા કરવામાં આવી. અને આ ઉત્સવમાં ન માત્ર ગુજરાત, પરંતુ બહારના રાજ્યોમાંથી પણ યાત્રીઓ આવે એવી ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાની દિશામાં પણ વિચાર કરીને જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા અધિકારીશ્રીઓને પ્લાન રજૂ કરવા જણાવ્યું. સાથે જ, જિલ્લા કલેક્ટરશ્રીએ કહ્યું કે, “સંસ્કૃતિ, ધર્મ અને હેરિટેજનો સંગમ કરીશું તો જિલ્લામાં પ્રવાસનને વેગ મળશે. આપણે પણ જિલ્લામાં મેડિટેશનલ ટુરિઝમ ડેવલપ કરવાની દિશામાં પ્રયત્ન કરીએ.” આ માટે તમામ પ્રાંત અધિકારીશ્રીઓને તેમના સ્થાનિક વિસ્તારમાં નાના પાયે ચાલી રહેલ ટુરીઝમ એક્ટિવિટી થી માહિતગાર થઈ સંબંધિત વિસ્તારનો એક સંકલિત પ્રવાસન વિકાસ પ્લાન તૈયાર કરવા જણાવવામાં આવ્યું હતું. તેમણે પ્રવાસન વિકાસના કામોમાં શિક્ષણ, સાહિત્ય, ધર્મ, હેરિટેજ, પર્યાવરણ અને લોક સંસ્કૃતિના વિભિન્ન આયામોનું સંયોજન કરવા સૂચન કર્યું હતું.




વધુમાં, ઈકો ટુરીઝમ સંદર્ભમાં પ્રાકૃતિક ખેતી, નેચર ક્લબ, મેડીટેશન સેન્ટર અને કોમ્યુનિટી લેડ કન્ઝર્વેશન એફર્ટસ જેવા વિષયો પર વિચાર કરવા જણાવ્યું હતું. આ સિવાય જિલ્લામાં કાર્યરત વિવિધ સામાજિક સંગઠનો, સંસ્થાઓ, ક્લબ વગેરેનો ટુરીઝમની પ્રવૃત્તિઓમાં સહકાર લેવા પણ જણાવ્યું હતું. સાથે જ, બેઠકમાં ટુરીઝમ ડેવલોપમેન્ટમાં રહેલ પડકારો વિશે પણ ચર્ચા કરી તેના સંભવિત ઉકેલ વિશે વાત કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ વન સંરક્ષક શ્રી અભિષેક સામરીયા, નિવાસી અધિક કલેકટર શ્રી જે.બી.દેસાઈ, ડેપ્યુટી કમિશનર શ્રી રુદ્રેશ હુદડ, તમામ પ્રાંત અધિકારીશ્રીઓ સહિત આયોજન, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ, આરટીઓ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ સહિતના વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં શાહીબાગ રોજગાર કચેરી ખાતે ભવ્ય ભરતી મેળાનું આયોજન

**અમદાવાદ, તા.04**

બેન્કિંગથી લઈને મેન્યુફેક્ચરિંગ સુધી 5થી વધુ કંપનીઓ આપશે સીધી નોકરી, ધો. 10 પાસથી ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો માટે તા. 5મી મેના રોજ 'જોબ ફેર', શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ, મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા આગામી તા. 05 મે, 2026 ને મંગળવારના રોજ સવારે 11:00 કલાકે એક વિશાળ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો શાહીબાગ વિસ્તારમાં આવેલા અસારવા બહુમાળી ભવનના પ્રથમ માળે, બ્લોક-ડી ખાતે યોજાશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષિત બેરોજગાર યુવાનોને ખાનગી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની ઉત્તમ તક પૂરી પાડવાનો છે. આ ભરતી મેળામાં મેન્યુફેક્ચરિંગ, સર્વિસ સેક્ટર તેમજ બેન્કિંગ અને ફાઈનાન્સ જેવા વિવિધ ક્ષેત્રોની 05 થી વધુ નામાંકિત કંપનીઓ ઉપસ્થિત રહેશે. જે અંતર્ગત આસિસ્ટન્ટ, બીડીઈ (BDE), એન્જીનીયર, રિલેશનશીપ મેનેજર, સેલ્સ એસોસિએટ, ટેકનિશિયન, ઓપરેટર, હેલ્પર અને ટ્રેઈની જેવી વિવિધ જગ્યાઓ માટે સ્થળ પર જ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ તક યુવાનો માટે સીધા જ ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે સંપર્ક સાધવાનું એક સક્ષમ માધ્યમ બનશે. આ ભરતી મેળામાં ધોરણ 10 પાસ, 12 પાસ, ITI, ગ્રેજ્યુએટ તેમજ ડિપ્લોમા ધરાવતા અને 18 થી 35 વર્ષની વય મર્યાદામાં આવતા ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે.

રોજગાર મેળવવા ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાના બાયોડેટાની ત્રણ નકલ અને જરૂરી દસ્તાવેજો સાથે નિયત સમયે અને સ્થળે હાજર રહેવા મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રદર્શનમાં ‘સસ્ટેનેબિલિટી હિલ’ બની આકર્ષણનું કેન્દ્ર

**સુરત, તા.04**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત જ્યારે ટકાઉ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સુરત ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' અંતર્ગત તા.૫મી મે સુધી આયોજિત પ્રદર્શનમાં પર્યાવરણની જાળવણી અને કાપડ ઉદ્યોગના સમન્વયને દર્શાવતી ‘સસ્ટેનેબિલિટી હિલ’ ઉભી કરાઈ છે. ટેક્સટાઈલ અને ઉર્જા ક્ષેત્રે પર્યાવરણલક્ષી અભિગમને વેગ આપવા માટે ટેક્સટાઈલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસોસિએશન (TAADA) દ્વારા આ વિશેષ ઈન્સ્ટોલેશન તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ‘ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેબ્રિક અને ફેબ્રિક ટુ ફેશન અને ફેશન ટુ ફોરેન’ ની સમગ્ર સફરને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે રજૂ કરવામાં આવી છે. મુલાકાતીઓ અહીં ફાયબરમાંથી પ્રોસેસિંગ થઈને બનતા કાપડની સમગ્ર ચેઈન વિષે જાણકારી મેળવી સુરતના કાપડ ઉદ્યોગના વૈશ્વિક પ્રદાન વિષે ઊંડી સમજ મેળવી રહ્યા છે.

માત્ર કપાસ જ નહીં, પણ બામ્બુ, હેમ્પ, ફ્લેક્સ, કોટન ફ્લેક્સ, બનાના, હિમાલયન ઘાસ જેવા અન્ય મટીરીયલમાંથી પણ ફાઈબર બનાવી તેને પ્રોસેસ કરી મૂલ્યવાન કાપડ બનાવી શકાય છે. આ વાતની સમજ સ્ટોલ દ્વારા અપાઈ રહી છે. પર્યાવરણની જાળવણી માટે ગ્લોબલ ફેશન ઈન્ડસ્ટ્રી હવે સિન્થેટિકના બદલે વેસ્ટમાંથી બેસ્ટ સમાન અને આ પ્રમાણે તૈયાર થયેલા ફેબ્રિક્સ જેવા કુદરતી વિકલ્પો તરફ વળી રહી છે.

ટેક્સટાઈલ સપ્લાય ચેઈનનું જીવંત પ્રદર્શન

ટેક્સટાઈલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસો.(TAADA) દ્વારા ૩,૦૦૦ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં આ ઈન્સ્ટોલેશન ઊભું કરવામાં આવ્યું છે. જેમાં 5F ચેઈનને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે રજૂ કરવામાં આવી છે.

TAADA ના ચેરમેન શ્રી અજોય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, સુરત હવે માત્ર કાપડના ડાઈંગ, પ્રોસેસિંગમાં જ નહીં, પણ ગાર્મેન્ટ સેક્ટરમાં પણ ગ્લોબલ લીડર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ઘાસ, વાંસ અને છોડમાંથી બનતા ફેબ્રિક્સ પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે સાથે ખેડૂતો માટે પણ આવકનો નવો સ્ત્રોત બની શકે છે, ત્યારે આ થીમ દ્વારા ગુજરાતને ગ્લોબલ ટેક્સટાઈલ હબની સાથે સાથે પર્યાવરણ સુરક્ષા અને ઔદ્યોગિક ઈનોવેશનના ક્ષેત્રે અગ્રેસર રાજ્ય તરીકે સ્થાપિત કરવા માટે કાપડ ઉદ્યોગકારો તલસ્પર્શી સમજ મેળવે અને સસ્ટેનેબિલિટી ડેવલપમેન્ટ તરફ આગળ વધે એ મુખ્ય ઉદ્દેશ્ય હોવાનું શ્રી ભટ્ટાચાર્યએ કહ્યું હતું.

## સુરત ખાતે યોજાયેલ VGRCમાં ૧૫ દેશોના ખરીદદારો સાથે રિવર્સ બાયર-સેલર મીટ યોજાઈ

**સુરત, તા.04**

રાજ્યના વિવિધ ઝોનમાં ઉદ્યોગોને વેગ આપવા માટે મહેસાણા અને રાજકોટની સફળતા બાદ, હવે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને MSME એકમોને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે બે દિવસીય દરમિયાન 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ'ની ત્રીજી આવૃત્તિમાં ખરીદદારો સાથે રિવર્સ બાયર-સેલર મીટ યોજાઈ હતી. આ કોન્ફરન્સનું સૌથી મહત્વનું પાસું ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સ (FIEO) અને ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'રિવર્સ બાયર-સેલર મીટ' છે. આ પહેલ હેઠળ યુકે, ઓસ્ટ્રેલિયા, રોમાનિયા અને યુએઈ સહિત ૧૫ થી વધુ દેશોના ૪૫થી વધુ આંતરરાષ્ટ્રીય ખરીદદારો સુરત આવ્યા હતા. આ પ્લેટફોર્મ દ્વારા સ્થાનિક નિકાસકારોને વિદેશી બાયર્સ સાથે સીધી B2B (બિઝનેસ ટુ બિઝનેસ) મીટિંગ કરવાની તક મળી હતી અને જેઆવનાર સમયમાં લાંબાગાળાના વેપારી સંબંધો સ્થાપવામાં મદદરૂપ થશે. આ કોન્ફરન્સમાં સુરતની ઔદ્યોગિક ક્ષમતાના મુખ્ય સ્તંભ સમાન ટેક્સટાઈલ અને ગારમેન્ટ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ તેમજ ફૂડ અને એગ્રો પ્રોડક્ટ્સ જેવા ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી આ પ્લેટફોર્મ દ્વારા વેપાર સાથે વિવિધ જ્ઞાન આધારિત સેમિનાર, B2B અને B2G મીટિંગો દ્વારા પ્રાદેશિક ઔદ્યોગિક ઈકોસિસ્ટમને નવી ગતિ આપશે. ખાસ કરીને નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (MSMEs) માટે આ RBSM આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાની ઓળખ બનાવવાની અને નિકાસની નવી તકો ઝડપવાની એક સુવર્ણ તક સાબિત થશે,

### કચ્છ કલેક્ટર આનંદ પટેલનો દુરંદેશી અને ઐતિહાસિક નિર્ણય:

## રાજ્યમાં પ્રથમવાર સમગ્ર જિલ્લામાં વ્યાપક સ્તરે રમત-ગમતના મેદાનો નીમ કરવાનો પ્રયોગ

**ભુજ, તા.04**

માહિતી બ્યૂરો, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્થાનિક સ્તરે ખેલપ્રતિભાઓની શોધ અને રમત-ગમતની પ્રવૃતિને પ્રોત્સાહન આપવા માટે ખેલો ઈંડિયા યુથ ગેમ્સની શરૂઆત કરાઈ છે. તે જ રીતે ગુજરાત રાજ્યમાં પણ ખેલપ્રતિભાઓના વિશિષ્ટ કૌશલ્યને વિકસાવવા અને ઉત્તેજન આપવા વિવિધ સ્તરે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. આ બંને આયોજનથી અનેક પ્રતિભાવાન ખેલાડીઓ દેશ અને રાજ્યને પ્રાપ્ત થયા છે. તેમજ આ ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

આગામી સમયમાં જ્યારે ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ વર્ષ ૨૦૩૦ની યજમાની કરશે તેમજ આ માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે સરહદી કચ્છે પણ આંતરરાષ્ટ્રીય ગેમમાં દેશ અને રાજ્યને ગૌરવ અપાવે તેવા ખેલાડીઓ તૈયાર કરવા કમર કસી છે. નવી પેઢીને મોબાઈલના વળગણમાંથી બહાર કાઢી ગામના મેદાનો ગજવતા કરવા કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલ સમગ્ર રાજ્યને પ્રેરણા આપે તેવો ઐતિહાસીક નિર્ણય લીધો છે. કચ્છના બાળકોને અનોખી ભેટ સમાન આ નિર્ણયમાં ગુજરાતમાં સૌ પ્રથમ મહેસુલી તંત્ર દ્વારા મોટી સંખ્યામાં ગ્રામ્યકક્ષાએ રમત-ગમતના મેદાનો નીમ કરવાની કામગીરી કરાઈ છે. જે હેઠળ કચ્છ જિલ્લાના તમામ ૯ તાલુકામાં એકસાથે ૧૦૫ રમત-ગમતના મેદાન નીમ કરાયા છે.

આજના ડિજિટલ યુગમાં બાળકોનું બાળપણ મોટાભાગે મોબાઈલ અને સ્ક્રીન સુધી મર્યાદિત થઈ ગયું છે. આવી પરિસ્થિતિમાં બાળકોને ફરીથી મેદાન તરફ આકર્ષવા માટે રમત-ગમતના પૂરતા માળખાની ઉપલબ્ધતા અત્યંત આવશ્યક છે. આ વિચારને સાકાર કરવા માટે કચ્છ જિલ્લામાં પડતર પડેલી સરકારી જમીનોની ઓળખ કરીને તેને રમત-ગમતના મેદાન તરીકે સત્તાવાર દરજ્જો આપવામાં આવ્યો છે. માત્ર એક માસ જેટલા ટૂંકા ગાળામાં ફિલ્ડ વિઝિટ અને જરૂરી મહેસૂલી પ્રક્રિયા પૂર્ણ કરીને આ નોંધપાત્ર કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં ૧૦૫ ગામના કુલ ૧૦૫ રમત-ગમતના મેદાન નીમ કરી રેવન્યૂ રેકર્ડ પર લાવ્યા છે. આ કામગીરીથી કુલ ૮,૪૯,૮૭૦ ચોરસ મીટર જમીન નીમ થતાં રમત-ગમત ક્ષેત્રે કચ્છના બાળકોનું ભવિષ્ય ઉજળું બનશે. માત્ર એક જ મહિના જેટલા ટૂંકા ગાળામાં, ફિલ્ડ વિઝિટ સહિતની રેવન્યુ પ્રક્રિયાને પૂર્ણ કરીને રમત-ગમતના મેદાનોને સત્તાવાર દરજ્જો આપવામાં આવતા ગ્રામજનોમાં પણ ખૂશીની લહેર ફેલાઇ છે. ગુજરાત સરકાર રમતગમત નીતિને અંતર્ગત રમતગમતના વાતાવરણને લોકપ્રિય બનાવવા રાજ્યમાં ખાસ પ્રશિક્ષણ, રમતગમતના સાધનો અને માળખાગત સવલતો પુરી પાડીને ચંદ્રકો જીતી શકે તેવી ક્ષમતા ધરાવતા રમતવીરોને તૈયાર કરવા પ્રયત્નશીલ છે ત્યારે કચ્છના નીમ કરાયેલા મેદાન કચ્છમાં રમતવીરો તૈયાર કરવામાં મજબૂત નીવ સાબિત થશે. આ અંગે કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, કચ્છ જેવા સરહદી તેમજ વિશાળ જિલ્લામાં બાળકો અને યુવાનોની શારીરિક અને માનસિક ક્ષમતા વધારવા માટે સ્પોર્ટસના મેદાન હોવા જરૂરી છે. ગુજરાત સરકારની રમત-ગમત નીતી હેઠળ કચ્છમાં ગ્રાસરૂટ કક્ષાએ માળખાગત સુવિધાઓ ઉભી કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. ત્યારે આ નીમ કરાયેલા મેદાનો ખેલાડીઓને પ્રેક્ટિસ માટેની જગ્યાની ઉપરાંત ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓ દ્વારા સ્થાનિક પ્રતિભાઓને રાષ્ટ્રીય સ્તરે ચમકવાની તક આપશે.

### પ્રત્યેક કન્યાને રાજ્ય સરકારની કુંવરબાઈ મામેરુ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત રૂ ૨૪,000 ની સહાયનો લાભ આપવામાં આવ્યો

# રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાના નેતૃત્વમાં આડીનાર ચોકડી ખાતે યોજાયો ચોથો ભવ્ય સમૂહ લગ્ન

### તમામ નવદંપતિઓને ટીવી, ફ્રીજ, કુલર, સોફા સેટ, તિજોરી, ઘર ઘંટી, પલંગ અને કિચનસેટ સહિતની તમામ ઘરવખરી કરીયાવરમાં આપી બનાવાયા આત્મનિર્ભર









**ખેડા, તા.04**

મહેસૂલ, પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગના રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાની પ્રેરણાદાઈ આગેવાની અને શિવાજી ફાઉન્ડેશનના સહયોગથી મા-બાપ વિહોણી તેમજ જરૂરિયાતમંદ ૧૦૧ દીકરીઓ માટે નડિયાદ-ડાકોર રોડ આડીનાર ચોકડી ખાતે ચોથો ભવ્ય સમૂહ લગ્ન યોજાયો. જેમા, તમામ નવદંપતિઓને એલ.ઈ.ડી ટીવી, ફ્રીજ, કુલર, સોફા સેટ, તિજોરી, ઘર ઘંટી, પલંગ અને કિચનસેટ સહિતની તમામ ઘરવખરી કરીયાવરમાં આપી આત્મનિર્ભર બનાવવામાં આવ્યા હતા.આ પ્રસંગે રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે આ ફક્ત લગ્ન ઉત્સવ નહીં પરંતુ માનવતાનો ઉત્સવ છે જ્યાં જનસેવાના માધ્યમ થી ૧૦૧ દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડી સંસારના નવા સોપાનમાં પ્રવેશ કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં વિકાસ અને સામાજિક સમરસતાનું વંદનીય કાર્ય આજે દેશમાં ચાલી રહ્યુ છે. વડાપ્રધાનશ્રીના નારીવંદના સંકલ્પને શિરે રાખીને આજે તેઓ ચોથા સમૂહ લગ્નનું સફળ આયોજન કરી શક્યા છે. રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે જો દીકરી સક્ષમ બનશે તો સમાજ સક્ષમ બનશે. આજે સરકારની કલ્યાણકારી યોજનાઓ થી દેશની મહિલાઓને આર્થિક, સામાજિક અને રાજકીય રીતે સક્ષમ બનાવવામાં આવી છે. ભારતની નારી આજે આકાશ આંબી રહી છે. આ સમૂહ લગ્નમાં સહભાગી થનાર પ્રત્યેક દીકરીને રાજ્ય સરકારની કુંવરબાઈ મામેરુ અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત રૂ ૨૪,૦૦૦ ની સહાયનો લાભ આપવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે લગ્ન એ બે પવિત્ર આત્માઓનું મિલન અને બે પરિવારોનું જોડાણ છે. ત્યારે સંસારમાં આવતા નાના-મોટા પ્રશ્નોને શાંતિ અને કુનેહપૂર્વક સમાધાન લાવી હંમેશા એકબીજાનું આત્મ-સન્માન જાળવવા માટે રાજ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત તમામ નવદંપતીઓ અને તેમના પરિવારોને અપીલ કરી હતી. સાથે જ આગામી ૦૭ મે ના રોજ તળપદા સમાજની દીકરીઓના સમૂહ લગ્નમાં ઉપસ્થિત રહેવા સૌને નિમંત્રણ આપ્યું હતું.

આ તકે અગ્રણી શ્રી જગદીશ વિશ્વકર્માએ સમૂહ લગ્નના સફળ આયોજન બદલ તમામ આયોજકો અને દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને તમામ નવદંપત્તિઓને લગ્નની શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા. નોંધનીય છે કે સમૂહ લગ્નમાં ઉપસ્થિત લોકો માટે એર કૂલર, ફુવારા, પીવાનું પાણી, મોબાઈલ ટોયલેટ અને સુંદર બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તથા જાનૈયાઓના મનોરંજન માટે કલાકારોએ લોકગીતોની સુંદર પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, અગ્રણી શ્રી જગદીશ વિશ્વકર્મા, સર્વે ધારાસભ્યશ્રીઓ શ્રી પંકજભાઈ દેસાઈ, શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, શ્રી રાજેશભાઈ ઝાલા, શ્રી કલ્પેશભાઈ પરમાર, કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, નિવાસી અધિક કલેક્ટર શ્રી જે.બી.દેસાઈ, પ્રાંત અધિકારી શ્રી નિર્ભય ગોંડલીયા, અગ્રણી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી નયનાબેન પટેલ, શ્રી હિતેન્દ્ર ચૌહાણ, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી અમિત ડાભી, શ્રી રાજેશ પટેલ, શ્રી કનુભાઈ ડાભી, શ્રી નટવરસિંહ ડાભી, શ્રી ગૌતમભાઈ ચૌહાણ, શ્રી જયંતિ સુરા, શ્રી સદામ વોરા, શ્રી વજેસિંહ વાઘેલા, શ્રી તેજસ પટેલ, નડિયાદ અને મહુધા તાલુકા પંચાયતના તમામ ચૂંટાયેલા સદસ્યો સહિત અન્ય મહાનુભાવો, અગ્રણીઓ, દાતાઓ સહિત મોટી સંખ્યામાં જાનૈયાઓ ઉપસ્થિત રહ્યા હતા.



## CSKના ઓલરાઉન્ડર રામાકૃષ્ણ ઘોષ IPL 2026માંથી બહાર

# મુંબઈ સામે ડેબ્યૂ મેચમાં ઈજાગ્રસ્ત થયો હતો; ચેન્નઈએ હજુ સુધી રિપ્લેસમેન્ટ નક્કી કર્યું નથી

**અમદાવાદ, તા.04**

IPL 2026માં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ની મુશ્કેલીઓ યથાવત છે. ટીમના બોલિંગ ઓલરાઉન્ડર રામાકૃષ્ણ ઘોષ ઈજાને કારણે વર્તમાન સીઝનમાંથી બહાર થઈ ગયો છે. ઘોષે શનિવારે (2 મે) મુંબઈ ઈન્ડિયન્સ સામે IPL ડેબ્યૂ કર્યું હતું અને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ચેન્નઈ સુપર કિંગ્સના સત્તાવાર નિવેદન મુજબ, ઘોષના જમણા પગમાં ફ્રેક્ચર છે. આ ઈજા શનિવારે ચેન્નઈમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચ દરમિયાન થઈ હતી. હાલમાં ફ્રેન્ચાઈઝીએ તેના રિપ્લેસમેન્ટના નામની જાહેરાત કરી નથી.

ડેબ્યૂ મેચમાં સૂર્યાની વિકેટ લીધી અને શાનદાર કેચ પકડ્યો

મહારાષ્ટ્રના મીડિયમ પેસર રામાકૃષ્ણ ઘોષ માટે શનિવારનો દિવસ સપના જેવો શરૂ થયો હતો. તેણે મેચની આઠમી બોલ પર બેકવર્ડ પોઈન્ટ પર બાઉન્ડરી પર ડાઈવિંગ કેચ પકડીને મુંબઈના ઓપનર વિલ જેક્સને પેવેલિયન ભેગા કર્યો. ત્યારબાદ બોલિંગમાં પોતાની શોર્ટ પીચ બોલથી દુનિયાના નંબર-1 T20 બેટર સૂર્યકુમાર યાદવને આઉટ કર્યો. ઘોષે 133 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરીને બધાને પ્રભાવિત કર્યા હતા.મહારાષ્ટ્રના મીડિયમ પેસર રામાકૃષ્ણ ઘોષ માટે શનિવારનો દિવસ સપના જેવો શરૂ થયો હતો. તેણે મેચની આઠમી બોલ પર બેકવર્ડ પોઈન્ટ પર બાઉન્ડરી પર ડાઈવિંગ કેચ પકડીને મુંબઈના ઓપનર વિલ જેક્સને પેવેલિયન ભેગા કર્યો. ત્યારબાદ બોલિંગમાં પોતાની શોર્ટ પીચ બોલથી દુનિયાના નંબર-1 T20 બેટર સૂર્યકુમાર યાદવને આઉટ કર્યો. ઘોષે 133 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરીને બધાને પ્રભાવિત કર્યા હતા.

2025ના ઓક્શનમાં 30 લાખમાં સામેલ થયો હતો

ઘોષને CSKએ IPL 2025ના મેગા ઓક્શનમાં તેની બેઝ પ્રાઈસ 30 લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. ગયા સીઝનમાં તેને એક પણ મેચ રમવાની તક મળી ન હતી, પરંતુ ટીમે વિશ્વાસ રાખીને આ વર્ષે તેને જાળવી રાખ્યો. શનિવારે તેમને પહેલીવાર પીળી જર્સીમાં મેદાન પર ઉતરવાની તક મળી, પરંતુ ઈજાએ તેની સીઝનનો અંત લાવી દીધો.

ચેન્નઈના ચાર ખેલાડીઓ અત્યાર સુધી બહાર થઈ ચૂક્યા છે

વર્તમાન સીઝનમાં ખેલાડીઓની ઈજાએ CSKની યોજનાઓ બગાડી દીધી છે. રામાકૃષ્ણ ઘોષ આ સીઝનમાં બહાર થનારા ચેન્નઈનો ચોથો ખેલાડી અને ત્રીજો ઝડપી બોલર છે. તેની પહેલા નાથન એલિસ, આયુષ મ્હાત્રે અને ખલીલ અહેમદ પણ ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ચૂક્યા છે. સતત બોલરો બહાર થવાને કારણે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ પાસે બોલિંગના વિકલ્પો ઓછા થતા જાય છે.વર્તમાન સીઝનમાં ખેલાડીઓની ઈજાએ CSKની યોજનાઓ બગાડી દીધી છે. રામાકૃષ્ણ ઘોષ આ સીઝનમાં બહાર થનારા ચેન્નઈનો ચોથો ખેલાડી અને ત્રીજો ઝડપી બોલર છે. તેની પહેલા નાથન એલિસ, આયુષ મ્હાત્રે અને ખલીલ અહેમદ પણ ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ચૂક્યા છે. સતત બોલરો બહાર થવાને કારણે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ પાસે બોલિંગના વિકલ્પો ઓછા થતા જાય છે.

હવેની મેચ 5 મેના રોજ દિલ્હી સામે

ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ હાલમાં પોઈન્ટ્સ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. ટીમે અત્યાર સુધી રમેલી 9 મેચમાંથી 4માં જીત મેળવી છે, જ્યારે 5 મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. પ્લેઑફની રેસમાં ટકી રહેવા માટે CSKને તેની બાકીની મેચ જીતવી પડશે. ટીમની હવેની મેચ 5 મેના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે થશે. ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ હાલમાં પોઈન્ટ્સ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. ટીમે અત્યાર સુધી રમેલી 9 મેચમાંથી 4માં જીત મેળવી છે, જ્યારે 5 મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. પ્લેઑફની રેસમાં ટકી રહેવા માટે CSKને તેની બાકીની મેચ જીતવી પડશે. ટીમની



હવેની મેચ 5 મેના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે થશે.

# રબાડાએ 'ગલોટિયું' ખાઈને સેલિબ્રેટ કરી શેડગેની વિકેટ : હાથમાંથી બોલ છટકી જતાં અરશદે પોતાનું માથું પકડી લીધું

**ચેન્નઈ, તા.04**

ગુજરાત ટાઈટન્સે IPL 2026ની 46મી મેચમાં પંજાબ કિંગ્સને 4 વિકેટે હરાવ્યું. મેચની પહેલી જ ઓવરમાં સિરાજે સતત બે બોલ પર 2 વિકેટ ઝડપી. પંજાબના બેટર સૂર્યાંશ શેડગેએ IPLમાં પોતાની પહેલી ફિફ્ટી ફટકારી. તેમની વિકેટ લીધા પછી બોલર કગિસો રબાડાએ ગુલાટી મારીને ઉજવણી કરી. ગુજરાતના બોલર માનવ સુથરની એક ઓવરમાં 27 રન બન્યા. વાંચો ગુજરાત-પંજાબ મેચમાં બનેલા ટોપ મોમેન્ટ્સ-રેકોર્ડ્સ

IPL 2026માં સિરાજે ત્રીજી વાર પહેલી ઓવરમાં વિકેટ લીધી

પંજાબ સામે મોહમ્મદ સિરાજે પહેલી જ ઓવરમાં બે વિકેટ લીધી. તેમણે પ્રિયાંશ આર્યા અને ઝેવિયર બાર્ટલેટને સતત બોલ પર આઉટ કર્યા. IPL 2026માં આ ત્રીજી વાર છે કે તેમણે પહેલી ઓવરમાં વિકેટ ઝડપી. આ યાદીમાં જોફ્રા આર્ચર પહેલા નંબર પર છે, જેમણે આ સિઝનમાં 5 વાર આવો કારનામો કર્યો છે.

આ સિઝનમાં ગુજરાતે પાવરપ્લેમાં 18 વિકેટ ઝડપી

પંજાબ સામે ગુજરાતના બોલરોએ પાવરપ્લેમાં 3 વિકેટ ઝડપી. IPL 2026માં અત્યાર સુધી ગુજરાતના બોલરોએ કુલ 18 વિકેટ લીધી છે. ટીમ આ મામલે ત્રીજા નંબર પર છે. પ્રથમ નંબર પર રાજસ્થાન રોયલ્સ છે, જેમણે 21 વિકેટ લીધી છે, જ્યારે 19 વિકેટ સાથે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમ બીજા નંબર પર છે.

સુદર્શન 24 વર્ષની ઉંમર સુધીમાં સૌથી વધુ 50+ સ્કોર કરનાર ત્રીજો બેટર

24 વર્ષીય સાઈ સુદર્શન પંજાબ સામે 57 રનની ઈનિંગ રમ્યા. તેમણે અત્યાર સુધી IPLમાં 18 ફિફ્ટી ફટકારી છે. તેઓ 24 વર્ષની ઉંમર સુધીમાં સૌથી વધુ ફિફ્ટી ફટકારનારા ખેલાડીઓમાં ત્રીજા નંબરે છે. આ યાદીમાં શુભમન ગિલ ટોચ પર છે, જેમણે 24 ફિફ્ટી ફટકારી હતી. 20 ફિફ્ટી સાથે યશસ્વી જયસ્વાલ બીજા નંબરે છે.

કેચની તક છૂટી, પછીની બે બોલ પર સિરાજને વિકેટ

મેચની પહેલી ઓવર કોઈ ફિલ્મી ડ્રામાથી ઓછી નહોતી. પંજાબ કિંગ્સની ઈનિંગ્સમાં મોહમ્મદ સિરાજે પહેલી ઓવર નાખી. પહેલી જ બોલ પર પ્રિયાંશે પુલ શોટ માર્યો, પરંતુ બોલ ટોપ-એજ લઈને ફાઈન લેગ તરફ ગયો. વિકેટકીપર જોસ બટલરે પાછળ દોડતા કેચ માટે છલાંગ લગાવી, પરંતુ બોલ તેમનાથી થોડો દૂર રહી ગયો. તેના પછીના જ બોલ પર પ્રિયાંશનો કટ શોટ, ડીપ બેકવર્ડ પોઈન્ટ પર ઉભેલા નિશાંત સિંધુ તરફ ગયો, જેમણે શાનદાર લો કેચ પકડ્યો. તેના પછીના જ બોલ પર કૂપર કોનોલી પણ શૂન્ય રન પર કેચ આઉટ થઈ ગયા.

રબાડાએ વિકેટ મેડન ઓવર નાખી

પંજાબ કિંગ્સની ઈનિંગ્સમાં પાવરપ્લેની છેલ્લી ઓવરમાં કગિસો રબાડાએ વિકેટ મેડન ઓવર નાખી. પહેલો બોલ ડોટ રહ્યો. રબાડાએ બીજો બોલ 152 કિમી/કલાકની ઝડપે નાખ્યો. બેટર પ્રભસિમરન સિંહે કવર ઉપરથી મારવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે બરાબર ટાઈમ કરી શક્યો નહીં અને બોલ સીધો ફિલ્ડર માનવ સુથારના હાથમાં ગયો. આ પછી બેટિંગ કરવા આવેલા નેહલ વઢેરા આગળના 4 બોલ પર કોઈ રન બનાવી શક્યા નહીં.

માનવ સુથારે એક ઓવરમાં 27 રન આપ્યા

પંજાબના બેટર સૂર્યાંશ શેડગેએ ઈનિંગ્સની 14મી ઓવરમાં માનવ સુથરની બોલ પર ઘણા રન બનાવ્યા. ગુજરાતના લેફ્ટ આર્મ સ્પિનરની પહેલી બોલ પર સ્ટોઈનિસે સિંગલ લીધો. ત્યારબાદ શેડગેએ પાંચેય બોલને બાઉન્ડ્રીની બહાર પહોંચાડ્યા. તેમણે બીજી અને ત્રીજી બોલ પર સતત બે છગ્ગા ફટકાર્યા. ત્યારબાદ સતત બે ચોગ્ગા લગાવ્યા અને છેલ્લી બોલને ડીપ મિડ-વિકેટ ઉપરથી છ રન માટે મોકલી દીધી. સુથરની આ ઓવરમાં 27 રન બન્યા.

## આંખ ખુલતા જ ફોન જોવાની જગ્યાએ 15 મિનિટ શાંત બેસો; યાદશક્તિ વધશે, તણાવ દૂર થશે

# બાસ્કેટબોલ દિગ્ગજ કોબે બ્રાયન્ટની સફળતાનું રહસ્ય

### અમેરિકાના કોબે દરરોજ સવારે ઉઠ્યા પછી ઓછામાં ઓછા 15 મિનિટ એક જગ્યાએ બિલકુલ શાંત બેસીને ધ્યાન કરતા હતા

**ધ ન્યૂયોર્ક, તા.04**

દોડધામ ભરી જિંદગીમાં આપણે ઘણીવાર પોતાના માટે સમય કાઢી શકતા નથી. આવા સમયે, દિવંગત બાસ્કેટબોલ ખેલાડી કોબે બ્રાયન્ટની દિનચર્યાની એક સરળ આદત આપણા માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે. પોતાની આક્રમક રમત શૈલી અને જીતવાની જીદ માટે જાણીતા કોબેનો અભ્યાસ સવારે 4 વાગ્યે જ શરૂ થઈ જતો હતો. પરંતુ આ કડક રૂટિન વચ્ચે તેમનો એક ખાસ નિયમ હતો, જેણે તેમને માનસિક રીતે અભેદ્ય બનાવ્યા હતા. અમેરિકાના કોબે દરરોજ સવારે ઉઠ્યા પછી ઓછામાં ઓછા 15 મિનિટ એક જગ્યાએ બિલકુલ શાંત બેસીને ધ્યાન કરતા હતા. તેમના માટે આ મૌન શારીરિક કસરત જેટલું જ મહત્વપૂર્ણ હતું. કોબે માનતા હતા કે સવારની 15 મિનિટની આ શાંતિ તેમના આખા દિવસનો પાયો નક્કી કરે છે. આ તેમને આખો દિવસ માનસિક રીતે સ્થિર રાખતી. આના વિના તેમને લાગતું હતું કે તેઓ ફક્ત કામ અને તણાવ પાછળ દોડી રહ્યા છે. આ મૌનના અભ્યાસથી તેઓ પોતાના દિવસને પોતે નિયંત્રિત કરી શકતા હતા. રાત્રે મોટી મેચ પહેલા પણ તેઓ આ જ રીતે શાંત બેસીને પડકારોની કલ્પના કરતા અને માનસિક રીતે પોતાને તૈયાર કરતા હતા. મનોવિજ્ઞાનમાં આ અભ્યાસને 'ટાઈપ 2 ફન' કહેવાય છે. શરૂઆતમાં 15-20 મિનિટ મોબાઈલ કે કોઈપણ બાહ્ય અવરોધ વિના શાંતિથી બેસવું કંટાળાજનક અને બેચેન કરનારું લાગી શકે છે. પરંતુ આદત બન્યા પછી તે ઊંડો સંતોષ આપે છે. જ્યારે વ્યક્તિ બિલકુલ શાંત બેસે છે, ત્યારે મગજમાં એવી વાતો અને ભાવનાઓ આવવા લાગે છે, જેને તે દિવસભરની દોડધામમાં અવગણી દે છે. જેમ કે શરીરનો કોઈ જૂનો દુખાવો, અથવા અટકેલું કામ. ખાલી બેસીને આપણે વિચારોથી ભાગવાને બદલે તેમનો સામનો કરવાનું શીખીએ છીએ. કોબે પણ માનતા હતા કે ડર કે ગભરાટને દબાવવાથી તે વધે છે.






# ફિલ્મ 'વારાણસી'ના મેકર્સની વધી મુશ્કેલીઓ : શૂટિંગ માટે 150 પાણીના ટેન્કર આપવાનો પાણી પુરવઠા વિભાગનો ઇનકાર

**મુંબઈ, તા.04**

એસએસ રાજામૌલીની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'વારાણસી'ના શૂટિંગમાં મુશ્કેલીઓ આવી શકે છે. આ ફિલ્મનું શૂટિંગ હૈદરાબાદ ફિલ્મસિટીમાં ચાલી રહ્યું છે. ફિલ્મના કેટલાક દ્રશ્યો માટે નિર્માતાઓને એક તળાવ બનાવવાનું હતું, જેના માટે તેમને હજારો લિટર પાણી જોઈતું હતું, પરંતુ હવે જળ પુરવઠા બોર્ડે તેનો ઈનકાર કરી દીધો છે. ફિલ્મ 'વારાણસી'ની પ્રોડક્શન કંપની શ્રી દુર્ગા આર્ટ્સે તાજેતરમાં રાજેન્દ્રનગરના ગગનપહાડ સ્થિત ફિલ્મસિટીમાં તળાવ બનાવવા માટે હૈદરાબાદ મહાનગર જળ પુરવઠા અને સીવરેજ બોર્ડને એક પત્ર લખીને 150 વોટર ટેન્કરની માંગણી કરી હતી. પ્રોડક્શન દ્વારા બોર્ડના મેનેજિંગ ડિરેક્ટર અશોક રેડ્ડીને લખેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું કે પાણી માટે કંપની તેમને ટેન્કરનું ભાડું પણ આપશે. જોકે, બોર્ડ દ્વારા પત્રને નકારી કાઢવામાં આવ્યો છે. નવભારત ટાઈમ્સના અહેવાલ મુજબ, સેટ પર પહેલાથી જ તળાવ બનાવવામાં આવ્યું છે, જેમાં 10 હજાર લિટર પ્રતિ ટેન્કરની ક્ષમતાવાળા 150 ટેન્કરનો ઉપયોગ થવાનો હતો. પાણીને 18 મેના રોજ થનારી શૂટિંગ માટે શુદ્ધ કરાવવાનું હતું. પરંતુ ગરમીથી વધતા જળસંકટને જોતા જળ પુરવઠા બોર્ડે પ્રોડક્શનની તમામ માંગણીઓ ફગાવી દીધી છે. જોવું રહ્યું કે બોર્ડ દ્વારા પત્ર ફગાવી દેવાયા બાદ મેકર્સ હવે પાણીની માંગ કેવી રીતે પૂરી કરશે અને શૂટિંગ ચાલુ રાખશે. એસ.એસ. રાજામૌલીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ વારાણસી 7 એપ્રિલ 2027ના રોજ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. આ ફિલ્મથી પ્રિયંકા ચોપરા ઈન્ડિયન સિનેમામાં કમબેક કરી રહી છે. ફિલ્મમાં તેમની સાથે મહેશ બાબુ લીડ રોલમાં જોવા મળશે. જેમાં 10 હજાર લિટર પ્રતિ ટેન્કરની ક્ષમતાવાળા 150 ટેન્કરનો ઉપયોગ થવાનો હતો. પાણીને 18 મેના રોજ થનારી શૂટિંગ માટે શુદ્ધ કરાવવાનું હતું. પરંતુ ગરમીથી વધતા જળસંકટને જોતા જળ પુરવઠા બોર્ડે પ્રોડક્શનની તમામ માંગણીઓ ફગાવી દીધી છે. જોવું રહ્યું કે બોર્ડ દ્વારા પત્ર ફગાવી દેવાયા બાદ મેકર્સ હવે પાણીની માંગ કેવી રીતે પૂરી કરશે અને શૂટિંગ ચાલુ રાખશે. એસ.એસ. રાજામૌલીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ વારાણસી 7 એપ્રિલ 2027ના રોજ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. આ ફિલ્મથી પ્રિયંકા ચોપરા ઈન્ડિયન સિનેમામાં કમબેક કરી રહી છે. ફિલ્મમાં તેમની સાથે મહેશ બાબુ લીડ રોલમાં જોવા મળશે.

# 'બિગ બોસ' ફેમ બસીર અલીએ કેમેરામેનને ઢીબી નાખ્યો

## દારૂ પીને એક્ટ્રેસિસ સાથે ગેરવર્તણૂક કરતા એક્ટરનો પારો ચડ્યો; પ્રિન્સ નરુલાની પાર્ટીમાં ધડબડાટી

**મુંબઈ, તા.04**

'બિગ બોસ 19' ફેમ બસીર અલીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે એક કેમેરામેનને ખરાબ રીતે માર મારતો જોવા મળી રહ્યો છે. અફરાતફરી વચ્ચે બસીર અલી ખૂબ જ આક્રમક દેખાયો. આ દરમિયાન ત્યાં પ્રિન્સ નરુલા અને શિવ ઠાકરે પણ હાજર હતા.

કેમેરામેનને થપ્પડ મારીને ઢસડ્યો

વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોવા મળી રહ્યુ છે કે, બસીર અલીએ કેમેરામેનને થપ્પડ મારી અને તેને ઢસડ્યો, ત્યારબાદ તે વ્યક્તિએ બસીર તરફ બોટલ ફેંકી. ત્યાં હાજર લોકો પણ બંનેને અલગ કરતા જોવા મળ્યા. થોડીવાર પછી પોલીસે પહોંચીને મામલો



સંભાળ્યો.

આખો વિવાદ શું છે?

દાવો કરવામાં આવી રહ્યો છે કે, મારપીટનો આ વીડિયો પ્રિન્સ નરુલાના રેસ્ટોરન્ટની ઓપનિંગનો છે. પ્રિન્સ નરુલાની પાર્ટીમાં બસીર ઉપરાંત શિવ ઠાકરે, 'સ્પ્લિટ્સવિલા' કન્ટેસ્ટન્ટ સૌંદર્યા શેટ્ટી અને કિયારા પણ હતાં. જ્યારે સૌંદર્યા અને કિયારા પાર્ટીમાં પહોંચ્યાં, તેવો જ એક કેમેરામેને બંને પર વાંધાજનક ટિપ્પણીઓ કરી. જ્યારે સૌંદર્યાએ આ વાત બસીરને જણાવી, ત્યારે તે તેની સુરક્ષા માટે તેની સાથે બહાર જઈ રહ્યો હતો.

આ દરમિયાન ફરી એક-બે વાર તે કેમેરામેને ગેરવર્તન કર્યું. બસીરે આનો વિરોધ કર્યો હતો. પાર્ટી પૂરી થયા પછી જ્યારે બસીર કાર તરફ જવા લાગ્યો, ત્યારે તે કેમેરામેન તેને જોઈને ગાળો બોલવા લાગ્યો. આ જોઈને બસીરે તેને મારવાનું શરૂ કરી દીધું. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, પ્રિન્સ નરુલા અને શિવ ઠાકરે દૂર ઊભા રહીને ઝઘડો જોઈ રહ્યા હતા.

'બિગ બોસ 19'નો સફર વિવાદોથી ભરેલો રહ્યો

એક્ટર બસીર અલી ઓગસ્ટ 2025માં ટીવી પર પ્રસારિત થયેલા રિયાલિટી શો 'બિગ બોસ 19'નો સ્પર્ધક બન્યો હતો. બાદમાં તેને શોમાંથી એલિમિનેટ કરી દેવામાં આવ્યો હતો.

બસીર અલીએ 'બિગ બોસ' શો અને સલમાન ખાનને પક્ષપાતી ગણાવ્યા હતા.

શો દરમિયાન તે સાથી સ્પર્ધકો સાથેના ઝઘડા અને નેહલ ચુડાસમા સાથેની મિત્રતા અને ત્યારબાદના વિવાદોને લઈને ચર્ચામાં રહ્યો હતો. 'બિગ બોસ' પહેલા તે 'એમટીવી રોડીઝ' અને 'સ્પ્લિટ્સવિલા 10' જેવા શો જીતીને લોકપ્રિયતા મેળવી હતી. તેણે ટીવી સિરિયલ 'કુંડલી ભાગ્ય'માં શૌર્ય લુથરાની ભૂમિકા પણ ભજવી હતી.

# વિજયનો 'લેડી લક', ગર્લફ્રેન્ડના બર્થ-ડે પર ચૂંટણી જીત્યો! : તમિલનાડુનું રિઝલ્ટ આવતા જ થલાપતિના ઘરે પહોંચી 'ક્વીન ઓફ સાઉથ ઈન્ડિયા'



**મુંબઈ, તા.04**

એક્ટર થલાપતિ વિજયે તમિલ રાજકારણમાં હીરોની જેમ એન્ટ્રી કરી છે. તેમની પાર્ટી TVK એ તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં 110થી વધુ બેઠકો જીતી લીધી છે. હવે તેમનું સીએમ બનવું લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. TVKની જીતમાં વિજયના 'લેડી લક'ને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. આજે તે જ 'લેડી લક' એક્ટ્રેસ તૃષા કૃષ્ણનનો જન્મદિવસ છે, જેમનું નામ વિજય સાથે જોડાતું રહ્યું છે. તૃષા તમિલનાડુ ચૂંટણીનું પરિણામ આવે તે પહેલાં તિરુમાલા મંદિર પહોંચી, દર્શન કર્યા અને પછી વિજયના ઘરે પહોંચી. 51 વર્ષીય વિજય આજે તમિલ ફિલ્મોના સૌથી મોટા સ્ટાર છે તો તૃષા કૃષ્ણનને 'ક્વીન ઓફ સાઉથ ઈન્ડિયા' કહેવામાં આવે છે. બંને લગભગ 5 ફિલ્મોમાં સાથે જોવા મળ્યા છે, જેમાં 2023માં રિલીઝ થયેલી સુપરહિટ ફિલ્મ લિયો પણ સામેલ છે. આ તે જ સમય હતો જ્યારે વિજયની પત્ની સંગીતા સોર્નાલિંગમ છૂટાછેડા માટે કોર્ટમાં લડાઈ લડી રહી હતી. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, સંગીતા સોર્નાલિંગમે પોતાની છૂટાછેડાની અરજીમાં પતિ વિજય પર એક્સ્ટ્રા મેરિટલ અફેરનો આરોપ લગાવ્યો હતો. જોકે, તેણે કોઈનું નામ લીધું ન હતું. વિજય અને સંગીતાએ 1999માં લગ્ન કર્યા હતા. બંનેને 2 બાળકો છે. વિજયે તાજેતરમાં છૂટાછેડાની જાહેરાત કર્યા પછી તૃષા સાથે જાહેરમાં દેખાયા. ઘણા લોકો માનતા હતા કે છૂટાછેડા પછી બંનેએ સંબંધને સત્તાવાર બનાવી દીધો છે. આ દરમિયાન વિજયના બોડીગાર્ડે એક પોસ્ટ શેર કરી જેમાં લખ્યું હતું, "હવે અફવાઓ સ્પષ્ટ કરવાનો સમય આવી ગયો છે." આજે, તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે, ત્યારે તૃષા પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે. સવારે સૌથી પહેલા, એક્ટ્રેસ તિરુમાલા મંદિરની મુલાકાત લીધી અને બપોર સુધીમાં, તે વિજયના ઘરે પહોંચી ગઈ. સાઉથ મીડિયા પોર્ટલના અહેવાલો દાવો કરે છે કે ચૂંટણી પરિણામોની જાહેરાત પછી બંને તેમના લગ્નની જાહેરાત કરી શકે છે. જો કે, દિવ્ય ભાસ્કર સ્વતંત્ર રીતે આ દાવાની પુષ્ટિ કરતું નથી.

તિરુપતિ મંદિરની મુલાકાત ચૂંટણી પરિણામ સાથે જોડવામાં આવી

તૃષાએ આજે તિરુપતિ બાલાજી મંદિરમાં પૂજા કરી હતી. રવિવારે રાતે તિરુપતિ જવા રવાના થઈ હતી અને હવે તેની મંદિર તસવીરો સામે આવી છે. તૃષા કૃષ્ણન પરંપરાગત ઓફ-વ્હાઈટ સૂટ પહેરીને મંદિરમાં પહોંચી હતી. તેણે તેની ટીમ સાથે મંદિરની મુલાકાત લીધી હતી. જ્યારથી તેની મુલાકાતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, ત્યારથી તેને તમિલનાડુ ચૂંટણીના પરિણામો સાથે જોડવામાં આવી રહ્યો છે. તૃષા કૃષ્ણન તાજેતરમાં થલાપતિ વિજય સાથેના જોડાણને કારણે હેડલાઈન્સમાં છે. વિજયની પાર્ટી, TVK હાલમાં 234 બેઠકોમાંથી 109 બેઠકો પર આગળ છે.

# અંબુજાએ 73.7 મિલિયન ટનના અત્યાર સુધીના સર્વોચ્ચ વાર્ષિક વોલ્યુમ સાથે મેટ્રિક ટન દીઠ રૂ. 887ની વાર્ષિક એબિટા હાંસલ કરી

**અમદાવાદ, તા.04**

ડાયવર્સિફાઈડ અદાણી પોર્ટફોલિયોનો ભાગ અને વિશ્વની 9મી સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ કંપની, અંબુજા સિમેન્ટ્સ લિમિટેડે 31 માર્ચ 2026એ સમાપ્ત થયેલા ત્રિમાસિક અને નાણાંકીય વર્ષ માટે મજબૂત અને ટકાઉ પ્રદર્શન નોંધાવ્યું છે. અંબુજા સિમેન્ટ્સ લિમિટેડના પૂર્ણ સમયના ડિરેક્ટર અને સીઈઓ શ્રી વિનોદ બહેતીએ જણાવ્યું હતું કે, "નાણાંકીય વર્ષ 2026 સિમેન્ટ ક્ષેત્ર માટે સ્થિરતા અને સહનશક્તિનું વર્ષ રહ્યું છે. એક તરફ ઉદ્યોગમાં સંકલન અને જીએસટી 2.0 સુધારા થયા, જ્યારે બીજી તરફ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, વૈશ્વિક ભૂરાજકીય પરિબળો અને રાજ્યની ચૂંટણીઓએ અસર કરી. આ પરિસ્થિતિ વચ્ચે અંબુજાએ 73.7 મિલિયન ટનના અત્યાર સુધીના સર્વોચ્ચ વાર્ષિક વોલ્યુમ, રૂ. 40,656 કરોડની આવક, રૂ. 6,539 કરોડ એબિટા (પ્રતિ મેટ્રિક ટન રૂ. 887) અને રૂ. 2,647 કરોડના નોર્મલાઈઝ્ડ ચોખ્ખા નફા સાથે મજબૂત પ્રદર્શન આપ્યું. નાણાંકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિક ગાળામાં 19.9 મિલિયન ટન વોલ્યુમ, રૂ. 10,915 કરોડની આવક અને રૂ. 1,464 કરોડ એબિટા સાથે અમે અમારી કામગીરી જાળવી રાખી છે. અમારા વોલ્યુમ ઉદ્યોગ કરતાં નોંધપાત્ર રીતે વધુ ગતિએ વધ્યા હતા, જે ટ્રેડ અને પ્રીમિયમ પ્રોડક્ટ્સના વધતા હિસ્સા અને વર્તમાન એસેટ્સના વધુ સારા ઉપયોગથી પ્રાપ્ત થયેલા સુધારેલા રિયલાઈઝેશનને કારણે શક્ય બન્યું હતું. નાણાંકીય વર્ષ 2026 દરમિયાન વિસ્તરણથી સંકલન તરફનું પરિવર્તન થયું હતું, જેમાં 'વન સિમેન્ટ પ્લેટફોર્મ' અંતર્ગત સાંઘી અને પેન્નાનું અંબુજામાં સફળ વિલીનીકરણ થયું હતું. અમે નવી ક્ષમતાઓને સ્થિર બનાવવા, ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો કરવા અને એસેટ ઉપયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત રાખીએ છીએ, જે દેવા-મુક્ત બેલેન્સ શીટ, મજબૂત લિક્વિડિટી અને ઉચ્ચતમ ક્રેડિટ રેટિંગ્સનો આધારિત છે. ભારતની લાંબા ગાળાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ મજબૂત છે, પરંતુ વર્તમાન ભૂરાજકીય પડકારો અને સામાન્ય કરતાં ઓછા વરસાદના પ્રારંભિક અનુમાનને કારણે નાણાંકીય વર્ષ 2027 માટે વૃદ્ધિનું દ્રશ્ય થોડું નબળું રહેવાની શક્યતા છે. નાણાંકીય વર્ષ 2027 માટે ઉદ્યોગની માંગ આશરે 5 ટકા રહેવાની અપેક્ષા છે.

ક્ષમતા વિસ્તરણ:

નાણાંકીય વર્ષ 2026 દરમિયાન પ્રોજેક્ટ્સ: કુલ સિમેન્ટ ક્ષમતા 109 એમટીપીએ સુધી વધી, મારવાડ, ફરક્કા, સંક્રાઈલ, સિંદ્રી અને કૃષ્ણાપટ્ટનમ ખાતે કુલ 10.7 એમટીપીએ ગ્રાઈન્ડિંગ યુનિટ્સ તથા જોધપુર અને ભાટાપારા ખાતે 7 એમટીપીએ વધારાની ક્લિંકર ક્ષમતા નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન શરૂ થનારા પ્રોજેક્ટ્સ: દહેજ (1.2 એમટીપીએ), ભટિંડા (1.2 એમટીપીએ), સલાઈ બનવા (2.4 એમટીપીએ), કલંબોલી (1 એમટીપીએ), જોધપુર (2 એમટીપીએ), વારીસલીગંજ (2.4 એમટીપીએ) ખાતે ગ્રાઈન્ડિંગ ક્ષમતાઓ અને મરાઠા ખાતે 4 એમટીપીએ વધારાનું ક્લિંકર યુનિટ, કુલ ક્ષમતા અંદાજે 119* એમટીપીએ સુધી પહોંચવાની શક્યતા બલ્ક સિમેન્ટ ટર્મિનલ્સ પર તાજેતરની રેલવે નીતિઓ અનુસાર ક્ષમતા વિસ્તરણ યોજનાઓનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેમાં શ્રેષ્ઠ ઉપયોગ સ્તર પ્રાપ્ત કર્યા પછી ધીમે ધીમે વધારા કરવામાં આવી રહ્યા છે. આ અભિગમ શિસ્તબદ્ધ મૂડી ફાળવણી અને ઉપયોગમાં લેવાતી મૂડી પર મહત્તમ વળતર મેળવવા માટેની અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે. વ્યૂહાત્મક પહેલ: ઓપરેશન્સમાં એડવાન્સ એન્ટરપ્રાઈઝ ડિજિટલાઈઝેશન, જેમાં CiNOC (Cement Intelligent Network Operating Centre) દ્વારા તમામ કાર્યક્ષેત્રોમાં રિયલ-ટાઈમ વિઝિબિલિટી અને ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા શક્ય બની છે, જે અમલીકરણ પર વધુ મજબૂત નિયંત્રણ સુનિશ્ચિત કરે છે. જિલ્લા સ્તરે માલિકી મજબૂત બનાવવા માટે ડીસેન્ટ્રલાઈઝ્ડ અમલીકરણને વધુ ગહન બનાવવામાં આવ્યું છે, સાથે કેન્દ્રિય દેખરેખ જાળવી રાખવામાં આવી છે. ડિજિટલ વિઝિબિલિટી અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સુસંગત એક સ્ટાન્ડર્ડાઈઝ્ડ જવાબદારી માળખા દ્વારા કાર્યક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. SamvAAAD, NirmAAAAnotsav અને Dhanvarsha જેવા પ્લેટફોર્મ દ્વારા કર્મચારીઓ, ગ્રાહકો અને ચેનલ ભાગીદારોના માળખાગત જોડાણ સાથે જોડાણ, ટકાઉપણા અને લાંબા ગાળાની ક્ષમતા નિર્માણ પર સતત ધ્યાન કેન્દ્રિત કર્યું, અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓ સાથે સતત ભાગીદારી માર્ચ 2026માં સાંઘીપુરમ પ્લાન્ટ ખાતે સંસ્થાકીય રોકાણકારો અને રિસર્ચ એનાલિસ્ટ્સ માટે કેપિટલ માર્કેટ પ્લાન્ટ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ અને સંશોધન અને વિકાસ પહેલને રજૂ કરીને રોકાણકારોના વિશ્વાસને વધુ મજબૂત બનાવવામાં આવ્યો. આ વર્ષ દરમિયાન મારવાડ મુંડવા પ્લાન્ટ વિઝિટ બાદ આ બીજી એડિશન છે અને કંપની ભવિષ્યમાં પણ નિયમિત રીતે આવી પ્લાન્ટ મુલાકાતો યોજતી રહેશે.

ઈએસજી અપડેટ્સ: ડિકાર્બનાઈઝેશન માટે અદ્યતન રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં SBTi દ્વારા માન્ય કરાયેલા ટૂંકા ગાળાના તેમજ નેટ ઝીરો લક્ષ્યોનો સમાવેશ થાય છે. આ સાથે Coolbrookની RotoDynamic Heater ટેકનોલોજીના વ્યાપારી ઉપયોગ તરફ પ્રગતિ થઈ રહી છે અને વૈશ્વિક સિમેન્ટ ક્ષેત્રમાં ઈન્ડો-સ્વીડિશ સીસીયુ પાઈલટ માટે કંપનીની પસંદગી પણ કરવામાં આવી છે.

સુધારા દ્વારા કંપનીનું વધુ મજબૂત ઈએસજી પ્રદર્શન જોવા મળ્યું છે. તમામ પ્લાન્ટ્સમાં ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સાથે 12 ગણી વોટર પોઝિટિવિટી જાળવી રાખવામાં આવી છે. નાણાંકીય વર્ષ 2026 દરમિયાન 9.78 મિલિયન ટન વેસ્ટ આધારિત સંસાધનોનો ઉપયોગ કરીને સર્ક્યુલરિટી પહેલને વિસ્તારવામાં આવી છે અને અત્યાર સુધી કુલ 2.25 મિલિયન વૃક્ષો રોપીને જૈવ વિવિધતા માટે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું છે. સમુદાય અને આજીવિકા વિકાસ માટેની પહેલ સતત ચાલુ રાખવામાં આવી છે, જેમાં સ્કિલિંગ, ટેક્નોલોજી અને મહિલાઓ કેન્દ્રિત કાર્યક્રમો દ્વારા કુલ 3.72 મિલિયન સીએસઆર પહોંચ હાંસલ કરવામાં આવી છે.

## વીવો 'X300 FE' અને 'X300-અલ્ટ્રા' 6 મેના રોજ લોન્ચ થશે : શાનદાર ફોટોગ્રાફી માટે 200MP કેમેરા, સ્માર્ટફોનની કિંમત ₹60,000થી શરૂ થવાની શક્યતા

**નવી દિલ્હી, તા.04**

ટેક કંપની 'વિવો'એ 6 મેના રોજ ભારતમાં તેની પ્રીમિયમ સ્માર્ટફોન સિરીઝ 'X300'ના બે નવા સ્માર્ટફોન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. કંપની 'વિવો X300 અલ્ટ્રા' અને 'વિવો X300 FE' રજૂ કરશે. આમાં સૌથી ખાસ અલ્ટ્રા મોડેલ હશે, જેને સૌથી પાવરફુલ કેમેરા સ્માર્ટફોનમાંથી એક માનવામાં આવી રહ્યું છે. આમાં કંપની ZEISS ટેકનોલોજી સાથે એડવાન્સ ટેલિફોટો લેન્સ સાથે માર્કેટમાં ઉતારશે.

કિંમત: 60 હજારથી રેન્જ શરૂ થવાની શક્યતા

કંપની 6 મેના રોજ બપોરે 12 વાગ્યે એક ઈવેન્ટમાં આ સ્માર્ટફોન્સને લોન્ચ કરશે.

વીવો X300 અલ્ટ્રા: આ ફ્લેગશિપ ફોનની કિંમત આશરે 1,29,999 રૂપિયા હોઈ શકે છે. તે વિક્ટરી ગ્રીન અને એક્લિપ્સ બ્લેક કલર્સમાં આવશે.

વીવો X300 FE: આ મોડેલની શરૂઆતની કિંમત આશરે 60,000 રૂપિયા હોઈ શકે છે. તે અર્બન ઓલિવ, પર્પલ અને નોઈર બ્લેક કલરમાં આવશે.

'વિવો X300 અલ્ટ્રા' અને 'વિવો X300 FE' 6 મેના રોજ લોન્ચ થશે.

'વિવો X300 અલ્ટ્રા' અને 'વિવો X300 FE' 6 મેના રોજ લોન્ચ થશે.

ડિઝાઈન અને બિલ્ડ: પ્રીમિયમ લુક સાથે મળશે ડસ્ટ-વોટર સેફ્ટી

બિલ્ડ: ફોનમાં મેટલ ફ્રેમ સાથે ગ્લાસ બેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બેક પેનલ પર ખાસ ટેક્સચર આપવામાં આવ્યું છે, જે હાથમાં સારી પકડ આપે છે.

ડિસ્પ્લે અને બેઝલ્સ: ફ્રન્ટમાં કર્વ્ડ ડિસ્પ્લે સાથે ખૂબ જ પાતળા બેઝલ્સ આપવામાં આવ્યા છે. સેલ્ફી કેમેરા માટે સેન્ટર પંચ-હોલ ડિઝાઈન મળે છે.

પોર્ટ્સ: ફોનના નીચેના ભાગમાં USB ટાઈપ-સી પોર્ટ, સિમ ટ્રે અને સ્પીકર ગ્રિલ હાજર છે. વોલ્યુમ અને પાવર બટન જમણી બાજુએ આપવામાં આવ્યા છે.

સેફ્ટી: પાણી અને ધૂળથી બચાવવા માટે આ ફોન્સને હાઈ IP રેટિંગ આપવામાં આવી છે, જેનાથી ખરાબ હવામાનમાં પણ ફોન સુરક્ષિત રહે છે.

સ્માર્ટફોનમાં મેટલ ફ્રેમ સાથે ગ્લાસ બેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સ્માર્ટફોનમાં મેટલ ફ્રેમ સાથે ગ્લાસ બેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કેમેરા: 200 મેગાપિક્સલનો મુખ્ય સેન્સર અને અલ્ટ્રા ઝૂમ

ફોટોગ્રાફીના શોખીનો માટે 'X300 અલ્ટ્રા'માં ટ્રિપલ રિયર કેમેરા સેટઅપ આપવામાં આવ્યું છે.

મુખ્ય કેમેરા: તેમાં 200 મેગાપિક્સલનો મુખ્ય સેન્સર છે. તેની સાથે 50 મેગાપિક્સલનો અલ્ટ્રા-વાઈડ એંગલ લેન્સ અને 50 મેગાપિક્સલનો પેરિસ્કોપ લેન્સ મળે છે.

સેલ્ફી: વીડિયો કોલિંગ અને સેલ્ફી માટે ફ્રન્ટમાં 50 મેગાપિક્સલનો કેમેરા છે.

વધારાની સુવિધાઓ: તેમાં 'ZEISS ટેલિફોટો એક્સટેન્ડર' અને 'ઈમેજિંગ ગ્રિપ કિટ'નો સપોર્ટ પણ મળશે, જે મોબાઈલને પ્રોફેશનલ કેમેરાની જેમ ઉપયોગ કરવાની સુવિધા આપે છે.

જ્યારે, 'X300 FE'માં 50 મેગાપિક્સલનો સોની OIS પ્રાઈમરી સેન્સર, 50 મેગાપિક્સલનો ટેલિફોટો લેન્સ અને 8 મેગાપિક્સલનો અલ્ટ્રા-વાઈડ લેન્સ આપવામાં આવ્યો છે.

## BHELનો નફો 156% વધીને ₹1,290 કરોડ થયો : રેવન્યુમાં 37%નો ગ્રોથ, રોકાણકારોને દરેક શેર પર ₹1.40નું ડિવિડન્ડ આપવાની જાહેરાત

**નવી દિલ્હી, તા.04**

સરકારી એન્જિનિયરિંગ કંપની BHEL નો નાણાકીય વર્ષ 2026 ના ચોથા ક્વાર્ટરમાં કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 156% વધીને 1,290.47 કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. ગયા નાણાકીય વર્ષના આ જ ક્વાર્ટરમાં કંપનીને 504.45 કરોડ રૂપિયાનો નફો થયો હતો. BHELની આવક 37% વધીને 12,310.37 કરોડ રૂપિયા થઈ ગઈ. ગયા વર્ષના આ જ સમયગાળામાં કંપનીને 8,993.37 કરોડ રૂપિયા હતી. શેરધારકો માટે 1.40ના ડિવિડન્ડની પણ જાહેરાત કરવામાં આવી છે. BHEL એ આજે 4 મેના રોજ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. સરકારી એન્જિનિયરિંગ કંપની BHEL નો નાણાકીય વર્ષ 2026 ના ચોથા ક્વાર્ટરમાં કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 156% વધીને 1,290.47 કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. ગયા નાણાકીય વર્ષના આ જ ક્વાર્ટરમાં કંપનીને 504.45




કરોડ રૂપિયાનો નફો થયો હતો. BHELની આવક 37% વધીને 12,310.37 કરોડ રૂપિયા થઈ ગઈ. ગયા વર્ષના આ જ સમયગાળામાં કંપનીને 8,993.37 કરોડ રૂપિયા હતી. શેરધારકો માટે 1.40ના ડિવિડન્ડની પણ જાહેરાત કરવામાં આવી છે. BHEL એ આજે 4 મેના રોજ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે.

આખા નાણાકીય વર્ષમાં નફો 200% વધીને 1,600 કરોડ પહોંચ્યો

મહારત્ન કંપનીનો આખા વર્ષનો કુલ નફો પણ 200% વધીને 1,600.26 કરોડ રૂપિયા રહ્યો. નાણાકીય વર્ષ 2025માં આ આંકડો 533.90 કરોડ રૂપિયા હતો. તેમજ, આખા નાણાકીય વર્ષમાં આવક 19% વધીને 33,782.18 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. FY25માં તે 28339.48 કરોડ રૂપિયા રહ્યો હતો. મહારત્ન કંપનીનો આખા વર્ષનો કુલ નફો પણ 200% વધીને 1,600.26 કરોડ રૂપિયા રહ્યો. નાણાકીય વર્ષ 2025માં આ આંકડો 533.90 કરોડ રૂપિયા હતો. તેમજ, આખા નાણાકીય વર્ષમાં આવક 19% વધીને 33,782.18 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. FY25માં તે 28339.48 કરોડ રૂપિયા રહ્યો હતો.

પરિણામો પછી શેર લગભગ 7% વધીને 377 પર પહોંચ્યો

BHELનો શેર પરિણામો પછી 52 સપ્તાહની ઊંચી સપાટી 399 પર પહોંચી ગયો હતો. જોકે, હાલમાં તે થોડો નીચે આવ્યો છે અને 7% વધીને 377 પર કારોબાર કરી રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં શેરમાં 65%નો ઉછાળો આવ્યો હતો. જ્યારે 6 મહિનામાં શેર 41% વધ્યો છે.

નોલેજ પાર્ટ: 'મહારત્ન' કંપની શું હોય છે?

ભારત સરકાર જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) ને તેમની કામગીરી અને ટર્નઓવરના આધારે મહારત્ન, નવરત્ન અને મિનીરત્નનો દરજ્જો આપે છે. 'મહારત્ન' નો દરજ્જો એવી કંપનીઓને મળે છે જેમનો છેલ્લા 3 વર્ષનો સરેરાશ વાર્ષિક નેટ પ્રોફિટ 5,000 કરોડ રૂપિયાથી વધુ હોય અથવા સરેરાશ વાર્ષિક ટર્નઓવર 25,000 કરોડ રૂપિયાથી વધુ હોય. ભારત સરકાર જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) ને તેમની કામગીરી અને ટર્નઓવરના આધારે મહારત્ન, નવરત્ન અને મિનીરત્નનો દરજ્જો આપે છે. 'મહારત્ન' નો દરજ્જો એવી કંપનીઓને મળે છે જેમનો છેલ્લા 3 વર્ષનો સરેરાશ વાર્ષિક નેટ પ્રોફિટ 5,000 કરોડ રૂપિયાથી વધુ હોય અથવા સરેરાશ વાર્ષિક ટર્નઓવર 25,000 કરોડ રૂપિયાથી વધુ હોય.

## સોનું ₹2000 સસ્તું, 10 ગ્રામની કિંમત ₹1.48 લાખ : એક કિલો ચાંદી ₹4 હજાર વધીને ₹2.44 લાખ પર પહોંચી

**નવી દિલ્હી, તા.04**

આજે એટલે કે 4 મેના રોજ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,906 રૂપિયા ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. અગાઉ તેની કિંમત 10 ગ્રામ દીઠ 1.50 લાખ રૂપિયા હતી. જ્યારે ચાંદીના ભાવમાં તેજી જોવા મળી રહી છે. એક કિલો ચાંદી 3,906 રૂપિયા વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 30 એપ્રિલે તેની કિંમત 2.40 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.

આ વર્ષે સોનું 15 હજાર અને ચાંદી 14 હજાર રૂપિયા મોંઘી

2026માં સોનું અત્યાર સુધીમાં 15 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ વર્ષે ચાંદી 14 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.



જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

શેરબજારમાં હરિયાળી, સેન્સેક્સમાં 700 પોઈન્ટની તેજી:નિફ્ટીમાં 250 પોઈન્ટનો ઉછાળો, મારુતિ-અદાણી પોર્ટ્સના શેરમાં 4% સુધીનો ઉછાળો દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો વચ્ચે આજે, 4 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 750 પોઈન્ટ (0.91%)ની તેજી સાથે 77,700 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ 250 પોઈન્ટ (0.92%)ની તેજી સાથે 24,200ની સપાટીએ પહોંચી ગયો છે. આજના કારોબારમાં નિફ્ટી રિયલ્ટી સૌથી વધુ ખરીદી છે, જ્યારે નિફ્ટી આઈટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે.

## 7.50%થી ઓછા વ્યાજ દરે મળી રહી છે હોમ લોન : બેંક ઓફ ઇન્ડિયા 7.10% વ્યાજ દરે લોન આપી રહ્યું છે,

**મુંબઈ, તા.04**

હાલના દિવસોમાં જો તમે ઘર ખરીદવા માટે હોમ લોન લેવાનું વિચારી રહ્યા છો, તો તમારે દેશની મુખ્ય બેંકોના વ્યાજ દરો વિશે જાણવું જોઈએ. બેંક ઓફ ઈન્ડિયામાં હોમ લોનનો વ્યાજ દર 7.80%થી શરૂ થઈ રહ્યો છે. જ્યારે SBIના વ્યાજ દર 7.25%થી શરૂ થાય છે. આવી સ્થિતિમાં, જો તમે લોન માટે અરજી કરવા માંગો છો, તો તે પહેલાં તમારે એ જાણવું ખૂબ જ જરૂરી છે કે કઈ બેંકમાંથી લોન લેવી તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.




હોમ લોન લેતી વખતે આ 4 બાબતોનું ધ્યાન રાખો

1. પ્રી-પેમેન્ટ પેનલ્ટી વિશે ચોક્કસ માહિતી લો

ઘણી બેંકો સમય પહેલા લોન ચૂકવવા પર પેનલ્ટી લગાવે છે. આવી સ્થિતિમાં, બેંકો પાસેથી આ વિશે સંપૂર્ણ વિગતો મેળવી લો, કારણ કે સમય પહેલા લોન ચૂકવવા પર બેંકોને અપેક્ષા મુજબ ઓછું વ્યાજ મળે છે. આવી સ્થિતિમાં, તેમની તરફથી કેટલીક શરતો અને નિયમો લાગુ કરવામાં આવે છે. તેથી, હોમ લોન લેતી વખતે આ વિશે સંપૂર્ણ માહિતી મેળવી લો.

2. તમારા સિબિલ સ્કોરનું ધ્યાન રાખો

તમને હોમ લોન કયા વ્યાજ દરે મળશે તે સિબિલ સ્કોર પર પણ નિર્ભર કરે છે. સિબિલ સ્કોરથી વ્યક્તિની ક્રેડિટ હિસ્ટ્રીનો ખ્યાલ આવે છે. સિબિલ સ્કોર ઘણી ખાસ ક્રેડિટ પ્રોફાઈલિંગ કંપનીઓ દ્વારા નક્કી કરવામાં આવે છે. તેમાં એ જોવામાં આવે છે કે તમે પહેલા લોન લીધી છે કે ક્રેડિટ કાર્ડ વગેરેનો ઉપયોગ કઈ રીતે કર્યો છે. કોઈપણ વ્યક્તિનો ક્રેડિટ સ્કોર રીપેમેન્ટ હિસ્ટ્રી, ક્રેડિટ ઉપયોગનો ગુણોત્તર, હાલની લોન અને બિલના સમયસર પેમેન્ટથી નક્કી થાય છે. આ સ્કોર 300-900ની રેન્જમાં હોય છે, પરંતુ 700 કે તેથી વધુના સ્કોરને ધિરાણકર્તાઓ સારો માને છે.

3. ઑફર્સનું ધ્યાન રાખો

બેંકો સમયાંતરે લોન લેનારાઓને વધુ સારા ઑફર્સ આપે છે. આવા કિસ્સામાં, લોન લેતા પહેલાં, તમે બધી બેંકોની ઑફર્સ વિશે જાણી લો. કારણ કે ઉતાવળમાં લોન લેવી તમારા માટે ખોટું સાબિત થઈ શકે છે. લોન લેતા પહેલાં યોગ્ય રીતે તપાસ કરી લો.

4. લાંબા ગાળાની લોન EMI ઘટાડશે, પરંતુ ખિસ્સા પર ભારે પડશે

લોન લેતી વખતે લોકો ઘણીવાર EMI ઓછી રાખવા માટે લાંબો સમયગાળો (ટેન્યોર) પસંદ કરે છે. પરંતુ ધ્યાન રાખો કે સમયગાળો જેટલો લાંબો હશે, તમારે કુલ વ્યાજ તેટલું જ વધુ ચૂકવવું પડશે. તમારી નાણાકીય સ્થિતિ અને દર મહિનાની બચતને ધ્યાનમાં રાખીને સંતુલિત સમયગાળો પસંદ કરો, જેથી તમારા પર દેવાનો બોજ લાંબા સમય સુધી ન રહે.

## સેન્સેક્સ 335 પોઇન્ટ વધીને 77,269ના સ્તરે બંધ : નિફ્ટીમાં પણ 121 પોઇન્ટનો ઉછાળો, અદાણી પોર્ટ્સ-HULના શેર 5% સુધી વધ્યા




**મુંબઈ, તા.04**

દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો વચ્ચે આજે 4 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 355 પોઈન્ટ વધીને 77,269ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 121 પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો, જે 24,119ના સ્તરે બંધ થયો હતો. આજના કારોબારમાં રિયલ્ટી, મેટલ, ફાર્મા અને ઓટો ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી હતી. જ્યારે IT, સરકારી બેંકો અને મીડિયાના શેરોમાં સૌથી વધુ વેચવાલી રહી હતી. અદાણી પોર્ટ્સ અને હિન્દુસ્તાન યુનિલિવર (HUL) ના શેરોમાં 5% સુધીની તેજી જોવા મળી હતી.

નિફ્ટીના ટૉપ-5 ગેનર્સ

નોંધ: FIIs અને DIIsની ચોખ્ખી ખરીદી/વેચવાલીના આંકડા કરોડ રૂપિયામાં છે.

ગુરુવારે ભારતીય શેરબજારમાં 583 પોઈન્ટનો ઘટાડો થયો હતો

ગયા અઠવાડિયે ગુરુવાર, 30 એપ્રિલના રોજ સેન્સેક્સમાં 583 પોઈન્ટ (0.75%) નો ઘટાડો જોવા મળ્યો હતો અને તે 76,913ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 180 પોઈન્ટ (0.74%)નો ઘટાડો રહ્યો હતો, જે 23,998ની સપાટીએ બંધ થયો હતો. તે દિવસે કારોબારમાં IT ક્ષેત્રમાં સૌથી વધુ ખરીદી જોવા મળી હતી, જ્યારે મેટલ અને સરકારી બેંકોના શેરોમાં સૌથી વધુ વેચવાલી રહી હતી. ગયા અઠવાડિયે ગુરુવાર, 30 એપ્રિલના રોજ સેન્સેક્સમાં 583 પોઈન્ટ (0.75%) નો ઘટાડો જોવા મળ્યો હતો અને તે 76,913ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 180 પોઈન્ટ (0.74%)નો ઘટાડો રહ્યો હતો, જે 23,998ની સપાટીએ બંધ થયો હતો. તે દિવસે કારોબારમાં IT ક્ષેત્રમાં સૌથી વધુ ખરીદી જોવા મળી હતી, જ્યારે મેટલ અને સરકારી બેંકોના શેરોમાં સૌથી વધુ વેચવાલી રહી હતી.

# ગાંધીનગર જિલ્લાનું ધો-12 સાયન્સનું 82.82% પરિણામ : 43 વિદ્યાર્થીઓને A1 ગ્રેડ; સામાન્ય પ્રવાહનું 93.88 % પરિણામ, 181 વિદ્યાર્થીને A 1 ગ્રેડ મળ્યો

**ગાંધીનગર, તા.04**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - 12 વિજ્ઞાન પ્રવાહનું રાજ્યનું 84.33 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું 82.82 ટકા પરિણામ જાહેર કરાયું છે. જીલ્લામાં 4 હજાર 504 વિદ્યાર્થીઓમાંથી 4 હજાર 493 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સાયન્સની પરીક્ષા આપી હતી. જેમાં A - 1 ગ્રેડ માત્ર 43 વિદ્યાર્થીઓ જ હાંસલ કર્યો છે.

ગાંધીનગર જિલ્લાનું 93.88 ટકા પરિણામ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - 12 સામાન્ય પ્રવાહનું રાજ્યનું 92.71 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું 93.88 ટકા પરિણામ જાહેર કરાયું છે. જિલ્લામાં 13 હજાર 646 વિદ્યાર્થીઓ પૈકી 13 હજાર 600 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી.જેમાં A - 1 ગ્રેડ 181 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સત્તાવાર રીતે ધોરણ - 12 સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં ધો. 12 સામાન્ય પ્રવાહનું પરિણામ 92.71 ટકા જાહેર થયું છે. જ્યારે ગાંધીનગર જિલ્લાનું 93.88 ટકા પરિણામ આવ્યું છે.

A - 1 ગ્રેડ 181 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો

ગાંધીનગર જીલ્લામાં 13 હજાર 646 વિદ્યાર્થીઓમાંથી 13 હજાર 600 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં A - 1 ગ્રેડ 181 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. જ્યારે A2- 1107, B1-2122, B2-2880, C1-3418, C2-2498, D-546 તેમજ E1-15 વિદ્યાર્થીઓએ ગ્રેડ હાંસલ કર્યો છે. જ્યારે ઈમ્પ્રૂવમેન્ટ જરૂરિયાત વાળા (NI) 879 વિદ્યાર્થીઓ છે. આમ ઓવરઓલ ગાંધીનગર જિલ્લાનું 93.88 ટકા પરિણામ આવ્યું છે.

91.99 ટકા પરિણામ આવ્યું

બીજી તરફ ગાંધીનગર જિલ્લાના કેન્દ્રોની ઉપર નજર કરીએ ગાંધીનગર ઉત્તર કેન્દ્રમાં 2408 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 2215, NI - 199 મળીને 91.99 ટકા પરિણામ આવ્યું છે. કલોલ કેન્દ્રમાં 1754 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 1603, NI - 157 મળીને 91.39 % પરિણામ કલોલ કેન્દ્રનું રહ્યું છે. જ્યારે માણસા કેન્દ્રમાં 985 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 920, NI - 71 મળીને 93.40 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરાયું છે. જ્યારે દહેગામ કેન્દ્રમાં 1248 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 1189, NI - 61 મળીને 95.27 % પરિણામ આવ્યું છે. એજ રીતે ગાંધીનગર દક્ષિણ કેન્દ્રમાં 1051 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં EQC - 1000, NI - 56 મળીને 95.15 % પરિણામ જાહેર થયું છે.

સાયન્સમાં A-1 ગ્રેડ માત્ર 43 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સત્તાવાર રીતે ધોરણ - 12 સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહનું એકસાથે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ 12ની બોર્ડની પરીક્ષા ફેબ્રુઆરી માર્ચ દરમ્યાન યોજવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં 4504 વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા. જેની સામે 4493 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી A-1 ગ્રેડ માત્ર 43 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. જ્યારે A2- 423, B1-750, B2-839, C1-890, C2-650, D-125 તેમજ E1-1 વિદ્યાર્થીઓએ ગ્રેડ હાંસલ કર્યો છે. જ્યારે ઈમ્પ્રૂવમેન્ટ જરૂરિયાત વાળા (NI) 783 વિદ્યાર્થીઓ છે. આમ ઓવરઓલ ગાંધીનગર જિલ્લાનું 82.82 ટકા પરિણામ આવ્યું છે.

## પારડીમાં ધોળા દિવસે ઘરફોડ ચોરી કરનાર તસ્કર ઝડપાયો : ગણતરીના કલાકોમાં પોલીસે રીઢા ગુનેગારને ઝડપી રૂ. 7.84 લાખનો મુદ્દામાલ જપ્ત

**વલસાડ, તા.04**



વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઓરવાડ ગામમાં ધોળા દિવસે થયેલી ઘરફોડ ચોરીનો ભેદ વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચે (LCB) ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે રૂ. 7.84 લાખથી વધુના સોના-ચાંદીના દાગીના અને રોકડ સાથે એક રીઢા ગુનેગારની ધરપકડ કરી છે. ગત 1 મે, 2026ના રોજ પારડીના ઓરવાડ ગામે આવેલી સાંઈ રેસીડેન્સીમાં એક બંધ ઘરને નિશાન બનાવવામાં આવ્યું હતું. અજાણ્યા તસ્કરે દિવસના સમયે ઘરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને બેડરૂમના કબાટનું લોકર તોડી સોનાના દાગીના સહિત આશરે રૂ. 1.80 લાખની મત્તાની ચોરી કરી હતી. આ અંગે પારડી પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ 331(3) અને 305(એ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ SP યુવરાજસિંહ જાડેજાની સૂચનાથી LCB PI એ યુ રોજના નેતૃત્વમાં અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આજુબાજુના CCTV ફૂટેજ મેળવી ટેકનિકલ એનાલીસીસ હાથ ધર્યું હતું. બાતમીદાર તરફથી મળેલી ચોક્કસ માહિતીના આધારે પોલીસે વાપીના છીરી વિસ્તારમાંથી જય લલીત વાઘેલા (ઉંમર 22) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. આરોપી બનાસકાંઠાનો રહેવાસી છે. પોલીસે આરોપી પાસેથી ચોરીમાં ગયેલો કુલ રૂ. 7,84,342નો મુદ્દામાલ રિકવર કર્યો છે. જેમાં 55.09 ગ્રામ સોનાના દાગીના (કિંમત 7,30,863), 221.17 ગ્રામ ચાંદીના દાગીના/સિક્કા (કિંમત 48,479), 5,000 રોકડ રકમ અને ચોરીમાં વપરાયેલ લોખંડનો સળીયો સામેલ છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલો આરોપી જય વાઘેલા રીઢો તસ્કર છે. તેની વિરુદ્ધ અગાઉ પણ ડુંગરા (2025), ભિલાડ (2025), ઉમરગામ (2025) અને સુરત શહેરના સચીન પોલીસ સ્ટેશન (2026) માં ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

## વલસાડમાં ધોરણ-12નું ઉત્તમ પરિણામ : વિજ્ઞાન પ્રવાહમાં 74.51%, સામાન્ય પ્રવાહમાં 90.39% વિદ્યાર્થીઓ પાસ

**વલસાડ, તા.04**



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધોરણ-12ના પરિણામોમાં વલસાડ જિલ્લાએ નોંધપાત્ર સફળતા મેળવી છે. વિજ્ઞાન અને સામાન્ય બંને પ્રવાહના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાનું કુલ પરિણામ 74.51% નોંધાયું છે. કુલ 4,119 નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી 3,228 વિદ્યાર્થીઓ સફળ રહ્યા હતા. આ પ્રવાહમાં 33 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સામાન્ય પ્રવાહમાં વલસાડ જિલ્લાનું પરિણામ વધુ પ્રભાવશાળી રહ્યું છે, જેમાં 90.39% વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. કુલ 11,614 નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી 11,580 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા, અને તેમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. ગ્રેડવાઈઝ વિશ્લેષણ દર્શાવે છે કે બંને પ્રવાહમાં A1, A2 અને B ગ્રેડમાં વિદ્યાર્થીઓની નોંધપાત્ર સંખ્યા છે, જે જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણનું પ્રતિક છે. ખાસ કરીને, સામાન્ય પ્રવાહમાં 50 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. પરિણામ જાહેર થતાં જ વલસાડ, વાપી અને પારડી સહિત જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. શાળાઓમાં વિદ્યાર્થીઓએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચીને ઉજવણી કરી હતી, જ્યારે વાલીઓએ પણ પોતાના સંતાનોની સફળતા પર ગર્વ અનુભવ્યો હતો. આમ, ધોરણ-12ના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના આ ઉત્તમ પરિણામો દર્શાવે છે કે વલસાડ જિલ્લો શિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યો છે. આગામી વર્ષોમાં પણ વધુ સારા પરિણામોની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## 'આયુષ્માન આરોગ્ય મંદિર' સાથે હવે જન આરોગ્ય સમિતિનું ગઠન ફરજિયાત : સ્થાનિક સ્વરાજ સંસ્થાના વોર્ડ સભ્યને અધ્યક્ષ બનાવાશે, બિન-સરકારી સભ્યોનો કાર્યકાળ 2 વર્ષનો રહેશે

**ગાંધીનગર, તા.04**



ગુજરાતમાં આરોગ્ય સેવાઓને વધુ સશક્ત અને લોકો સુધી સરળતાથી પહોંચાડવા રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જાહેરાત કરી છે કે, આયુષ્માન ભારત યોજનાના અંતર્ગત શહેરી વિસ્તારોમાં કાર્યરત 'આયુષ્માન ભારત શહેરી આરોગ્ય કેન્દ્રો'ને હવે 'શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર' તરીકે ઓળખ આપવામાં આવી છે. સાથે સાથે આ કેન્દ્રોમાં જન ભાગીદારી વધારવા 'જન આરોગ્ય સમિતિ'નું ગઠન અને હાલની રોગી કલ્યાણ સમિતિનું રી-સ્ટ્રક્ચરિંગ કરવામાં આવશે.

દર 25 હજાર વસ્તી દીઠ એક આરોગ્ય મંદિર

મંત્રીએ જણાવ્યું કે, આ આરોગ્ય મંદિરો હવે માત્ર સારવાર પૂરતી સીમિત નહીં રહે, પરંતુ Preventive, Curative, Promotive, Rehabilitative અને Palliative care જેવી સર્વગ્રાહી આરોગ્ય સેવાઓ પૂરી પાડશે. વર્ષ 2021થી રાજ્યમાં દર 20થી 25 હજાર વસ્તી દીઠ એક શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત કરવામાં આવ્યું છે, જે આરોગ્ય સુરક્ષાને મજબૂત બનાવે છે.

સ્થાનિક સ્વરાજ સંસ્થાના વોર્ડ સભ્યને અધ્યક્ષ બનાવાશે

જન આરોગ્ય સમિતિના માળખામાં સ્થાનિક સ્વરાજ સંસ્થાના વોર્ડ સભ્યને અધ્યક્ષ અને ઈન્ચાર્જ મેડિકલ ઓફિસરને સભ્ય સચિવ બનાવવામાં આવશે. સમિતિને વધુ સક્ષમ બનાવવા માટે UPHC સ્તરે દર વર્ષે રૂ. 1.75 લાખ અને UAAM સ્તરે રૂ. 1 લાખનો અનટાઈડ ફંડ ફાળવવામાં આવ્યો છે.

50 ટકા મહિલા પ્રતિનિધિત્વ ફરજિયાત

ખાસ વાત એ છે કે સમિતિમાં ઓછામાં ઓછું 50 ટકા મહિલા પ્રતિનિધિત્વ ફરજિયાત રાખવામાં આવ્યું છે, જેથી માતા અને બાળકના આરોગ્ય મુદ્દાઓને પ્રાથમિકતા મળે. સાથે જ SC/ST, લઘુમતી, મહિલા સ્વસહાય જૂથો, રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન અને શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓને પણ સ્થાન આપવામાં આવશે. TB ચેમ્પિયન, કેન્સર સર્વાઈવર, દિવ્યાંગ અને ટ્રાન્સજેન્ડર સમુદાયને ખાસ આમંત્રિત તરીકે જોડવામાં આવશે.

બિન-સરકારી સભ્યોનો કાર્યકાળ 2 વર્ષનો રહેશે

દર મહિને સમિતિની બેઠક યોજાશે અને તમામ નિર્ણયોનો વિગતવાર રેકોર્ડ રાખવામાં આવશે. બિન-સરકારી સભ્યોનો કાર્યકાળ 2 વર્ષનો રહેશે. સરકારનો વિશ્વાસ છે કે આ નવી વ્યવસ્થા દ્વારા સ્થાનિક આરોગ્ય સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવશે અને આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

## જૂનાગઢ મનપાની વસ્તી ગણતરીમાં મોટી બેદરકારી : ખાનગી શિક્ષકોને ગણતરીદાર બનાવતા વિવાદ, નિયમોની અવગણના સામે સવાલો

**જૂનાગઢ, તા.04**

આગામી 2026ની વસ્તી ગણતરીને લઈને જૂનાગઢ મહાનગરપાલિકાની કામગીરી પર શરૂઆતથી જ સવાલો ઊભા થયા છે. વસ્તી ગણતરી કચેરીના નાયબ નિયામક દ્વારા જારી કરાયેલા પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ મહત્વપૂર્ણ કામગીરી માટે માત્ર સરકારી કર્મચારીઓને જ નિયુક્ત કરવાના રહેશે. છતાં, મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા બહાર પાડવામાં આવેલા ગણતરીદાર અને સુપરવાઈઝર નિમણૂકના આદેશમાં અનેક ખાનગી શાળાના શિક્ષકોને પણ સામેલ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. કામગીરી પર તંત્રનું સીધું નિયંત્રણ ન હોવાથી વસ્તી ગણતરીમાં ગડબડ થવાની સંભાવના, આ નિર્ણયને લઈને તંત્રની કામગીરી પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભા થયા છે. ખાનગી ક્ષેત્રમાં કાર્યરત શિક્ષકો ગમે ત્યારે નોકરી છોડી શકે છે અથવા તેમની કામગીરી પર તંત્રનું સીધું નિયંત્રણ ન હોવાથી વસ્તી ગણતરી જેવી સંવેદનશીલ પ્રક્રિયામાં ગડબડ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિમાં જો કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ ન થાય તો તેની જવાબદારી કોણ લેશે એવો સવાલ પણ ઉઠી રહ્યો છે. માત્ર સરકારી કર્મચારીઓની જ નિમણૂક કરવાની માંગ પણ ઉઠાવી,

# સુરેન્દ્રનગર જિલ્લો 92.27% પરિણામ સાથે રાજ્યમાં અગ્રેસર : ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહનું પરિણામ જાહેર

**સુરેન્દ્રનગર તા.04**



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-2024માં લેવાયેલ ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યનું સરેરાશ પરિણામ 84.33 ટકા નોંધાયું છે, જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાએ 92.27 ટકા સાથે નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. આ પરિણામ રાજ્યના સરેરાશ કરતાં 7.94 ટકા વધુ છે, જે જિલ્લાની શૈક્ષણિક ગુણવત્તા દર્શાવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં કુલ 1192 નિયમિત ઉમેદવારો નોંધાયા હતા. તેમાંથી 1190 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પરીક્ષાર્થીઓ પૈકી કુલ 1098 વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે, જ્યારે 94 વિદ્યાર્થીઓને પરિણામ સુધારણાની જરૂરિયાત જણાઈ છે. કેન્દ્રવાર પરિણામો જોઈએ તો, જિલ્લાના મુખ્ય મથક સુરેન્દ્રનગર કેન્દ્રમાં 1022 ઉમેદવારો નોંધાયા હતા, જેમાંથી 1021 વિદ્યાર્થીઓ હાજર રહ્યા અને 952 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા. આ કેન્દ્રનું પરિણામ 93.24 ટકા નોંધાયું છે. ધ્રાંગધ્રા કેન્દ્રએ 96.34 ટકા પરિણામ સાથે જિલ્લામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, જ્યાં 82માંથી 79 વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. ગ્રેડવાર પરિણામની વિગતો મુજબ, સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ 20 વિદ્યાર્થીઓએ 'A1' ગ્રેડ મેળવી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત, 185 વિદ્યાર્થીઓએ 'A2' ગ્રેડ, 237 વિદ્યાર્થીઓએ 'B1', 256 વિદ્યાર્થીઓએ 'B2', 221 વિદ્યાર્થીઓએ 'C1', 158 વિદ્યાર્થીઓએ 'C2' અને 21 વિદ્યાર્થીઓએ 'D' ગ્રેડ મેળવ્યો છે. કુલ 205 વિદ્યાર્થીઓએ 'A1' અને 'A2' ગ્રેડ મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. રાજ્યવ્યાપી પ્રદર્શનની દ્રષ્ટિએ સુરેન્દ્રનગર જિલ્લો ગુજરાતના અગ્રણી જિલ્લાઓમાં સ્થાન પામ્યો છે. 92.27 ટકા જેવી ઊંચી સફળતાની ટકાવારી દર્શાવે છે કે જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ માટેની સુવિધાઓ અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ મજબૂત બની રહ્યા છે. જિલ્લાની આ ઝળહળતી સફળતા પાછળ શાળા સંચાલકો, કર્મનિષ્ઠ શિક્ષકો અને વાલીઓનો સહિયારો પુરુષાર્થ રહેલો છે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પરીક્ષા પ્રક્રિયા દરમિયાન કરવામાં આવેલ સચોટ આયોજન, ડિજિટલ મોનીટરીંગ અને CCTV સુરક્ષા વ્યવસ્થા જેવી ટેકનોલોજીના ઉપયોગથી સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને તણાવમુક્ત બની હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લાના વિવિધ કેન્દ્રો પરથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓનું વિશ્લેષણ અને રાજ્ય સ્તરના પરિણામની સરખામણી પણ કરવામાં આવી છે. સુરેન્દ્રનગર કેન્દ્રમાં કુલ 888 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 794 ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 89.41% નોંધાયું છે, જે જિલ્લામાં સૌથી વધુ છે.ધ્રાંગધ્રા કેન્દ્રમાં 286 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમાંથી 241 ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 84.27% રહ્યું છે. લીંબડી કેન્દ્રમાં 186 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 128 ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 68.82% નોંધાયું છે.

વઢવાણ કેન્દ્રમાં સૌથી વધુ 1,326 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 1,144 ઉત્તીર્ણ થયા છે. આ કેન્દ્રનું પરિણામ 86.27% રહ્યું છે.

સમગ્ર રાજ્યના સ્તરે, ગુજરાતી માધ્યમ (જેમાં મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે) અને અંગ્રેજી માધ્યમના પરિણામની ટકાવારી પણ જાહેર કરવામાં આવી છે. ગુજરાતી માધ્યમનું પરિણામ 84.32% અને અંગ્રેજી માધ્યમનું પરિણામ 85.13% રહ્યું છે.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**


## પતિની નજર સામે જ કારચાલકે પત્નીને કચડી નાખી : રાજસ્થાનથી ગાંધીનગર રોજીરોટી માટે આવેલા દંપતીની જિંદગી વેરાઈ

**ગાંધીનગર, તા.04**

ગાંધીનગરના સરગાસણ બ્રિજ પાસે ગઈકાલે રવિવારની રાત્રિએ વધુ એક હિટ એન્ડ રનની ઘટના ઘટી છે. રોજીરોટીની શોધમાં રાજસ્થાનથી ગાંધીનગર આવેલું દંપતિ રોડ ક્રોસ કરી રહ્યા હતું. એ વખતે પૂરઝડપે અજાણી ફોરવ્હીલ ગાડીના ચાલકે રોડ ઓળંગી રહેલા મહિલાને અડફેટે લઈને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં પતિની નજર સામે જ પત્નીનું કમકમાટીભર્યું મોત નિપજતા સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ચડલા ગામના વતની રાજુભાઈ બાપુલાલ કટારા ગઈકાલે રવિવારે સવારે 6 વાગ્યે તેમની પત્ની કમલાબેન સાથે મજૂરી કામ અર્થે ગાંધીનગર આવવા નીકળ્યા હતા. તેઓ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલી ડીવાઈન સંધ્યા સાઈટ પર ચણતર કામ માટે આવ્યા હતા. બાદમાં રાત્રિના સમયે વૈષ્ણોદેવીથી રીક્ષામાં બેસી તેઓ સરગાસણ ચોકડી ઉતર્યા હતા અને ત્યાંથી ચાલતા પોતાની કામની જગ્યાએ જવા રવાના થયા હતા.એ વખતે દંપતી સરગાસણ બ્રિજના છેડે હાઈ-વે રોડ ક્રોસ કરી રહ્યું હતું ત્યારે રાજુભાઈ હાઈ-વે ઓળંગીને આગળ નીકળી ગયા હતા, જ્યારે કમલાબેન માથા પર ઘઉંનો કોથળો ઉપાડીને પાછળ જઈ રહ્યા હતા.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

सत्यमेव जयते



રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત મે-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા (ફોર્ટિફાઈડ) | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા (ફોર્ટિફાઈડ) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

મે-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.